શ્રી

## પંચ મંગલ મહાશ્રુત સ્કંધ

# શ્રી નમસ્કાર મહામંત્ર




# શ્રીનમસ્કાર મહામંત્ર નું અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન

— મુનિરાજ શ્રી અરુણવિજય મ.

## 卐 શ્રી નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ 卐

પ્રવચન ૧ — અષાઢ સુદ ૧૦

રવિવાર — તા. ૨૪-૭-૮૮

[૧]

પ્રવચન-૧ રવિવાર તા. ૨૪/૭/૮૮

# શ્રી નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ

નમસ્કરણીય.... વંદનીય.... પૂજનીય.... સ્મરણીય.... આદરણીય.... પરમપિતા પરમાત્મા મહાવીરપ્રભુના ચરણારવિન્દમાં અનન્તશઃ નમસ્કાર પૂર્વક........

जे णं एस पंचमंगलमहासुयक्खंधे से णं सयलागमंतरोववत्ती तिल तेल कमल मयरंदव्व सव्वलोए पंचत्थिकायमिव......।

श्री महानिशीथ सूत्र आगम

—જેમ તલમાં તેલ, કમલમાં મકરંદ, અથવા સર્વલોકમાં પંચાસ્તિકાય વ્યાપ્ત છે તેમ આ "પંચમંગલમહાશ્રુતસ્કંધ" (નવકાર) સકલ આગમોમાં વ્યાપ્ત છે.

શ્રી નમસ્કાર મહામંત્ર સમસ્ત લોકમાં–જગતમાં કેટલો અને કેવી રીતે વ્યાપ્ત છે? તેની ઉપમાઓ આપવા દ્વારા "શ્રી મહાનિશીથ" નામના છેદસૂત્ર આગમમાં ઉપરોક્ત વાત કરી છે. તલમાં જેમ તેલ સર્વાંશે વ્યાપ્ત છે, કમલના પુષ્પમાં સુગંધ જેમ સર્વત્ર વ્યાપ્ત છે, અને કદાચ આ ઉપમાઓ નાની પડતી હશે એટલે અન્તમાં મોટી વિશાલ ઉપમા આપતા એમ કહ્યું કે ચૌદરાજલોકના સર્વલોકમાં પંચાસ્તિકાયરૂપ પદાર્થો જેમ સર્વત્ર સર્વક્ષેત્રે વ્યાપ્ત છે, અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, તથા જીવાસ્તિકાય આદિ આ પંચાસ્તિકાય પદાર્થો જેમ સમસ્ત ચૌદરાજલોકના ખૂણે-ખૂણે સર્વત્ર વ્યાપ્ત છે. તેમ આ "પંચમંગલ મહાશ્રુતસ્કંધ" સ્વરૂપ નવકાર

મહામંત્ર સર્વ આગમોમાં સર્વત્ર વ્યાપ્ત છે.

**એ છે ચૌદપૂર્વનો સાર......**


"સમરો મંત્ર" ના મહિમાસ્તોત્રમાં આ પંક્તિમાં "એ છે ચૌદ પૂર્વનો સાર" કહ્યો છે. "પૂર્વ" એટલે પહેલાં કે, ભૂતકાળ વાંચી અન્ય અર્થો અહીંયા અભિપ્રેત નથી. પૂર્વ એ જૈન ધર્મમાં આગમ ગ્રંથો ને આપવામાં આવેલું નામ કે સંજ્ઞા છે. અમુક પ્રમાણુ શ્યાહીથી લખાયેલ વિશાળકાય ગ્રંથને એક "પૂર્વ" ની સંજ્ઞા આપવામાં આવી છે. જગપ્રસિદ્ધ "શ્રી કલ્પસૂત્ર" નામક મહાપવિત્ર જિનાગમમાં ૧૪ પૂર્વનું વર્ણન કરતાં જણાવ્યું છે કે.... કલ્પના કરી માનસચિત્ર ઉપસાવતા પૂર્વ ગ્રંથોની વિશાળતા સમજાવતાં જણાવે છે કે.... હાથીના વજન પ્રમાણુશ્યાહીથી જેટલું લખવામાં આવે તે લેખિત ગ્રંથને 'પૂર્વ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. માપ અને પ્રમાણુની સમજ ખાતર હાથીની ઉપમા લીધી છે.

આપણો રોજીન્દો અનુભવ કહે છે કે એક શ્યાહીના ખડીયામાંથી કેટલા પાના લખાય છે? અને શ્યાહીના મોટા બાટલામાંથી કેટલા પાના લખાય છે? જ્યારે આ તો તેટલી શ્યાહીથી જેટલું લખાય તેને "પૂર્વ" ની સંજ્ઞા જૈન ધર્મમાં આપવામાં આવે છે. આથી સમજી શકાય છે કે "પૂર્વગ્રન્થો" કેટલા વિશાળકાય ગ્રન્થો હતા? એમાં એક હાથી પ્રમાણુ શ્યાહીથી લખાયેલ ગ્રન્થને પહેલું પૂર્વ કહેવામાં આવ્યું છે. અને પછી પછીના ડબલ-ડબલ હાથીની સંખ્યા પ્રમાણુ શ્યાહીથી લખાયેલ પૂર્વો છે. એવા ચૌદ પૂર્વો છે. તે ૧૪ પૂર્વોના નામો અને હાથીનું પ્રમાણુ આ રીતે છે—

| ૧૪ પૂર્વના નામો | હાથીનું પ્રમાણુ શ્યાહી |
|---|---|
| ૧ ઉત્પાદપૂર્વ– | ૧ હાથી પ્રમાણુ શ્યાહીથી લખાયેલ |
| ૨ અગ્રાયણીય પૂર્વ– | ૨ ,, ,, ,, ,, |
| ૩ વીર્યપ્રવાદપૂર્વ– | ૪ ,, ,, ,, ,, |
| ૪ અસ્તિપ્રવાદ પૂર્વ– | ૮ ,, ,, ,, ,, |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | જ્ઞાનપ્રવાદ પૂર્વ- | ૧૬ | " | " | " | " |
| ૬ | સત્યપ્રવાદ પૂર્વ- | ૩૨ | " | " | " | " |
| ૭ | આત્મપ્રવાદ પૂર્વ- | ૬૪ | " | " | " | " |
| ૮ | કર્મપ્રવાદ પૂર્વ- | ૧૨૮ | " | " | " | " |
| ૯ | પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ- | ૨૫૬ | " | " | " | " |
| ૧૦ | વિદ્યા પ્રવાદ પૂર્વ- | ૫૧૨ | " | " | " | " |
| ૧૧ | કલ્યાણ પૂર્વ- | ૧૦૨૪ | " | " | " | " |
| ૧૨ | પ્રાણાવાય પૂર્વ- | ૨૦૪૮ | " | " | " | " |
| ૧૩ | ક્રિયા વિશાલ પૂર્વ- | ૪૦૯૬ | " | " | " | " |
| ૧૪ | લોકબિન્દુસાર પૂર્વ- | ૮૧૯૨ | " | " | " | " |

કુલ ચૌદ પૂર્વો ૧૬૩૮૩ આટલા હાથી પ્રમાણ શ્યાહીના ઢગલાથી લખાયેલા વિશાળકાય ગ્રન્થો કહેવાય.





આટલા વિશાળકાય ચૌદપૂર્વોરૂપ ગ્રન્થો એ જૈન ધર્મના શ્રુતજ્ઞાન ક્ષેત્રે ચરમકક્ષાના ગ્રન્થો છે. દ્વાદશાંગી આદિ સમસ્ત શ્રુતજ્ઞાન

પૂર્વમાં હતું. પરન્તુ ક્રમભાગ્યે કાલાન્તરે 'પૂર્વો' સંપૂર્ણપણે સર્વથા વિચ્છેદ થયા. કાલિક ભવિતવ્યતાજ આમાં પ્રબલ કારણ છે. આમે પાંચમો આરો, હુંડા અવસર્પીણીનો ઉતરતો કાળ અને પાછું તેમાં પણ કલિકાળ ! આવા કપરા કાળમાં આવા ઉત્કૃષ્ટ કક્ષાના પૂર્વગ્રન્થો વિચ્છેદ થાય એ અજુગતું નથી લાગતું ? કાલાન્તરે પૂર્વોના વિચ્છેદ થયા પછી આજે અઢી હજાર વર્ષ પછી આપણી પાસે માત્ર ૪૫ આગમો જ શેષ બચવા પામ્યા છે. વર્તમાન કાળે શ્રુતજ્ઞાનક્ષેત્રે જૈન સંઘ પાસે ૪૫ આગમોની આ મૂડી એ જ સર્વશ્રેષ્ઠ અને સર્વોત્કૃષ્ટ મોટામાં મોટી મૂડી છે.

એવા જે પૂર્વો છે તે સમસ્ત પૂર્વોના દોહન–મન્થનરૂપે તેમાંથી સારભૂત પદાર્થ તે નવકાર મહામંત્ર છે. જેમ છાશનું વલોણું કરવામાં આવે અને સારભૂત તત્ત્વ તરીકે માખણ કાઢવામાં આવે છે. તે જ પ્રમાણે ચૌદપૂર્વોરૂપી સમસ્ત શ્રુતજ્ઞાન–શાસ્ત્રોનું વલોણું–મન્થન કરવામાં આવે અને તેમાંથી સારભૂત પદાર્થ જો કોઈ "નિકળતું હોય કે નિકળ્યું હોય તે માખણરૂપ નવનીત છે તેને "નવકાર મહામંત્ર" કહેવામાં આવેલ છે.

એટલા માટે મહાનિશીથ નામક આગમ ગ્રન્થના ઉપર મૂકેલા પ્રથમ શ્લોકમાં "सयलागमंतरोववत्ती" આ શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત્ સકલ આગમોમાં વ્યાપ્ત છે એમ કહ્યું છે. તેમાં પણ કેવી રીતે વ્યાપ્ત છે ? તે બતાવવા ત્રણ ઉપમાઓ અલગ રીતે આપી છે. જેમ તલમાં સર્વત્ર સર્વ પ્રદેશે તેલ વ્યાપ્ત છે તેમ, અને કમલના પુષ્પમાં જેમ સર્વ પ્રદેશે સુગંધ મકરંદ વ્યાપ્ત છે તેમ, અને એમાં પણ કદાચ ઉણપ કે કમી હોય તો અન્તિમ ઉપમા એવી આપી દીધી કે કંઈ બાકી જ ન રહે. અને તે એ પ્રમાણે છે–જેમ ચૌદ રાજલોકના ક્ષેત્રમાં પંચાસ્તિકાય પદાર્થો છે જેવી રીતે સર્વ પ્રદેશે–સમસ્ત ક્ષેત્રે વ્યાપ્ત છે તે. પ્રમાણે નવકાર મહામંત્ર ચૌદે પૂર્વો અને સર્વાગમોમાં વ્યાપ્ત છે. એ રીતે જૈન ધર્મમાં નવકાર મહામંત્રને માખણની જેમ સારભૂત ગણવામાં આવ્યો છે.

पंचास्तिकाय युक्त समस्त लोक




**નવકારની જ્ઞાનસ્વરૂપ સિદ્ધિ:**

છાશનું વલોણું થાય છે. પાણીનું વલોણું થતું નથી. પાણી વલોવ્યે માખણુ નથી નિકળતું પરન્તુ છાશ વલોવ્યે જ માખણુ નિકળે છે. એ જ પ્રમાણે નવકાર મહામંત્ર કોના વલોણામાંથી નિકળ્યું છે? મંત્રશાસ્ત્રના વલોણામાંથી નથી નિકળ્યું. એ તો આગમ–અને પૂર્વ શાસ્ત્રોના વલોણાનું ફળ છે. આગમો અને પૂર્વો એ તો સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવન્તની વાણી છે. સીધો ઉપદેશ છે. અને એના સાર રૂપે નવકાર છે. અને આગમો–તથા પૂર્વો શ્રુતજ્ઞાન સ્વરૂપે છે. પાંચ

જ્ઞાનમાં શ્રુતજ્ઞાન પણ પોતાનું આગવું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અને તે શ્રુતજ્ઞાનના વિશાળકાય ગ્રન્થો પૂર્વ અને આગમ સ્વરૂપે છે. અને તેના સારરૂપે નવકાર મહામંત્ર છે. તેથી સર્વપ્રથમ નવકાર મહામંત્રની જ્ઞાનાત્મકતા અને તેમાં પણ શ્રુતજ્ઞાનાત્મકતા સિદ્ધ થાય છે. એટલે એટલું તો ચોક્કસ કહી શકાય છે કે નવકારે મહામંત્રને મંત્રશાસ્ત્રનો સાર નથી કહ્યો જો કે નવકાર મંત્ર સ્વરૂપે છે· મંત્રાત્મક તેનું સ્વરૂપ હોવા છતા પણ નવકારને મંત્રશાસ્ત્રનું સાર કહીને શ્રેષ્ઠ મંત્રનો દરજ્જો આપવામાં નથી આવ્યો પરન્તુ તેથી પણ આગળ વધીને નવકાર મહામંત્રને શ્રુતજ્ઞાનના ચૌદ પૂર્વોનો સાર કહીને જ્ઞાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. અને આ જ દૃષ્ટિકોણ ઉંચો દૃષ્ટિકોણ છે. એમાંજ નવકારનો મહિમા શ્રેષ્ઠતા સર્વોચ્ચતા સચવાઈ છે.

નહીંતર....સર્વમંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર તરીકે નવકારનું સ્થાન આપવા છતા પણ મંત્રશાસ્ત્રનું સાર નથી કહ્યું. હા. મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર, મંત્રોમાં મહામંત્રની વાત કરી પરન્તુ મંત્રોનું કે મંત્રશાસ્ત્રનો સાર ન કહેતા "ચૌદ પૂર્વોનો સાર કહ્યો તેથી એક વિશેષતા તો એ સિદ્ધ થાય છે કે.... નવકાર માત્ર મંત્ર સ્વરૂપે નથી પરન્તુ જ્ઞાન સ્વરૂપે છે. નવકારની વિશેષતા જ્ઞાનસ્વરૂપતામાં છે. નવકારની મહાનતા જ્ઞાનસ્વરૂપતામાં છે. મંત્રસ્વરૂપતામાં નથી. કદાચ તમને જાણીને આશ્ચર્ય થશે કે... મોટા ભાગના મંત્રોમાં જ્ઞાનસ્વરૂપતા નથી હોતી. ઘણાં મંત્રો મંત્રાત્મક હોય છે. તેનું મંત્રસ્થાન કે મંત્રસ્વરૂપ જ કામનું હોય છે. ઘણાં સેંકડો મંત્રો એવા પણ હોય છે કે જેનો કોઈ અર્થ નથી હોતો, અર્થ નથી નિકળતો પરન્તુ સાધના કરવામાં આવે તો ઈષ્ટ સિદ્ધિ આપે છે. અને તે ઈષ્ટ સિદ્ધિ એટલે રોગનિવૃત્તિ, દુઃખ નિવૃત્તિ, કાર્યસિદ્ધિ અથવા મનોરથસિદ્ધિ સ્વરૂપ હોય છે. જ્યારે નવકારને મંત્ર કહ્યું હોવા છતા પણ તેનું કાર્ય માત્ર આટલુ જ સીમિત નથી. નવકાર માત્ર મંત્ર સ્વરૂપે જ નથી. મંત્રાત્મક જ છે એમ નથી, નવકાર પહેલા જ્ઞાનાત્મક–જ્ઞાનસ્વરૂપે છે પછી મંત્રસ્વરૂપે છે. નવકારનું અર્થ ગાંભીર્ય ઘણું

ગજબનું છે. અર્થ મહાન છે. એટલે અર્થની મહાનતા અને વિશાળતાના આધારે પણ નવકાર મહામંત્રની મહાનતા સિદ્ધ થાય છે. આ દૃષ્ટિકોણ પણ ઘણો ઉપયોગી છે. નવકારના અર્થાદિની વિચારણા કરવામાં આવે તો અગાધ છે. મહાસમુદ્રનું ઉંડાણ માપી શકાય પણ નવકારનું ઉંડાણ માપવું અશક્યપ્રાય છે. આ ભાવને કલ્પસૂત્રકાર કલ્પમાહાત્મ્યના પ્રસંગે વર્ણન કરતા આ શબ્દોમાં રજુ કરતા જણાવે છે કે....

सव्वनईणं जा हुज्ज, वालुआ सव्वोदहीण जं उदयं ।
तत्तो अणंतगुणीओ, अत्थो इक्कस्स सुत्तस्स ॥

—બધી જ નદીઓની વેણુ–રેતી ભેગી કરીએ, અને બધા જ સમુદ્રોનું પાણી ભેગું કરીએ, અને તેથી લખવામાં આવે અને જેટલો વિસ્તાર થાય.... તેના કરતા પણ એક સૂત્રનો અર્થ અનન્ત ગુણો વધારે છે. આટલી બધી અર્થની ગંભીરતા અને વિશાળતા જોતાં અધધ.... જરૂર થઈ જવાય. પરન્તુ નવકારની મહાનતા તેના અર્થો ઉપર છે. અર્થના આધારે નવકાર જ્ઞાનસ્વરૂપાત્મક છે. માત્ર બીજા મંત્રોની જેમ મંત્રાત્મક નથી. પરન્તુ જ્ઞાનાત્મક છે.

**અપેક્ષાએ શ્રુતજ્ઞાનની મહત્તા**

પાંચ જ્ઞાનોમાં કેવળજ્ઞાન ચોક્કસપણે સર્વોત્કૃષ્ટ છે. સર્વોચ્ચ છે. એમાં બેમત નથી. પરન્તુ ઉપયોગિતા, ઉપકારિતા તથા દીર્ઘકાલિક્તા આદિની અપેક્ષાએ વિચાર કરતા શ્રુતજ્ઞાનની મહત્તા પણ ઓછી નથી આંકી શકાતી. કેવળજ્ઞાનનો કાળ સીમિત છે. જ્યારે શ્રુતજ્ઞાનનો કાળ તેના કરતા પણ વધારે છે. ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનના દરવાજા જ્યારે બંધ થઈ ગયા પછી કોઈને કેવળજ્ઞાન ન થયું. પરન્તુ શ્રુતજ્ઞાન તો ૨૧ હજાર વર્ષના પાંચમા આરાના અન્ત સુધી ચાલવાનું છે. એટલે કાલિક દૃષ્ટિએ શ્રુતજ્ઞાનની દીર્ઘકાલિકતા આ અપેક્ષાએ સિદ્ધ થાય છે. બીજી રીતે કેવળજ્ઞાન જ્યારે સીમિત કાળમાં છે ત્યારે તેની ઉપયોગિતા પણ તે તે કાળમાં જ રહેવાની છે. જ્યારે શ્રુતજ્ઞાન ૨૧ હજાર વર્ષ સુધી રહેવાનું છે

માટે તેની ઉપયોગિતા વધુ કાળ સુધી રહેવાની છે. આ દૃષ્ટિએ પણ શ્રુતજ્ઞાનની મહત્તા અપેક્ષા ભેદે જરૂર વધતી લાગે છે. અને બીજી રીતે વિચાર કરીએ તો એક વાત હજી વધારે જણાય છે કે.... કેવળજ્ઞાન કેવળી મહાત્માને થઈ જાય પણ એમને પણ પ્રરૂપણા તો શ્રુતજ્ઞાન રૂપે જ કરવી પડે છે. કેવળી માટે એમનું જ્ઞાન કેવળજ્ઞાન કહેવાશે પરન્તુ આપણા જેવા શ્રોતાઓ માટે તો તે શ્રુતજ્ઞાન સ્વરૂપે કહેવાશે. જોકે સર્વ અપેક્ષાએ પણ વિચાર કરતા કેવળજ્ઞાનની સર્વશ્રેષ્ઠતા, સર્વોત્કૃષ્ટતા, સર્વોચ્ચતા કોઈ પણ રીતે સ્હેજ પણ ઓછી થવાની નથી. કેવળજ્ઞાન જ ઊંચું છે. શ્રુતજ્ઞાનનું મૂળ ઉત્પત્તિસ્થાન તો છેવટે કેવળજ્ઞાન જ છે. પરન્તુ શ્રુતજ્ઞાન દીર્ઘજીવી-દીર્ઘકાલિકી હોવાથી વધુ ઉપયોગિતાકારક લાગે છે.

**માત્ર જ્ઞાન નહીં પણ-"વિજ્ઞાન" :**

મહામંત્ર નવકારને પણ શ્રુતજ્ઞાનાત્મક કહ્યું છે એટલે નવકાર મહામંત્રની જ્ઞાનાત્મક સિદ્ધિ એ ઘણી મોટી સિદ્ધિ છે. જ્ઞાનાત્મકતાના આધારે નવકાર મહામંત્રમાંથી એક નહીં અનેક પદાર્થોનું જ્ઞાન થશે. વિશિષ્ટ તત્ત્વોનું જ્ઞાન થશે. એટલે નવકાર મહામંત્ર માત્ર જ્ઞાનાત્મકજ નહીં પણ તત્ત્વજ્ઞાન સ્વરૂપ છે. આત્મા-પરમાત્મા-મોક્ષાદિ અનેક તત્ત્વોનું જ્ઞાન આ નવકાર મહામંત્રમાંથી થાય છે. અને હજી આગળ વધીએ તો એક વાત વધુ સમજાશે કે....આ જગતમાં અનેક દર્શનોમાં, અન્યત્ર તત્વજ્ઞાનના ક્ષેત્રે, અને અન્ય ધર્મોમાં પણ આત્માદિ તત્ત્વો વિષે જે જ્ઞાન મળશે તેના કરતા અનેક ગણું વિશિષ્ટ કક્ષાનું જ્ઞાન આ મહામંત્રમાં મળશે. એટલે નવકાર માત્ર સામાન્ય જ્ઞાનાત્મક નહીં પણ વિશિષ્ટ-વિશેષ જ્ઞાનાત્મક વિજ્ઞાન છે. વિજ્ઞાન સ્વરૂપે છે. જ્ઞાન અને વિજ્ઞાનમાં આટલું અન્તર છે. જ્ઞાન સામાન્યાત્મક પણ હોય છે જ્યારે વિજ્ઞાન વિશિષ્ટ જ્ઞાનાત્મક છે. વ્યાખ્યા પણ એ પ્રમાણે કહે છે-"विशिष्टं यद ज्ञानं तद् विज्ञान" વિશિષ્ટ જ્ઞાનને વિજ્ઞાન કહેવાય છે.

વર્તમાન કાળે "વિજ્ઞાન" માત્ર યંત્રજ્ઞાન અર્થમાં વધુ રૂઢ થતું જાય છે. અને યત્રંજ્ઞાન સિવાયનું જે સામાન્ય જ્ઞાન કે–તત્ત્વજ્ઞાન આદિ જે જ્ઞાનક્ષેત્ર છે તે અર્થમાં જ્ઞાન શબ્દ પ્રચલિત થયો છે. પરન્તુ વિજ્ઞાન સર્વક્ષેત્રે વાપરી શકાય છે. માત્ર યંત્રજ્ઞાન જ નહી. વિજ્ઞાન પ્રયોગો ઉપર વધુ આધારિત છે. જ્યારે જ્ઞાન ચિન્તનાત્મક છે. શાસ્ત્રીય છે. સૈદ્ધાન્તિક છે. આધ્યાત્મિક પણ છે. પરન્તુ જે જે વિષયનું સામાન્ય જ્ઞાન વિશેષ સ્વરૂપ ધારણ કરે ત્યારે તે વિશિષ્ટજ્ઞાન વિજ્ઞાન કહેવાય છે. આ અર્થમાં પણ નવકાર મહામંત્રનું વિજ્ઞાન અદ્ભૂત છે. એમાં આત્માદિ તત્ત્વોનું અદ્ભૂત વિજ્ઞાન નિહીત છે. અને યંત્રાત્મકતાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો નવકાર મહામંત્રની યંત્રાત્મક રચના પણ છે. સિદ્ધચક્ર સ્વરૂપે આ જ નવકાર યંત્રસ્વરૂપ ધારણ કરે છે.

### મંત્ર–તંત્ર–અને યંત્ર

આ જગતમાં મંત્ર, તંત્ર અને યંત્ર એમ ત્રણેનો કાળ રહ્યો છે. યુગો ચાલ્યા છે. અને એટલા માટે મંત્ર યુગ, તત્રંયુગ, અને યંત્રયુગ એમ ત્રણ પ્રકારના યુગો ચાલ્યા છે. ભૂતકાળમાં એક કાળ મંત્રયુગનો હતો. જ્યારે ચારે બાજુ મંત્રોની પ્રાધાન્યતા હતી. મંત્રોની બોલબાલા હતી. મંત્રના સ્મરણ માત્રથી મંત્રના અધિષ્ઠાતા દેવ ઉપસ્થિત થતા હતા. અને સાધક ના બધા કાર્યો સફળ થતા હતા. મનોરથો પૂર્ણ થતા હતા. સેંકડો મંત્રો પ્રચલિત હતા. મંત્રોની શક્તિ અચિન્ત્ય–અપરંપાર હતી. મંત્ર સાધના વ્યાપક પ્રમાણમાં થતી હતી. ગણુતરીના કાળમાં તો દેવતાઓ હાજર થતા હતા. સત્ત્વવૃત્તિવાળા જીવોની પ્રાધાન્યતાના આધારે સાત્વિકતાનો કાળ હતો. એટલે મંત્રો જલ્દી ફળીભૂત થતા હતા. મંત્ર શક્તિઓના આધારે બાણ પણ છોડવામાં આવતા, અને યુદ્ધો પણ થતા હતા. આજના મિસાઇલોની જેમ એ કાળમાં મંત્ર શક્તિના બાણો નિર્ધારિત સ્થાન સુધી પહોંચતા હતા. અને ધાર્યું કામ કરીને પાછા પણ ફરતા હતા. ઇન્દ્રનું વજ્ર અને બ્રહ્માસ્ત્રાદિ વિવિધ પ્રકારના મંત્રાધિષ્ઠિત શસ્ત્રો હતા. મંત્રોથી યંત્રમાનવ પણ નિર્માણ

કરવામાં આવતા હતા. મંત્રથી જડ સેના પણ બનાવાતી, હતી. અને એ જડ લશ્કર યંત્ર માનવની જેમ યુદ્ધ કરતું હતું. મંત્ર શક્તિથી કિલ્લાની ચારે બાજુ ખાઈઓ ખોદવામાં આવતી. અંગારા ભરી પણ દેવાતા અને ભરેલા અંગારા ઠારી પણ દેવાતા હતા. પલભરમાં ધારેલા ગજબના કામો મંત્રશક્તિથી ઉભા કરી દેવાતો હતા. એટલી બધી ગજબની ચમત્કારિતા મંત્રશાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવી છે. ચમત્કારનો અર્થ એ છે કે અસંભવ જેવા લાગતા પદાર્થોને ક્ષણભરમાં સંભવ કરી દેવાતા હતા, કાલ્પનિક ને વાસ્તવિકમાં ફેરવી નખાતા હતા. આશ્ચર્યકારિ બનાવોને જાદુની જેમ ઉભા કરી દેવાતા હતા. ચમત્કાર એ માત્ર જાદુ કે-ઈન્દ્રજાલની વાત નથી. જાદુ અને ઈન્દ્રજાલ ક્ષેત્રે વાસ્તવિકતાને જેટલું સ્થાન નથી એના કરતાં હજાર ગણું વાસ્તવિકતાનું સ્થાન મંત્ર ક્ષેત્રે ચોક્કસ વધારે રહ્યું છે. જાદુ ક્ષેત્રે તો ચાલાકીનું સ્થાન મોખરે રહ્યું છે. જ્યારે મંત્રક્ષેત્રે સાધનાનું સ્થાન પ્રબળ રહ્યુ છે. એટલે બન્નેના આધાર સ્થાનો જ ભિન્ન-ભિન્ન રહ્યા છે. એટલે જ તેમના કાર્યક્ષેત્રો પણ ભિન્ન રહ્યા છે.

નવકાર મહામંત્રની ગણના આપણે જાદુ કે ઇન્દ્રજાલમાં કયારેય કરી નથી. અને એજ રીતે નવકારને માત્ર ચમત્કાર કરનાર કે સર્જનાર મંત્ર તરીકે પણ કયારેય કહ્યો નથી. પરન્તુ એની ગણના મહામંત્રમાં કરવામાં આવે છે. અને આ મહામંત્રની મહાનતા અર્થ, જ્ઞાન, આદિ અનેક વિષયો પર આધારિત છે. મંત્રયુગમાં પણ આ નવકાર મહામંત્ર મોખરે રહ્યો હતો. અને એ જ રીતે સર્વકાળે નવકારની મહાનતા સર્વવ્યાપી રહી છે. નવકારની મહાનતાને કયારેય આંચ નથી આવી.

કાલાન્તરે મંત્રયુગ પછી તંત્રયુગ આવ્યો. તંત્રની બોલબાલા વધતી ગઈ. મંત્રયુગમાં જે વિકૃતિઓ ન હતી તે તંત્રયુગમાં વધતી ગઈ. અઘોરી બાવાઓએ તંત્રનો ઘણો દુરૂપયોગ કર્યો. આખી તંત્ર સાધનાને સ્વાર્થી તત્ત્વ ભેળવીને સાવ વિકૃત કરી નાખી. જ્ઞાનાત્મકતા રહેવા જ ન દીધી અને માત્ર તાન્ત્રિકતા વધારી દીધી. એટલે શુભના

અદલે અશુભ ના માર્ગે વધારે આગળ વધ્યા. એટલે તંત્ર વધુ ને વધુ બદનામ બન્યું. પછી વિષય-વાસના અને કામસંજ્ઞાના અનિષ્ટ તત્ત્વો પણ ઘણાં ભળી ગયા. અને મંત્રયુગમાં મંત્રોની જેટલી પવિત્રતા જળવાઈ હતી એટલી પણ પવિત્રતા તંત્રયુગમાં ન જળવાઈ. નવકાર મહામંત્ર મંત્રયુગમાં જેટલો ઉપયોગી સિદ્ધ થયો એટલો તંત્ર સાધનામાં નવકાર ઉપયોગી ઓછો સિદ્ધ થયો. પરન્તુ સારૂ થયું શુદ્ધ મહામંત્રને ખોટી આંચ ન આવી. અશુદ્ધ ન થયો નવકાર પણ બીજાની જેમ જ ખરાબ છે. એવું કલંક ન લાગ્યું. જો કે તંત્ર યુગમાં મંત્રને પણ તંત્રમાં ઉપયોગમાં લેવામાં આવ્યો. અને વાપર્યા. પરન્તુ નવકાર જેવા મહામંત્ર ને વિપરીતરૂપે તંત્રમાં ઘસડવામાં નથી આવ્યો. એ એક વિશેષ આનંદની વાત છે. પરન્તુ મંત્રશાસ્ત્રના ઇતિહાસોમાં આ વાતનો સર્વથા અભાવ નથી. અમુક પ્રમાણમાં નવકારના બીજાક્ષરોનો સાંક્ષિપ્ત પ્રકારે અનેકરૂપે તંત્રપ્રયોગમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. છતા પણ નવકાર મહામંત્રની શુદ્ધિ અને સાત્વિકતા આજ દિવસ સુધી જળવાઈ છે.

વર્તમાન કાલ યંત્ર યુગનો છે. મંત્રોની મહત્તા પણ ઘટી ગઇ, અને તંત્રોની મહત્તા તો તેના કરતા પણ ઘણી વધારે ઘટી ગઈ. અને અંતે યંત્રોની પ્રાધાન્યતા ખૂબ વધી ગઈ છે. અહીંયા 'યંત્ર' શબ્દથી બે પ્રકારના યંત્રો સમજવાના છે. એક તો આધુનિક વિજ્ઞાને બનાવેલા વ્હીલવાલા-મોટરયુક્ત અનેક પ્રકારના યંત્રો અને બીજા નંબરે વિવિધ પ્રકારેનાં યંત્રોનું જે આલેખન થાય છે તે. મંત્રશાસ્ત્રોમાં પણ યંત્રોનું આલેખન કરીને બતાવ્યું છે. દા.ત., શ્રીયંત્ર, સિદ્ધચક્રયંત્ર, સર્વતોભદ્રયંત્ર, ઋષિમંડળયંત્ર, શ્રી વિશસ્થાનકયંત્ર, વીશાયંત્ર આદિ સેંકડો પ્રકારના યંત્રો છે.

મંત્રોનું યાન્ત્રિકરણ થયું. આપણને અહીંયા વિજ્ઞાનના યંત્રો અભિપ્રેત નથી. એ તો ભૌતિકવાદની દેન છે. એ જડ સાધનો ઉપર આધારિત છે. જ્યારે મંત્રશાસ્ત્રના યંત્રો આત્મસાધના સાથે સંકળાયેલા છે. એજ મંત્રો હતાં પરન્તુ તેમને સામાન્ય સ્વરૂપે લખવાને બદલે

વિશિષ્ટ પ્રકારે યંત્રનું આલેખન કરીને પછી તેના વલયોમાં લખવામાં આવતા યંત્રની રચના સિદ્ધ થાય છે. મંત્રશાસ્ત્રમાં યન્ત્રીકરણની પ્રક્રિયામાં મંત્રની સાથે સાથે અંક વિદ્યાનો ઉપયોગ પણ ઘણો થયો છે. એટલે મંત્રના શબ્દોની સાથે અથવા તો સ્વતંત્રરૂપે માત્ર અંકના આંકડા મૂકીને પણ વાપરવામાં આવ્યા છે. પંદરીયો. વીશાયંત્ર, પાંત્રીસો ચાલીશો, પાંસઠીયો, વગેરે ભિન્ન ભિન્ન પ્રકારના યંત્રોમાં ગણિતની દષ્ટિએ સંખ્યા ગોઠવવામાં આવી છે. અને તેને ચારે બાજુથી ગણતા એક જ આંકનો સરવાળો આવે છે માટે તે તે યંત્રને તે તે નામે ઓળખાય છે. સંભવ છે આ આંકો પણ મંત્ર શબ્દોની જેમ ઈષ્ટદેવ-વાંચી સંકેતકારી બન્યા હોય, અથવા દૈવીસાધનાને મંત્રસ્વરૂપે સ્પષ્ટ ન લખતા તેને જ અંક વાંચી બનાવીને લખ્યા હોય-જેમ વ્યક્તિ ટેલિફોન નંબરથી વાચ્ય બને છે. બેંકમાં પણ કોડ નંબરના ખાતા હોય છે. સ્વિસબેંકમાં વ્યક્તિને નામથી નહીં પણ માત્ર કોડનંબર જે આપેલા હોય તે નામે જ માત્ર ઓળખાય, તે જ પ્રમાણે દૈવી શક્તિને અથવા ઈષ્ટદેવને કદાચ સંભવ છે કે.... વિવિધ આંકડાઓ સાથે સંલગ્ન કરીને યંત્ર રચના રૂપે ગોઠવ્યા હોય. અને તે અંક સંખ્યાથી ઈષ્ટ વાચ્ય બનતા હોય. જેથી દૈવી શક્તિ અથવા ઈષ્ટદેવને ગુપ્ત રાખી શકાય. એનો નામાદિ જાહેરમાં ઉપયોગમાં ન પણ આવે. અને ગુપ્તતા જળવાય. વ્યક્તિ મંત્રના માધ્યમથી ઈષ્ટનો દુરૂપયોગ ન કરી શકે.

## મંત્રની ગુપ્તતા

मन्त्रं नाम गुप्तम् સંસ્કૃત ભાષામાં મંત્ર શબ્દ ગુપ્ત અર્થમાં વપરાયો છે. મંત્ર, મંત્રી, મંત્રણા વગેરે શબ્દો મંત્ર ધાતુથી બન્યા છે. મંત્રણા કરવી અર્થાત્ ગુપ્ત રીતે-ખાનગી રીતે વિચારણા કરવી. જે બહાર પ્રગટ ન થઇ જાય. આવી મંત્રણા કરનારને મંત્રી કહેવાય. એ જ પ્રમાણે મંત્ર એટલે ગુપ્ત વસ્તુ. સાચવીને-યત્નપુર્વક જાળવીને રાખેલ ઈષ્ટદેવ અથવા ઈષ્ટશક્તિનું નામ જે મંત્રરૂપે સ્મરાતુ હોય,

જેની સાધના સતત કરાતી હોય તે મંત્ર. માટે મંત્ર એ ગુપ્ત વસ્તુ છે. મંત્રને ગુપ્ત જ રાખવામાં આવે તે જ વધુ ઉચિત છે. જેને તેને ન દેવાય. જેની તેની આગળ ન કહેવાય. ન બોલાય ઋષિમંડળ સ્તોત્રમાં તો અહીં સુધી સાફ-સાફ સ્પષ્ટ કહ્યું છે કે....

एतद् गोप्यं महास्तोत्रं, न देयं यस्य कस्यचित् ।
मिथ्यात्ववासिने दत्ते, बालहत्या पदे पदे ॥

આ મહાસ્તોત્ર છે. એને ગુપ્ત રાખવો જોઈએ જેને તેને ક્યારેય પણ ન આપવું. મિથ્યામતિ જીવને જો એમને એમ આપી દેવાય તો ડગલેને પગલે બાલહત્યાનું દોષ લાગે છે. માટે મંત્ર ને વધુ ને વધુ ગુપ્ત રાખવામાં આવ્યા.

સ્વાભાવિક છે કે જે વસ્તુ જેટલી જ વધુ કિંમતી છે તે વસ્તુને તેટલી જ સુરક્ષિત સાચવીને ગુપ્ત રાખવામાં આવે છે. આ સ્વાભાવિક નિયમ જગતમાં જોવામાં આવે છે. હીરા-રત્નો વગેરે કિંમતી છે. માટે લોકો ઘરમાં જ્યાં ત્યાં રખડતા નથી મૂકી દેતા. એ સારી રીતે સાચવીને તિજોરીમાં તાલામાં અથવા સેફ ડિપોઝિટ વોલ્ટમાં સુરક્ષિત મૂકે છે. એને ગુપ્ત રાખવામાં આવે છે. જગજાહેર કરીને નથી રખાતાં. એવી જ રીતે મંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે મંત્રો તો હીરા-રત્નો કરતા પણ વધારે કિંમતી છે. ઘણાં ઉપયોગી છે. માટે મંત્રોને ગુપ્ત સાચવીને રખાય છે. અને તેજ પ્રમાણે મંત્રોને પણ.

## સ્તોત્રોમાં છુપાયેલા મંત્રો—

ભૂતકાળમાં અનેક મહાપુરૂષોએ સ્તોત્રોની રચનાઓ કરી અને સ્તોત્રોને સામાન્યરૂપે પ્રભુ ભક્તિ પ્રધાન રાખ્યા-ભક્તિ પ્રભુની કરવામાં આવી. ભક્તિમાં નમ્રતાની સુગંધ છે. વિનીત નમ્રભાવે પૂજ્ય પ્રભુ પ્રત્યે પૂજ્યતા પ્રગટ કરતા ગયા. અને સ્તોત્રના માધ્યમથી ગુણો ગાતા ગયા. સ્તોત્ર કે મહાસ્તોત્ર પ્રાયઃ ગુણસ્તુતિ પ્રધાન જ બન્યા છે.

પ્રસિદ્ધ મંત્રવાદી ભક્તામર સ્તોત્રના રચયિતા પૂજ્ય માનતુંગસૂરિ મહારાજ ભક્તામર સ્તોત્રના અંતિમ શ્લોકની રચનામાં આ ભાવ સ્પષ્ટ કરતા જણાવે છે કે......

स्तोत्रस्रजं तव जिनेन्द्र! गुणैर्निबद्धां,
भक्त्या मया रुचिरवर्ण विचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कंठ–गतामजस्रं;
तं मानतुंग मवशा समुपैति लक्ष्मीः ॥

—હે જિનેન્દ્ર ભગવાન્! મારા વડે ભક્તિપૂર્વક વિવિધ વર્ણવાળા રંગ–બિરંગી સુંદર ગુણરૂપી પુષ્પો વડે, અર્થાત્ ફૂલોની જગ્યાએ ગુણો જ ગૂંથીને જે આ ગુણસ્તોત્ર રુપી માળા બનાવી છે. તે આ સ્તોત્રની માળા જે ભાગ્યશાળી કંઠમાં ધારણ કરશે તે સર્વ શ્રેષ્ઠ લક્ષ્મી અર્થાત્ મોક્ષ પદને પ્રાપ્ત કરશે. અર્થાત્ ગુણોરૂપી સ્તોત્રને જે કંઠે ધારી રાખશે. કંઠે ગાતો રહેશે તે આ ઉંચુ પદ પ્રાપ્ત કરશે. માત્ર ફૂલોની માળા ગળામાં પહેરવી એમ નહી પણ ગુણો ને જ ફૂલ બનાવ્યા અને જાત–જાતના ગુણોને જાત–જાતના રંગ–બિરંગી ફૂલો તરીકે ગૂંથી દીધા અને તેની ગૂંથણી કરીને સુંદર સુશોભનીય માળા બનાવી. આવી માળાને માત્ર ગળામાં પહેરી રાખવાની નથી હોતી પરન્તુ તેને કંઠે ગાવાની હોય છે. અર્થાત્ આ સ્તોત્રમાં રજુ કરેલા ગુણોને જે ગાશે–સ્મરશે તે આવું ઉંચું પદ પ્રાપ્ત કરશે–આ પ્રમાણે ગુણોની ગૂંથણી સ્વરૂપ સ્તોત્રોની રચના કરવામાં આવી. અને આવા સ્તોત્રોમાં ઇષ્ટદેવના મંત્રો ગુપ્ત રીતે ગોઠવવામાં આવ્યા છે. સંતાડવામાં આવ્યા છે–જેથી કરીને મંત્રો પ્રગટ ન થાય અને સ્તોત્રપાઠરૂપે પ્રભુ ભક્તિ કરવા રૂપે પ્રભુના ગુણો ગાવાનો પણ લોકોને આનંદ આવે એ પ્રમાણેની રચનાઓ આપણા પૂર્વજ મહાપુરૂષોએ ઘણી દીર્ઘદષ્ટિ વાપરીને કરી છે. એનું સુંદર ઉદાહરણ "શ્રી નમિઉણ સ્તોત્ર છે." નમિઉણ સ્તોત્રમાં ગુપ્તતાનો ભાવ સ્પષ્ટ પણે જણાવ્યો છે.–

एग्रस्स मज्झयारे, अट्ठारस-अक्खरेहिं जो मंतो ।
जो जाणइ सो झायइ, परम पयत्थं कुडं पासं ॥ २३ ॥

—આ (નમિઊણ) સ્તોત્રની મધ્યમાં અઢાર અક્ષરનો જે ગુપ્ત મંત્ર છે. તેને જે જાણશે, તેજ તેનું ધ્યાન કરશે, અને પરમપદ મોક્ષને પ્રાપ્ત કરશે.

આ પ્રમાણે મંત્રોની ગુપ્તતા રાખવામાં આવી. અને મંત્રોને ગોપનીય બનાવવામાં આવ્યા. જેથી જે તે વ્યક્તિ નિરર્થક મંત્રોનો દુરુપયોગ ન કરે અને ગુણસ્તુતિરૂપ પ્રભુભક્તિમાં મગ્ન બની શકે. ભક્તિ પણ તારનારી છે. કલ્યાણકારી છે.

**શ્રી નમસ્કાર મહામંત્રની પ્રગટતા—**

ઉપર આપણે મંત્રશાસ્ત્રના નિયમની વાત કરી. તે મુજબ મંત્રને ગોપનીય બતાવવામાં આવ્યો. જ્યારે બીજી તરફ નવકાર જેવા મહામંત્રને ક્યારેય પણ કોઇ પણ કાળમાં ગોપનીય ન રાખતાં મહાપુરૂષોએ એને વધુ પ્રગટ રાખ્યો છે. જાહેરમાં ખૂલ્લો મૂકી દીધો છે. અલબત્ત વ્યક્તિગત સાધકે પોતે જરૂર આ મહામંત્રને પોતાની સ્વસાધનાની સિદ્ધિની દૃષ્ટિથી ગુપ્ત રાખ્યો હશે. ગોપનીય રાખ્યો હશે. એ અર્થમાં કે કદાચ જાહેર કરીશ તો આની મહત્તા નહીં રહે. ઘણા ખરા જાણતા હોય છે માટે બીજાને આની કંઈ જ મહત્તા નહીં લાગે. માટે એ દૃષ્ટિકોણથી ગોપનીયતા રાખી હોય તે બનવા જોગ છે. અન્યથા તો જેટલી જ નવકારની મહાનતા છે તેટલી જ એની વ્યાપકતા છે. સર્વત્ર પ્રસિદ્ધ, સર્વત્ર પ્રચલિત જગ જાહેર આ મંત્ર છે. આ મંત્રમાં પણ ગોપનીયતા નથી અને આ મંત્ર પણ ગોપનીય નથી. આ પ્રગટ મંત્ર છે.

વ્યવહાર માર્ગે જાહેરરૂપે આ મંત્ર ઉચ્ચારાય છે. જગતમાં વ્યવહારનય થીજ સર્વસામાન્યરૂપે આબાલ-વૃદ્ધ સર્વજનોને આ મહામંત્ર આપવામાં આવતો હોય છે. પરન્તુ વિશેષાધિકાર સાથેની વિધિ તો

શ્રી મહાનિશીથ આગમમાં બતાવવામાં આવી છે. "ઉપધાન વિધિ" બતાવી છે. તેમાં તપશ્ચર્યા આદિ કરવા પૂર્વક ગુરુનિશ્રામાં સાધના કરીને યોગ્યતા પ્રાપ્ત કરવામાં આવે છે અને પછી વાચના રૂપે સૂત્ર, અર્થ અને તદુભય સ્વરૂપે આપવામાં આવે છે. આ વિધાન મહાનિશીથ નામક છેદસૂત્રમાં કરવામાં આવ્યું છે. બીજી તરફ એ જ મહાનિશીથ આગમમાં વિના ઉપધાને નવકાર મહામંત્ર આપી દેવામાં "અનન્ત સંસારીપણું" પણ માન્યુ છે. પરન્તુ સંસારમાં સર્વ સાધારણ વ્યક્તિ વ્યવહારનયના માર્ગે નવકાર મહામંત્ર એક-બીજાને આપતા હોય છે. માતા પુત્રને નવકાર મહામંત્ર શીખવાડે છે. બોલાવે છે. એ માત્ર સામાન્ય વ્યવહારનય છે. મૃત્યુ અવસ્થા વખતે મહામંત્ર નવકાર સંભળાવવામાં આવે છે ત્યાં બીજી પાત્રતા કે વિધિ આદિ કયાં જોવાનો અવકાશ છે? એ પ્રમાણે આ સંસારનો વ્યવહાર ચાલે છે. માટે નવકાર મહામંત્રની વ્યવહારનયે જાહેર પ્રગટતા છે. આ મહામંત્રને વિશેષે ગુપ્ત રાખવામાં નથી આવ્યો. જાહેર ખુલ્લો રાખ્યો છે. જે કોઈ પણ વાંચે, જાણે, ભણે અને જાપાદિ કરે. સર્વોપયોગી બનાવ્યો છે.

**મહામંત્રના રચયિતા કોણ ?—**

જગતમાં નિયમ છે કે.... રચનાના રચયિતા અવશ્ય હોય છે. કૃતિ હોય તો કર્તા હોવા જરૂરી છે. આ સંસારમાં સેંકડો રચનાઓ જગપ્રસિદ્ધ છે તો તેમના રચયિતાઓ-કર્તાઓ પણ જગપ્રસિદ્ધ છે. શું નવકારને પણ આપણે કોઇ રચના કે કૃતિ તરીકે માનવી ખરી કે નહીં? અને જો કૃતિ કે રચના માનીએ તો પછી તેના રચયિતા કે કર્તા પણ માનવા જોઈએ. આ વિચાર કરતાં એટલુ તો જરૂર સ્પષ્ટ થાય છે કે નવકાર મહામંત્ર એક સુંદર સ્તોત્ર, સ્મરણ, અથવા મંત્ર સ્વરૂપ રચના છે, એમાં શંકાને સ્થાન નથી. કારણ કે નવકાર મહામંત્રમાં પદ, ગાથા, શ્લોકની સુવ્યવસ્થિત રચના છે. તો પછી આના રચયિતા કે કર્તા શું નથી? શું નવકાર મહામંત્રના રચયિતા છે જ નહીં? કે પછી જ્ઞાત નથી? શું આપણો જૈનધર્મ પણ વૈદિક ધર્મની

જેમ જ માને છે કે "વેદ તો છે પણ વેદનો કર્તા–રચયિતા કોઈ નથી, માટે વેદ અપૌરુષેય છે." એવી રીતે જો નવકાર મહામંત્ર તો છે પરન્તુ તેનો કોઈ રચયિતા–કે કર્તા નથી. "वेदोऽपौरुषेय अकर्तृत्वात्" । વેદ અપૌરુષેય છે અકર્તૃત્વના કારણે હિન્દુ ધર્મમાં વૈદિક મત અલગ મત છે. ઘણા મતો માંનો એક મત છે. તેમના મુજબ ૪ વેદ છે. (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) અથર્વવેદ અને (૪) સામવેદ. આ ચારે વેદો ગ્રંથ–પુસ્તકાકારે છે. એમાં લિપિથી બધું લખવામાં આવ્યું છે. એમાં સેંકડો વિષયો ઉપર સેંકડો વાતો લખવામાં આવી છે. ઘણાં પ્રાચીન છે. હજારો વર્ષોથી છે. આટલુ બધુ હોવા છતાં વેદ કોઈ બુદ્ધિમાન પુરૂષ દ્વારા રચિત રચના કે કૃતિ નથી. માટે વેદને અનાદિ–અપૌરુષેય તરીકે ઓળખવામાં આવે છે. અનાદિ–એટલે કાળની દૃષ્ટિએ જેની આદિ નથી તે અનાદિ છે. પૌરુષેય–એટલે પુરુષ દ્વારા રચિત. પુરુષ કૃતિમત્વ અને તેથી વિરોધી વિપરીત શબ્દ છે. અપૌરુષેય. અર્થાત્ પુરુષ કૃતિમત્વ એ માત્ર વેદમાં સિદ્ધ નથી થતું. પરતુ સૃષ્ટિ આદિમાં સિદ્ધ થાય છે. અર્થાત્ બનાવનાર જગત કર્તા ઈશ્વરે સૃષ્ટિ બનાવી છે એમ કહેવાય પરન્તુ વેદ બનાવ્યા છે એમ ન કહેવાય. વેદની રચના ઇશ્વર નથી કરતાં પરન્તુ વેદમાં લખેલું જોઈને તે પ્રમાણે ઈશ્વર સૃષ્ટિની રચના કરે છે. એવું વૈદિક મતનું કહેવું છે.

તર્ક–યુક્તિ અને બુદ્ધિપૂર્વક વિચાર કરતાં એક વાત સ્પષ્ટ જણાય છે કે જે વેદાદિ વર્ણમાલા પ્રધાન છે. જેમાં અ...બ....ક...ડ.... આદિ અક્ષરોની રચના છે અને અક્ષરોનો સમૂહ શબ્દ છે. અને શબ્દ સમૂહ વાકયાત્મક કેહેવાય છે. વાકયસમૂહ ફકરા સ્વરૂપે છે. ફકરાસમૂહ અધ્યાય સ્વરૂપે છે. અને અધ્યાય સ્વરૂપ ગ્રન્થરૂપે છે. અને વેદ એ પણ ગ્રન્થ રૂપે જ છે. શું આ વર્ણમાલા અક્ષર–શબ્દ–વાકયાદિ સ્વરૂપ રચના પુરુષ સિવાય અન્ય કોઈ દ્વારા રચિત સંભવ છે? અને પુરુષ સિવાય અન્ય કોઈ એટલે ઇશ્વર દ્વારા રચિત પણ હોય તો પણ રચયિતા–કે કર્તા દ્વારા રચિત કૃતિ માનવામાં આવે તે પણ બરાબર છે. પરંતુ

કોઈ બુદ્ધિમાન પુરૂષ કે ઈશ્વર કે કોઇ પણ કર્તા ન માનવો એ કેવી રીતે ઉચિત લાગે ? વર્ણમાલાના અક્ષરો–શબ્દો–વાકયો આદિ પુરૂષ દ્વારા જ ઉત્પન્ન છે. પુરૂષના કંઠ–સ્વરકોષ્ઠથી જ વર્ણમાલાની ઉત્પત્તિ માનવામાં આવી છે એટલું જ નહીં પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ છે. પુરૂષોતર પશુ–પક્ષીથી આવી વ્યવસ્થિત વાકયરચના સ્પષ્ટ ઉચ્ચારિત થતી નથી. માટે વેદ વેદાન્તની આવી સુન્દર વાકયરચના પુરૂષ રચિત જ માનવી ઘટે. જે વર્ણમાલા સ્વરૂપે હોય અને વર્ણમાલા પુરૂષ પ્રસૂત જ હોય છે. માટે વેદાદિ જે વર્ણમાલા–અક્ષર–શબ્દ–વાકયસમૂહાત્મક છે તે પણ પુરૂષ રચિત જ છે એમ જ માનવું યુક્તિસિદ્ધ થાય છે. નહીંતર વર્ણમાલા પુરુષોતર કે ઇશ્વરેતર વ્યક્તિ દ્વારાં ઉત્પન્ન માનવામાં આવે તો અનેક દોષ આવે છે. અને અન્ય એવી વ્યક્તિ દ્વારા વેદ રચિત માનવા કરતાં તો પ્રત્યક્ષ સ્પષ્ટ ઇશ્વર દ્વારા જ માનવામાં આવે તો તે જ હિતાવહ છે. અન્યથા અન્ય ઈશ્વર આદિ કે વ્યક્તિની કલ્પના કરવામાં ફરી અનવસ્થા આદિ દોષો લાગશે. જ્યારે જે ઇશ્વરને કૃતિમત્ પદાર્થોનો કર્તા માનવામાં આવે છે તો આ વેદ પણ કૃતિ તો છે જ અને તેનો કર્તા ઇશ્વરને માનવામાં આવે તો શું વાંધો છે ? ઘડો હોય અને ઘડાનો કર્તા કોઈ છે જ નહીં ! એમ માનવામાં લોક વ્યવહારગત મૂર્ખતાનું બિરૂદ માથે લેવું પડે. એના કરતાં તો પ્રત્યક્ષ વિરુદ્ધ જવાની જરૂર જ શું છે ? અને અનેક તર્કયુક્તિ પુર્વક જો ઇશ્વરની જ કર્તા સ્વરૂપે સિદ્ધિ થવાની સંભવ નથી તો પછી ઇશ્વરને જ જો કાલ્પનિક પદાર્થ માનવામાં આવે છે અને તે કાલ્પનિક ઇશ્વરની રચના વેદને વાસ્તવિક માનવી એટલે ફરી અસત્માંથી સત્ની ઉત્પત્તિ માનવાનો દોષ માથે આવશે. હા. ઇશ્વરની જ સત્તા કર્તારૂપે સિદ્ધ નહીં થાય તો પછી વેદની રચના પણ કાલ્પનિક સિદ્ધ થઈ જશે. એના કરતાં વનવાસી ઋષિમુનિઓને જ વેદના રચયિતા–કર્તા સ્વીકારવામાં આવે તો દ્રાવિડપ્રાણાયામથી બચીને લાઘવતામાં આવવાનો પણ ફાયદો છે. ચેન–કેન–ઉપાયેન પણ કાર્યની પાછળ કારણનું અસ્તિત્વ માનવું જ પડે. અને તે પણ નિયતપુર્વવૃત્તિ માનવું પડે. કારણના અભાવે કાર્ય-

સિદ્ધિ કેવી રીતે માનવી ? વેદ રચના એ પણ કાર્ય છે તો તેની પાછળ ઋષિ–મુનિ–પુરૂષનું કારણ પ્રત્યક્ષ પણે માનવામાં પણ દોષ નથી. સ્વાભાવિક છે કે ઘડાની પાછળ બનાવવામાં કુંભાર એ પ્રત્યક્ષરૂપે કારણ સિદ્ધ જ છે. કારણ વિના કાર્ય થતું નથી. એ નિયમ પ્રમાણે કાર્યની સત્તા જો અંગીકાર કરવામાં આવે છે તો પછી તેની પાછળ કારણનું અસ્તિત્વ પણ સ્વીકારવું જ જોઈએ. એ રીતે પણ વેદના કાર્યની પાછળ ઋષિ–મુનિ આદિ–પુરૂષ વિશેષની કારણતા સ્વીકારવામાં જ બુદ્ધિમત્તા છે.

તેજ પ્રમાણે શ્રી નમસ્કાર મહામંત્રને પણ રચના કે કૃતિરૂપે સ્વીકાર કરવામાં આવે છે તો તેના રચયિતા–કે કર્તા કોને માનવામાં આવે છે ? આ પ્રશ્ન આપણને પણ સતાવે છે. પરન્તુ જૈનધર્મની માન્યતા વેદાન્તિયો જેવી નથી. તે સર્વથા કારણાભાવત્વેન કાર્ય સિદ્ધિ નથી માનતું અથવા નવકારને સર્વથા અપૌરૂષેય નથી કહ્યો. જ્યારે ચૌદપુર્વનો સાર કહ્યો છે. ત્યારે કૃતિમત્વ આવી જ ગયું. કારણ કે ચૌદ પુર્વો દ્વાદશાંગી આદિ રચાયેલા છે. અને તેમના રચયિતા ગણધરાદિ સ્પષ્ટ છે. આપણે સ્તુતિમાં બોલીએ પણ છીએ કે–"अर्हद्वक्त्र प्रसूतं गणधर रचितं द्वादशांगं विशालम्" કહ્યું છે કે.....અરિહંત ભગવાનના મુખમાંથી નિકળેલ અને તેને ગણધર ભગવંતોએ ગૂંથીને રચનાબદ્ધ કર્યું તે દ્વાદશાંગી ઘણી વિશાળ છે. અર્થાત્ સૂત્ર–શાસ્ત્ર કે આગમાદિની રચનાનું આધારભૂત પ્રમાણ એમાંથી સ્પષ્ટ થાય છે.....અને પદ્ધતિ એવી છે કે સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો રજુ કરે છે અને ગણધર ભગવંતો તેને સૂત્રબદ્ધ ગુંથવાનું કામ કરે છે. વધુ સ્પષ્ટ કરતા જણાવે છે કે—

"अत्थं भासई अरिहा सुत्तं गुंथंति गणहरा"—સર્વજ્ઞ કેવળી અરિહંત ભગવંતો અર્થની પ્રરૂપણા કરે છે, સમવસરણમાં દેશના રૂપે વસ્તુ સ્વરૂપને અર્થથી દેશના આપી સ્પષ્ટ કરે છે. અને તેનું શ્રવણ કરીને ગણધર ભગવંતો તેને સૂત્રબદ્ધ ગોઠવે છે. ગૂંથવાનું કામ કરે છે. માટે સૂત્ર રચના ગણધરોની સિદ્ધ થાય છે. પરન્તુ આદ્ય કર્તા મૂળભૂત કોઈ હોય તો તે તીર્થંકર છે. આ જૈન પદ્ધતિ છે. જૈન શાસનમાં જ્ઞાનનું

મૂળ કેન્દ્ર સ્થાન કે ઉદ્‌ભવસ્થાન અરિહંત સર્વજ્ઞ પરમાત્મા છે. ગોઠવનારા, શબ્દદેહ આપીને મઠારનારા ગણધર ભગવંતો છે. શ્રુતજ્ઞાનનું મૂળ પણ સરવાળે તો કેવળજ્ઞાન જ ગણાય છે.

આ સિદ્ધાંતની દૃષ્ટિએ નવકાર મહામંત્ર પણ શ્રુતજ્ઞાન સ્વરૂપે છે. માટે ચૌદ પૂર્વનો સાર કહ્યો છે. અને ચૌદ પૂર્વાદિ–દ્વાદશાંગીની રચના ગણધરોએ કરી છે. અને અર્થથી પ્રરૂપણા સર્વજ્ઞે કરી છે. માટે મૂળસ્રોત તો તીર્થંકર કેવળી જ છે. શ્રુતજ્ઞાનની પણ મહત્તા ત્યારે વધે છે કે જ્યારે તેને સર્વજ્ઞની છાપ લાગી હોય. એટલે શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનની છાપવાળું છે અને એ રીતે આપણે નવકાર મહામંત્રને ચૌદપૂર્વના સાર રૂપે શ્રુતજ્ઞાન સ્વરૂપે ગણીએ છીએ તો તેના ઉપર સર્વજ્ઞની છાપ સ્વીકારવાની છે. શબ્દ રચના, સૂત્ર બદ્ધતા ગણધરોની રહે છતાં પણ પ્રતિપાદના કે પ્રરૂપણા સર્વજ્ઞ અરિહંત પરમાત્માની રહે છે. આ રીતે માનવામાં જૈનધર્મને વેદાન્તની માન્યતા માનવા જેવો દોષ નથી લાગતો.

**કાલિક દૃષ્ટિએ અનાદિતા—**

ઉપરોક્ત વિચારણાના આધારે એક નિર્ણય ઉપર આપણે જરૂર આવ્યા કે રચનાના આધારભૂત કેન્દ્ર સ્થાને સર્વજ્ઞ અરિહંતો અને ગણધરો સિવાય ત્રીજા કોઈ વચ્ચે આવે તેમ નથી. આ બેનું જ સ્થાન અહીં કેન્દ્રમાં મુકરર છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે... કયા વ્યક્તિગત નામધારી સર્વજ્ઞ અરિહંત કે ગણધરને રચયિતા ગણવા? કોઈ ચોક્કસ નામ સામે આવે છે? ના. એનું કારણ એટલું જ છે કે નવકાર મહામંત્ર કાલિક દૃષ્ટિએ ઘણાં લાંબા કાળથી વ્યવહારમાં પ્રચલિત છે. ઘણાં લાંબા કાળનો અર્થ એ છે કે... જ્યારથી અરિહંત ભગવંતો થયા છે, ત્યારથી નવકાર મહામંત્ર છે. એટલે જો નવકાર મહામંત્રની આદિ સિદ્ધ થઈ જાય તો પછી જૈનધર્મની આદિ, તીર્થંકરોની આદિ–વગેરે બધુ જ સિદ્ધ થાય છે. કારણ કે જ્યારથી જૈન-

ધર્મ છે ત્યારથી નવકાર મહામંત્ર છે. અને જ્યારથી નવકાર મહામંત્ર છે ત્યારથી જૈનધર્મનું અસ્તિત્વ છે. કારણ કે જૈનધર્મને નવકાર મહામંત્ર બન્ને અન્યોન્ય પૂરક છે. અને તેના કેન્દ્રસ્થાને સર્વજ્ઞ અરિહંત ભગવંતો છે.

અરિહંતો કેટલા થયા? સંખ્યામાં અરિહંતો કેટલા થયા? અને કયા કાળમાં કેટલી સંખ્યા થઇ? આના ઉત્તરમાં સુંદર કહ્યું છે કે—

આગે ચોવીશી હુઈ અનન્તી, વળી રે હોશે વાર અનન્ત ।
નવકાર તણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત ॥

—અર્થાત્ ભૂતકાળમાં અનન્ત ચોવીશીઓ થઈ છે. અને ભવિષ્યમાં હજી અનન્ત થવાની છે. એટલે નવકાર મહામંત્રની આદિ કોણ જાણી શકે? કોઇ ન જાણી શકે. એમ સ્વયં અરિહંતો કહે છે. ભાખે છે. એક-એક તીર્થંકર થતા-થતા ૨૪ થાય છે-તે ચોવીશનું સમૂહાત્મક નામ ચોવીશી છે. કાળચક્રમાં (૧) ઉત્સર્પિણી અને (૧) અવસર્પિણી એમ ચઢતા-ઉતરતા ક્રમે બે કાળ હોય છે. તેમાંથી એક ઉત્સર્પિણીમાં ૨૪ તીર્થંકરોની એક ચોવીશી થાય છે. અને તે જ પ્રમાણે ૧ અવસર્પિણી કાળમાં પણ ૨૪ તીર્થંકરોની એક ચોવીશી થાય છે. આ નિયમ અઢી દ્વિપના ભરત તથા ઐરવત એ બે ક્ષેત્રમાં લાગુ પડે છે. જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં વીશ-વીશ તીર્થંકરોની વીશી થાય છે. ત્યાં સદાકાળ તીર્થંકરો થાય છે. જ્યારે ભરત-ઐરવત ક્ષેત્રમાં એકબીજાને સમાન બધું જ ચાલે છે. સાથેના ચિત્રમાં જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે ઉત્સર્પિણી કાળમાં ૬ આરા છે. અને તે જ પ્રમાણે અવસર્પિણી કાળમાં પણ ૬ આરા છે. આ ૬ આરાઓમાંથી માત્ર ત્રીજા અને અને ચોથા આરામાં જ તીર્થંકર ભગવંતો થાય છે. ત્રીજા આરાના પાછલા ભાગે એક તીર્થંકર ભગવાન થાય છે. એટલે વર્તમાન ચોવીશીના પહેલા શ્રી ઋષભદેવ ભગવાન એ ત્રીજા આરાના છેડે થયા. અને શેષ ત્રેવીશ તીર્થંકર ભગવંતો...એટલે અજિતનાથથી મહાવીર

સ્વામી સુધીના બધા ચોથા આરામાં થયા. આ પ્રમાણે ૨૪ તીર્થંકરો છે અવસર્પિણીના ત્રીજા-તથા ચોથા એમ બે આરામાં થાય છે. આને એક ચોવીશી કહેવાય. ત્યાર પછી પાંચમો આરો બેસે છે. અને આજે પાંચમા આરાના ભગવાન મહાવીર પછી અઢી હજાર વર્ષ વીતી ગયા છે. પાંચમો આરો કુલ ૨૧ હજાર વર્ષનો હોય છે. એટલે હજી સાડા અઢાર હજાર વર્ષ વીતવાના બાકી છે. પછી છઠ્ઠો આરો આવશે તે પણ ૨૧ હજાર વર્ષનો હશે. આ પ્રમાણે પાંચમો અને છઠ્ઠો બે મળી ૪૨૦૦૦ વર્ષ વીતી ગયા પછી અવસર્પિણીનો કાળ પૂરો થશે. અને ઉત્સર્પિણી કાળ શરૂ થશે. એટલે તેના પણ પ્રથમ ૨૧-૨૧ હજાર વર્ષનો છઠ્ઠો અને પાંચમો આરો (ઉત્ક્રમે ૧, ૨ જો) એમ કુલ ૪૨ હજાર વર્ષનો કાળ વીતશે. ત્યાર પછી ચોથો આરો શરૂ થશે. એટલે ૪૨ હજાર વર્ષ અવસર્પિણી કાળના પાંચમા-છઠ્ઠા બે આરાના અને પછી ઉત્સર્પિણી કાળના પાંચમા-છઠ્ઠાના (ઉત્ક્રમે ૧, ૨ જો) પણ ૪૨ હજાર વર્ષ એમ કુલ ૮૪ હજાર વર્ષના અંતર પછી ફરી તીર્થંકર થાય છે. અર્થાત્ છેલ્લા ચોવીશમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી થઇ ગયા પછી ૮૪ હજાર વર્ષ વીતી ગયા પછી આગામી ચોવીશીના પહેલા તીર્થંકર પદ્મનાભ સ્વામી થશે. ત્યાર પછી ક્રમે ક્રમે બીજા-ત્રીજા.... એમ કરતાં કરતાં ચોવીશીના ચોવીશે તીર્થંકર ભગવંતો થશે. ૨૩ તીર્થંકરો ચોથા આરાના કાળમાં અને અંતિમ એક તીર્થંકર ભગવાન ત્રીજા આરાના કાળમાં થશે. એ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં પણ આખી ચોવીશી થશે. આ પ્રમાણે એક કાળચક્રમાં બે ચોવીશી થાય છે.

ફરી આગળ આવતા બીજો કાળચક્ર શરૂ થશે. એટલે તેના પણ અવસાર્પિણી કાળના બે આરા વીતી જશે. પહેલો અને બીજો આરો સમાપ્ત થશે. એમાં તીર્થંકર ભગવંતો નથી થતા. ફરીથી ત્રીજાઆરાના છેડે પ્રથમ તીર્થંકર થશે. અને શેષ ૨૩ તીર્થંકરો ચોથા આરામાં થશે. આ રીતે ત્રીજા-ચોથા આરામાં મળી ચોવીશ તીર્થંકરોની ચોવીશી થશે. અને ફરીથી એજ ક્રમ આગળ ચાલશે. ફરી ૮૪ હજાર વર્ષ પછી

ઉત્સર્પિણી કાળ ચોથા અને ત્રીજા આરામાં ફરી બીજી ચોવીશી થશે. અને ફરી આગળ ચાલતા બીજો અને પહેલો આરો ઉત્સર્પિણી કાળ નો વીતી જશે. એ રીતે બીજું કાળચક્ર પુરૂં થયું. આ પ્રમાણે એક કાળચક્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બે કાળ હોય છે.બન્ને ૬–૬ આરાવાળા હોય છે. ઉત્સર્પિણી કાળ પણ ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. અને એજ રીતે અવસર્પિણી કાળ પણ ૧૦ કોડાકોડી સાગરો-પમ પ્રમાણ હોય છે. એમ બન્ને મળી ૨૦કોડાકોડી સાગરોપમ કહેવાય છે. આ ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય છે. આ એક કાળચક્રમાં ૨ ચોવીશીઓ થાય છે. એ રીતે વિચાર કરતાં ખ્યાલ આવશે કે અનન્ત ભૂતકાળમાં કેટલા કાળચક્રો વીતી ગયા હશે? કારણ કે કાળતો સતત–નિરંતર નદીના પ્રવાહની જેમ ચાલતો જ છે. કાળ એક સેકંડ માટે પણ કોઈના માટે નથી રોકાતો. એ રીતે અનન્તા કાળચક્રો ભૂતકાળમાં વીતી ગયા છે. તો આ અનન્તા કાળચક્રોમાં ચોવીશ–ચોવીશ તીર્થંકર ભગવંતોની ચોવીશીઓ કેટલી થઈ? એક કાળચક્રમાં ૨ ચોવીશીઓ થાય છે. માટે અનન્તકાળચક્રોમાં અનન્ત × ૨ = અનન્ત જ થાય છે. આ પ્રમાણે વીતેલા ભૂતકાળમાં અનન્તી ચોવીશીઓ થઈ ગઈ છે. એક એક ચોવીશીમાં ૨૪–૨૪ તીર્થંકર ભગવન્તો થયાં છે. તો અનન્ત ચોવીશીઓમાં મળીને કેટલા તીર્થંકર ભગવંતો થયા? અનન્ત × ૨૪ = અનન્તા અનન્તા અરિહંત ભગવંતો થઈ ગયા છે.

વર્તમાન અવસર્પિણી કાળની ચોવીશીમાં આદિશ્વર ભગવાનથી લઈ ચોવીશમા શ્રી મહાવીરસ્વામી ભગવાન સુધીના ચોવીશ તીર્થંકર ભગવંતોના સમયમાં દરેક સમયે આજ નવકાર, અને આવો જ નવકાર મહામંત્ર એવો ને એવો જ બોલાતો હતો. નવકાર મહામંત્રમાં કયારેય પણ ફરક પડયો નથી. એજ પ્રમાણે ભૂતકાળની ગઈ ચોવીશી વખતે પણ આજ નવકાર મહામંત્ર એવો જ હતો કારણ કે એજ અને એવાજ અરિહંત ભગવન્તો ગઇ ચોવીશીમાં પણ થયા છે. અરિહંત–અરિહંતમાં કોઈ ફરક નથી હોતો. માટે તે તે સમયે 'નમો અરિહંતાણં' એ જ

રીતે બોલાતું હતું. માટે નવકાર મહામંત્ર કેટલો જુનો અને પ્રાચીન છે? આ પ્રશ્નના ઉત્તરમાં એટલું જ કહેવું પડે કે....જ્યારથી ચોવીશીઓ છે ત્યારથી જ નવકાર મહામંત્ર પણ છે. અને જ્યારથી કાળચક્ર છે. ત્યારથી નવકાર મહામંત્ર છે. માટે નવકાર મહામંત્રનું અસ્તિત્વ અનન્તકાળનું થઈ ગયું.

## ધર્મ અને નવકારની અનાદિ-અનન્તતા

"આદિ" એટલે શરૂઆત, પ્રારંભ. ન + આદિ = અનાદિ. જેની આદિ જ નથી દેખાતી તે અનાદિ. ક્યારથી શરૂઆત થઈ છે? એનો પહેલો છેડો ક્યાં છે? ક્યારથી છે એનો જ ખ્યાલ નથી આવતો માટે "અનાદિ" કહેવાય. આ રીતે ભૂતકાળમાં દૃષ્ટિપાત કરતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે.....અનન્ત ચોવીશીઓ ભૂતકાળમાં વીતી ગઈ છે. અને એના આધારે સ્પષ્ટ થાય છે કે અનન્ત કાળચક્રો વીતી ગયા છે. અને અનન્ત કાળચક્રો જેટલો જ સંસાર સીમિત નથી. અનન્ત કાળચક્રોને એક "પુદ્ગલ પરાવર્ત" નામની સંજ્ઞા જૈન શાસ્ત્રોમાં આપવામાં આવી છે. એવા અનન્ત પુદ્ગલ પરાવર્તો વીતી ગયા છે. એટલે સંસાર અનન્ત પુદ્ગલ પરાવર્ત કાળ જેટલો જુનો અને પ્રાચીન છે. એક સાગરોપમ બરાબર જ અસંખ્ય વર્ષો થતા હોય ત્યાં એક કાળચક્રના ૨૦ કોડાકોડી સાગરોપમ કાળમાં કેટલા વર્ષો થાય છે? એના ઉત્તરમાં કહેવાનું કે.....૨૦ કોડાકોડી સાગરોપમ × અસંખ્ય બરાબર અસંખ્ય વર્ષો થયા અને એવા અનન્ત કાળચક્રો વીતી ગયા તો પછી વર્ષો કેટલા થયા? અનન્ત કાળ ચક્રોમાં અનન્તાનન્ત વર્ષો વીતી ગયા. હવે આટલા અનન્તાનન્ત વર્ષોનો કાળ ભૂતકાળમાં વીતી ગયો હોય....એવા કાળમાં રોકીયું કરીને એની આદિ-શરૂઆત કેવી રીતે કાઢવી? સંભવ પણ નથી. એટલે અનન્તના આધારે અનાદિ પણું સિદ્ધ થાય છે. એ પ્રમાણે બન્ને શબ્દો સાથે જોડતા અનાદિ-અનન્તપણું સિદ્ધ થાય છે.

જ્યારથી નવકાર મહામંત્ર છે ત્યારથી અરિહંત ભગવંતો છે. અને જ્યારથી અરિહંત ભગવંતો છે ત્યારથી નવકાર મહામંત્ર છે. એ રીતે

ઉભયની સિદ્ધિ અન્યોન્ય થાય છે. એટલા માટે આગળના શ્લોક "આગે ચોવીશી હુઈ અનન્તી".....''માં નવકાર મહામંત્રની અનન્તતા અને ચોવીશીઓની અનન્તતા દર્શાવી છે. અને એ અનન્તતાના આધારે અનાદિતા સિદ્ધ થાય છે. માટે નવકાર મહામંત્રની આદિ–શરૂઆત કે પ્રારંભ કેવી રીતે ગણાય? ગણવું સંભવ કે શક્ય પણ નથી. કારણ કે અરિહંતોના સમયમાં નવકાર હતો. માટે કયા અરિહંત ભગવાને નવકાર મહામંત્ર બનાવ્યો? કયા નામધારી અરિહંત ભગવાન હતા? કોણે નવકારની રચના કરી? આ કેવી રીતે કહેવું? અનન્તા અરિહંતોમાંથી કોઈ એકનું નામ કેવી રીતે નક્કી કરવું?

દા. ત. આ વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર આદિનાથ–ઋષભદેવ ભગવાનનું નામ નવકાર બનાવનાર તરીકે આપણે નક્કી કરીએ. કદાચ તેમને બનાવ્યો હોય. પરન્તુ તે ઋષભદેવ ભગવાનના ૧૩ ભવો થયા છે. ૧૩ ભવોમાંના પહેલા ધનસાર્થવાહના ભવમાં પૂ. આચાર્ય ધર્મઘોષસૂરિ મહારાજને સાર્થમાં સાથે રાખીને તે ચાલતો ચાલતો એક ગામથી બીજા ગામે જતો હતો ત્યારે માર્ગમાં ઘણાં દિવસોના ઉપવાસના પારણારૂપે આચાર્યદેવને ઘીનું અખંડ ધારા–અને અખંડ ભાવે દાન કર્યું હતું. તે પ્રસંગે મહાત્માએ ધર્મ પમાડવા હિતોપદેશ આપ્યો હતો. અને ધનસાર્થવાહ સમ્યગ્ દર્શન સમ્યક્ત્વ પામ્યો હતો. અને એ રીતે ૧૩ ભવ સુધી ઉત્તમ કોટીની ધર્મ આરાધના કરતા... તીર્થંકર નામ કર્મ ૧૧ માં ભવે ઉપાર્જન કરીને ૧૩ મા ભવે ભગવાન ઋષભદેવ થયા હતા. તો એમને ૧૩ ભવની ઉત્તમ આરાધના શું નવકાર મહામંત્ર વિના કરી? એમને પ્રથમ ભવે સમ્યક્ત્વ પમાડનારા આચાર્ય ભગવન્તાદિ મુનિઓ હતા. શું તે બધા નવકાર મહામંત્ર નહોતા જાણતા કે ગણતા? અને તેઓ પણ કોઈ ને કોઈ તીર્થંકરના શાસનમાં તો હતા જ? તો શું સમજવું. આદિનાથ ભગવાને નવકાર બનાવ્યો એ કેવી રીતે કહેવું?

અને બીજી રીતે મહાવીર સ્વામી ભગવાને નવકાર બનાવ્યો એ

પણ કેવી રીતે કહેવું? પૂર્વની રીતે ફરી એ જ પ્રમાણે વિચાર કરતાં ખ્યાલ આવશે કે–ભગવાન મહાવીર સ્વામીના પણ ૨૭ ભવો થયા છે. અને પ્રથમ નયસારનો ભવ ભગવાન ઋષભથી પણ પહેલા મહાવિદેહ ક્ષેત્રમાં થયો હતો. ત્યાં જંગલમાં મુનિઓની પાસેથી સમ્યક્ત્વ પામ્યા હતા. અને નવકાર મહામંત્રનું સ્મરણ કરતા હતા. પછી ત્રીજા ભવે મરીચિ તરીકે ભગવાન ઋષભદેવનાં કુળમાં તેમના પૌત્ર તરીકે અને ભરત ચક્રવર્તીના પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા. આના આધારે એમ સિદ્ધ થાય છે કે મહાવીર સ્વામી ભગવાને પણ નહીં અને આદીશ્વર ભગવાને પણ નવકાર મહામંત્રની રચના નથી કરી. કારણ કે એમને સ્વયં પૂર્વના ભવોમાં અને પ્રથમ ભવમાં જ્યારે નવકાર મહામંત્રની ઉપાસના કરી છે તો પછી કયા આધારે એમ કહેવાય કે તેમને નવકારની રચના કરી છે? અજુગતુ લાગે.

માટે એમ કહીએ કે... ગઈ ચોવીશીના કોઈને કોઈ પ્રથમ તીર્થંકર ભગવંતે નવકારની રચના કરી હશે? પરન્તુ તેમના વિષે વિચાર કરતાં ફરી તેમના પણ પૂર્વ ભવોની વાત સામે આવશે અને તેમને પૂર્વભવોની સાધના ક્યારે કરી હશે? કેટલા ભવો કર્યા હશે? કારણ કે એકદમ તો તીર્થંકર બની નહીં ગયા હોય? તેમના જો પૂર્વ ભવો થયા હશે! તો પછી તેમણે પૂર્વ ભવોની સાધનામાં શું નવકાર મહામંત્રની સાધના નહીં કરી હોય? કોઈને કોઈની પાસે તો દીક્ષા લીધી જ હશેને? કોઈને કોઇની પાસેથી સમ્યક્ત્વ પણ પામ્યા જ હશેને? એ રીતે વિચાર કરતાં અનાદિતા નજર સામે આવીને ઉભી રહે છે. એટલે અનાદિ–અનન્તતા સ્વીકાર્યા વિના બીજો વિકલ્પ જ નથી અને એ જ સત્ય માર્ગ લાગે છે. એ પ્રમાણે નવકાર મહામંત્રની, ચોવીશીઓની–અરિહંતોની અને ધર્મની શાશ્વતતા... અનાદિ–અનન્તતા સિદ્ધ થાય છે.

**નવકારનું અવિનાશીપણું—**

જગતમાં એવો નિયમ છે કે—"जातस्य ध्रुवो मृत्यु", "उत्पन्नस्य नाशोऽवश्यंभावि". अनुत्पन्नोऽयमविनाशी" જે ઉત્પન્ન થાય છે તેનું મૃત્યુ અવશ્ય થાય છે, અને ઉત્પન્ન જે હોય છે તેનો નાશ અવશ્ય થાય છે. પરન્તુ જે અનુત્પન્ન અર્થાત્ ઉત્પન્ન થયેલ જ નથી તે અવિનાશી છે. ક્યારેય નષ્ટ નથી થતો. આ નિયમો પ્રમાણે આ સંસારમાં ઉત્પન્ન પદાર્થો ઘણાં છે તેમનો જ નાશ થાય છે. શરીર ઉત્પન્ન થયેલ છે માટે તેનો નાશ થાય છે. તેને જ આપણે મૃત્યુ કહીએ છીએ. અર્થાત્ જીવનું શરીર છોડીને જવું તેનું નામ મૃત્યુ. પુદ્‌ગલ પદાર્થો ઉત્પન્ન થાય છે, વસ્તુઓ ઉત્પન્ન થતી હોય છે માટે તે નાશવંત-વિનાશી છે. જ્યારે આત્મા અનુત્પન્ન છે. આત્મા ક્યારેય ઉત્પન્ન થતો નથી. બનતો નથી માટે આત્મા ક્યારેય નષ્ટ થતો નથી. સદા અવિનાશી છે. માટે આ નિયમના આધારે જ પૂર્વ જન્મો-અને ભાવિ જન્મોની સિદ્ધિ થાય છે. પુનર્જન્મ અને પૂર્વ જન્મોની સિદ્ધિમાં આ સિદ્ધાંત જ કામ કરે છે. પુનર્જન્મ અર્થાત્ ફરીથી જન્મ. ફરીથી શબ્દનો અર્થ શું સૂચવે છે? અર્થાત્ આ જન્મ પહેલા આત્મા બીજા ઘણા જન્મો કરી ચૂક્યો છે, અને હવે આ જન્મને ફરીથી ધારણ કર્યો છે. માટે પુનઃ શબ્દ વાપર્યો છે. Rebirth શબ્દમાં Re પણ પુનઃ (ફરીથી) ના અર્થમાં જ વપરાયેલ છે. આ જન્મ ધારણ કરનાર કોણ? આત્મા. આત્મા ન હોત તો આ જન્મ ફરીથી કોણ ધારણ કરત? માટે ક્યારેય પણ ન મરનાર, અને ક્યારેય પણ નષ્ટ ન થનાર એવો આત્મા ફરી ફરીને એક શરીર છોડીને (મૃત્યુથી) આવે છે અને ફરી નવું શરીર ધારણ કરે છે એને આપણે જન્મ કહીએ છીએ. જન્મ એટલે આત્માનું ફરીથી નવું શરીર ધારણ કરવું, શરીર સાથે નવો સંયોગ એ જન્મ અને શરીર સાથેનો વિયોગ એનું નામ મૃત્યુ. પૂર્વજન્મ-એટલે ભૂતકાળમાં થયેલા જન્મો, અને પુનર્જન્મ-અર્થાત્ ફરીથી ધારણ કરાતાં જન્મો એને આપણે પુનર્જન્મ કહીએ છીએ. એ વાત આત્માના

અનુત્પન્ન–અવિનાશીપણાના સિદ્ધાંત ઉપર આધારિત છે. જો આત્મા જ નષ્ટ થઈ ગયો હોત, કે આત્મા હોત જ નહીં તો, ફરીથી આ જન્મ–આ શરીર કોણ ધારણ કરત ? માટે આત્માને અનાદિ–અનન્ત નિત્ય શાશ્વત પદાર્થ માનવો પડે છે.

એ જ રીતે સમસ્ત બ્રહ્માણ્ડ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, આત્મા, લોક (ચૌદરાજ લોક) આદિ ઘણાં પદાર્થો અનાદિ–અનન્ત–નિત્ય–શાશ્વતા છે. અવિનાશી છે. અનન્ત કાળ સુધી પણ નિત્ય રહેનારા છે. કયારેય નષ્ટ થનારા નથી.

એ જ પ્રમાણે નવકાર મહામંત્ર પણ નિત્ય–શાશ્વત અવિનાશી છે. કયારેય પણ નષ્ટ થનાર નથી. ચૌદરાજ લોક રૂપ સમસ્ત બ્રહ્માંડમાં નવકાર મહામંત્ર સદાય સર્વત્ર સ્મરાતો–આરાધાતો રહ્યો છે. અને રહેશે. જ્યારે ભૂતકાળમાં અનન્તા અરિહંતો થઈ ગયા. અનન્તા આત્માઓ મોક્ષે ગયા છે. મોક્ષે જવાની શરૂઆત કયારથી થઈ? અરિહંત થવાની શરૂઆત કયારથી થઈ? સહુથી પહેલા અરિહંત કોણ થયા હતા ? એ કયા અરિહંત હતા ? એમનું શું નામ હતું ? એ જ પ્રમાણે સહુથી પહેલા કોણ મોક્ષે ગયું હતું ? કયો જીવ પહેલા મોક્ષે ગયો હતો ? એનું શું નામ હતું ? આ બધા પ્રશ્નોના જવાબો જો મળી શકે તો નવકારનો પણ જવાબ મળી શકે. પરન્તુ મોક્ષની સિદ્ધશિલાનું ઉદ્ઘાટન Opening Ceremony કયારેય કોઈનાય હાથે થયું નથી. અને કયો જીવ પહેલો મોક્ષે ગયો એનો જવાબ કયારેય મળે તેમ નથી ! માટે જ નવકારની આદિનો જવાબ પણ મળવાનો નથી. જ્યારથી અરિહંતો થયા છે ત્યારથી તે અરિહંતોનું સ્થાન આ નવકાર મહામંત્રમાં રહેલું છે. ત્યારથી તે અરિહંતો ને આ નવકાર મંત્ર વડે નમસ્કાર થતો રહ્યો છે. તે આજ દિવસ સુધી ચાલે છે. અને એ જ પ્રમાણે જ્યારથી જીવો મોક્ષે જતા હતા. જે કાળથી જીવો સિદ્ધ–બુદ્ધ–મુક્ત થતા હતા. ત્યારથી તે સિદ્ધાત્માઓને આ નવકાર મંત્ર વડે નમસ્કાર થાય છે. તે આજ દિવસ સુધી થઈ રહ્યા

છે. એટલે આ સિદ્ધાંતના આધારે નવકાર મહામંત્ર પણ અરિહંતો અને સિદ્ધો જેટલો જ શાશ્વતો છે. જો એમની આદિ મળે તો નવકારની પણ આદિ મળે.


અરિહંત અને સિદ્ધોની આદિ નહીં પણ અનાદિ માનવાની વાત ગળે ઉતરે છે, પણ નવકાર મહામંત્રની અનાદિતા માનવાની વાત ગળે નથી ઉતરતી. એ કેમ બેસે ? તો પછી શું આપણે એમ માનવું કે જે કાળે અરિહંતો–સિદ્ધો હતા, કે થયા હતા ત્યારે એમને નમસ્કાર કરવાની ક્રિયા જ ન હતી. એમને નમસ્કાર જ નહોતા કરાતા. શું કોઈ નમસ્કાર કરનાર જ ન હતા ? એનો મતલબ તે વખતે બીજા જીવો કોઈ હતા જ નહીં ? અને જો બીજા જીવો કોઈ જ ન હતા તો પછી અરિહંત–કે સિદ્ધ થયા તેમના જીવ કયાંથી આવ્યા ? શું આકાશમાંથી ટપકી પડયા ? તો આકાશમાં કયાંથી જીવ આવ્યા ? અને આકાશ જ કયાંથી આવ્યું ? આવા સેંકડો પ્રશ્નો ઉભા થઈ જશે. માટે અરિહંત–સિદ્ધ એ કોણ થયા ? કોઈ જીવ જ થયો છે. એ તો પદ–કે અવસ્થા છે. કોઈ પણ ભવ્ય જીવ આ પદ કે અવસ્થા પામી શકે છે. એટલે એ વખતે પણ અનન્તા જીવો હતા અને એ અનન્તમાંથી કોઇ જીવ અરિહંત બન્યો કે– કોઈ જીવ મોક્ષે જઈ સિદ્ધ બન્યો. એ પ્રમાણે જેમ અરિહંત અને સિદ્ધની સિદ્ધિ થાય છે તે જ રીતે તે તે કાળમાં તે તે થયેલા અરિહંતનાં આચાર્ય–ઉપાધ્યાય અને સાધુઓ પણ હતા. એ ઘઉંની સાથે જેમ ઘાસની સિદ્ધિ થાય છે તેમ અરિહંતાદિની સાથે આચાર્યાદિ બધાની સિદ્ધિ થાય છે. માટે એ પાંચે પરમેષ્ઠિની સિદ્ધિ અનાદિ–અનન્ત કાળથી છે એમ માનવું જ વધારે સુસંગત છે. એમનું અસ્તિત્વ સદાય છે.

અનાદિ–અનન્ત–નિત્ય–શાશ્વતપણું જો પંચ પરમેષ્ઠિનું તર્ક–યુક્તિગમ્ય રીતે સિદ્ધ થાય છે તો પછી નવકારનું કેમ નહીં ? તો પછી ફરી પાછું આપણે એમ માનવું પડશે કે–તે કાળે પંચપરમેષ્ઠિ ભગવંતો તો હતા પરન્તુ તેમને નમસ્કાર નહોતો થતો ? કે કોઈ

કરનાર જ નહોતો ? આ વાત જો સ્વીકારીએ તો ફરી એમ થશે કે તે વખતે એ પાંચ સિવાય બીજો કોઈ જીવ જ ન હતો. બીજા કોઈનું અસ્તિત્વ જ ન હતું. તો આ વાત પણ યુક્તિસંગત બેસવાની નથી. (જો બીજા કોઈ જીવો એ કાળે ન હતા તો પછી એ પાંચ પરમેષ્ઠિ કયાંથી આવ્યા ? શું પાંચે આકાશમાંથી ટપકયા !) શું એમના એમ પાંચેય પરમેષ્ઠિ થયેલા તૈયાર જ નીચે ઊતરી આવ્યા ? કે પછી ક્રમશઃ સાધના કરીને આગળ વધ્યા ?) માટે તે વખતે પણ અનન્તા જીવોનું અસ્તિત્વ આપણે સ્વીકારવું જ પડે. અને અનન્તા જીવોનું અસ્તિત્વ જો સ્વીકારીએ તો પછી એમ કેમ માની શકાય કે તે કાળે તેમને નમસ્કાર કરનાર કોઈ જ ન હતા ? કોઈ તેમને નમસ્કાર જ નહોતા કરતા ? એ કેવી રીતે માની લેવાય ? ચાલો. નમસ્કાર જ નહોતા કરતા તો શા માટે નહોતા કરતા ? શું કારણ હતું ? શું જવાબ આપવો ? માટે એવું કહેવા પાછળ આપણી પાસે કોઈ આધાર જ નથી. માટે પંચપરમેષ્ઠિઓ હતા ત્યારે આજના જેવું આખું જગત એવું ને એવું જ હતું. બધા જ જીવો હતા. અને બધું જ હતું. માટે બીજા વિચારોને અવકાશ જ નથી રહેતો. એટલે પંચપરમેષ્ઠિઓને તે કાળે જે નમસ્કારો થતા હતા, જે નમસ્કાર કરાતા હતા તેજ નમસ્કારની રીત તેજ નમસ્કારના શબ્દો આ નવકાર મહામંત્રમાં રખાયેલા છે. એટલે "એસો પંચ નમુક્કારો" આ પાંચમું પદ આવ્યું છે. એ પદ પાંચે પરમેષ્ઠિ ભગવંતો તથા નમસ્કાર એ બન્નેને સાબિત કરે છે. બધાને નમસ્કાર થતા હતા, થાય છે અને ભવિષ્યમાં પણ થતાં જ રહેશે. હવે ચૌદે રાજલોકરૂપ સમસ્ત બ્રહ્માંડ–સંસારમાં નવકાર મહામંત્રનું અનાદિ–સ્મરણ કેવી રીતે થઈ રહ્યું છે તે જોઇએ—

Jain Cosmology પ્રમાણે સમસ્ત Cosmos એટલે સંપૂર્ણ બ્રહ્માંડનું આ ચિત્ર છે. જૈન દર્શનમાં એના માટે "ચૌદ રજ્જુલોક" ચૌદ રાજલોક શબ્દ વાપરવામાં આવ્યો છે. બસ આ ચૌદ રાજની બહાર કંઈ જ નથી. એની બહાર નથી કોઈ જીવસૃષ્ટિ કે નથી કોઈ

**સમસ્ત બ્રહ્માંડમાં નવકારનું સતત સ્મરણ—**




અજીવ સૃષ્ટિ. નથી કોઇ પુદ્ગલ પરમાણું કે નથી કોઇ નાનો મોટો જીવ. પંચાસ્તિકાયાદિ જે કંઇ છે જેનું અસ્તિત્વ છે તેની સત્તા માત્ર

આ ચૌદ રાજલોક પરિમિત જે બ્રહ્માંડ ક્ષેત્ર છે તેની 'અંતર્ગત છે. અંદર છે પણ બહાર કંઈ જ નથી. બહાર માત્ર આકાશ છે. તે આકાશ લોક ક્ષેત્રની બહાર છે માટે તેને "અલોકાકાશ" કહેવાય છે. અને ચૌદ રાજની અંદરના આકાશને "લોકાકાશ" કહેવાય છે. આ જગતમાં જે કંઈ પણ છે તે આ ચૌદ રાજલોક પરિમિત ક્ષેત્રમાં જ છે. પંચાસ્તિકાય-(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્‌ગલાસ્તિકાય, અને (૫) જીવાસ્તિકાય. આ બધા આ લોક ક્ષેત્રમાંજ છે. લોકની બહાર કંઈજ નથી.

આ લોક ક્ષેત્રને ત્રણ વિભાગમાં વહેંચ્યો છે. માટે ત્રણ લોક કહેવાય છે. (૧) ઉર્ધ્વલોક-જેને દેવલોક કહેવાય છે. (૨) અધોલોક-જેને નરકલોક કે પાતાલ કહેવાય છે. (૩) મનુષ્યલોક અથવા તિર્ચ્છા લોક, કે તિર્યંગ્‌-લોક કહેવાય છે. અનુક્રમે દેવલોકમાં દેવતાઓ રહેતા હોય છે. એટલે "સ્વર્ગ" પણ એનું જ નામ છે અને અધોલોકમાં નારકી જીવો રહે છે માટે તેને નરક કહેવાય છે. અને તિર્ચ્છાલોકમાં-મનુષ્યો અને તિર્યંચ પશુ-પક્ષીઓ રહેતા હોય છે. આ તેમનું નિવાસ ક્ષેત્ર છે.

મનુષ્યના માટે તિર્ચ્છાલોકના અસંખ્ય દ્વિપ-સમુદ્રોમાંથી માત્ર અઢી દ્વીપનું જ પરિમિત ક્ષેત્ર છે. આની બહાર માત્ર તિર્યંચ પશુ-પક્ષીઓનો જ નિવાસ છે. આ અઢીદ્વીપમાં પંદર કર્મભૂમિઓ ધર્મના મુખ્ય ક્ષેત્ર છે. ૫ ભરત ક્ષેત્ર + ૫ ઐરવત ક્ષેત્ર + અને ૫ મહાવિદેહ ક્ષેત્ર = એ રીતે ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો છે. આ અઢીદ્વીપ અને ૧૫ કર્મભૂમિ આદિના ક્ષેત્રો વગેરે બધા શાશ્વતા છે. આ ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોમાં ધર્મ રહે છે.

૫ ભરત ક્ષેત્ર અને ૫ ઐરવત ક્ષેત્રો એ સમાનરૂપે ચાલે છે. અર્થાત્ એ બન્નેમાં કાળાદિ બધી વાતે સાદ્દશ્યતા-સમાનતા રહે છે. જે પ્રમાણે જે કાંઈ ભરત ક્ષેત્રમાં થતું હોય તે જ પ્રમાણે બધું ઐરાવત

ક્ષેત્રમાં પણ થાય છે. અર્થાત્ ભરતક્ષેત્રમાં જેમ કાળ પરિવર્તન થાય છે. ૬ આરાઓ બદલાતા જતા–હોય છે. તે જ પ્રમાણે ઐરવત ક્ષેત્રમાં પણ તેમજ થાય છે. અને ભરત ક્ષેત્રમાં જેમ ૨૪ તીર્થંકર ભગવંતો થાય છે. તેમ ઐરવત ક્ષેત્રમાં પણ ૨૪ તીર્થંકરો થાય છે. એ રીતે બન્ને ક્ષેત્રોમાં સમાનતા અને સાદૃશ્યતા એક સરખી રહે છે. બધા ભાવો સમાનરૂપે રહે છે.

મહાવિદેહ ક્ષેત્ર આ બન્ને કરતાં સાવ જુદું જ છે. ત્યાં કાળ પરિવર્તન નથી થતો. ત્યાં સદાકાળ ચોથો આરો જ રહે છે. અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રમાં ચોથો આરો સદા–નિત્ય રહે છે. માટે ત્યાં કાળ શાશ્વત હોય છે. અને અહીંયા પરિવર્તનશીલ હોય છે. ત્યાં સદા તીર્થંકર ભગવંતો હોય છે. અહીંયાં ભરતક્ષેત્રમાં સદાકાળ તીર્થંકરો નથી હોતા. ત્યાં સદા ધર્મ હોય છે, રહે છે. અને થતો જ હોય છે. જ્યારે અહીંયા ભરતક્ષેત્રમાં સદા ધર્મ નથી હોતો, માત્ર ૩, ૪, ૫માં આરામાંજ ધર્મ હોય છે પછી છઠ્ઠા આરામાં વિચ્છેદ થતો હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં એક પણ દિવસ ધર્મ વિનાનો નથી હોતો. તે જ પ્રમાણે એક પણ દિવસ તીર્થંકર વિનાનો પણ નથી હોતો સદા વીશ વીશ વિહરમાન તીર્થંકર ભગવંતો વિચરતા હોય છે.

ઉપરોક્ત આટલી ભૌગોલિક સ્થિતિ સમજાઈ ગઈ હશે. હવે વિચાર કરો કે આટલા મોટા વિશાળ ચૌદ રાજ લોકમાં, ત્રણે લોક-ક્ષેત્રમાં, તથા અઢી દ્વીપ આદિ ક્ષેત્રમાં નવકારમહામંત્રનું સદા કાળ રટણ, સ્મરણ, જાપ, ધ્યાન આદિ ચાલતું જ હોય છે. ભૌગોલિક દૃષ્ટિએ નવકાર મહામન્ત્રની આરાધના ઉપાસના સમસ્ત લોકમાં સર્વત્ર સતત ચાલતી હોય છે. આપણે ક્રમશઃ એકેકનો વિચાર કરીએ.

### નરકગતિમાં નવકાર

ચૌદ રાજલોકમાં નીચેના ૭ રાજલોકના અધોલોકને નરક કહેવાય છે. એવી સાત નરક પૃથ્વીઓ છે. તેના નામો આ પ્રમાણે છે (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમ-

પ્રભા, (૬) તમઃપ્રભા, (૭) તમસ્તમ (મહાતમપ્રભા) પ્રભા. આ સાતે નરક પૃથ્વીઓમાં નારકી જીવો રહે છે. તે પણ અસંખ્યની સંખ્યામાં હોય છે. આ અસંખ્યની સંખ્યામાં બધા નારકી જીવો હોય છે. સમ્યક્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બધી જાતના જીવો હોય છે. અહીં મનુષ્ય ગતિમાંથી ક્ષાયિકસમ્યકત્વના ધણી અને કદાચ પૂર્વે ભારે કર્મો ઉપાર્જન કરીને નિકાચિત કર્મ યોગે નરક ગતિમાં જવું પડ્યુ હોય અને ગયા હોય, જતા અંતર્મુહૂર્ત કાળ મિથ્યાત્વને સ્પર્શી ને ગયા હોય પરન્તુ પુનઃ ત્યાં જઈને સમ્યકત્વ જ પામે છે. ત્યાં સદાકાળ સમ્યક્ત્વી તરીકે જ રહે છે. દા. ત. શ્રેણિક રાજાનો જીવ. ક્ષાયિક સમ્યકત્વના માલિક હતા. અને પૂર્વે ભારે પાપ કર્મ બાંધવાના પરિણામે પ્રથમ નરકમાં ગયા. ૮૪ હજાર વર્ષ સુધી ત્યાં રહેવાના છે. અને પછી ત્યાંથી નિકળીને આ જ ભરતક્ષેત્રમાં આવતાં ઉત્સર્પિણી કાળના ચોથા આરાની શરૂઆતમાં આવશે. અહીંજ જન્મ લેશે. અને પ્રથમ તીર્થંકર પદ્મનાભસ્વામી તરીકે થશે. તેમનો જીવ દ્રવ્યજિન અત્યારે કહેવાય છે. "दव्व जिणा जिण जीवा" શાસ્ત્રની આ પંક્તિમાં કહ્યું છે કે દ્રવ્યથી જિનેશ્વરનો જીવ પણ દ્રવ્યજિન કહેવાય છે માટે તીર્થંકર ન પણ થયા હોવા છતાં તીર્થંકર નામકર્મ બાંધેલ હોવાથી અત્યારે તે 'દ્રવ્યજિન' કહેવાય છે. અને આ સિદ્ધાન્તાનુસારે જ અત્યારે આપણે તેમની પ્રતિમા ભરાવીને દેરાસરમાં પ્રતિષ્ઠા કરીને પૂજતા હોઈએ છીએ. ઉદયપુર શહેરમાં આ પદ્મનાભસ્વામીનું મોટું તીર્થ આવેલું છે. ઘણું પ્રાચીન છે. પદ્મનાભસ્વામી આગામી ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવાનની વિશાળ મોટી મૂર્તિ મૂળનાયક તરીકે બિરાજમાન છે. હજારો ભાવિકો ચારે બાજુથી આવતા હોય છે.

ભાવિમાં થનાર પદ્માનાભસ્વામી ભગવાનનો શ્રેણિક તરીકેનો એ જીવ વર્તમાનકાળે અત્યારે નરકમાં શું કરતો હશે? યદ્યપિ નરકમાં અશુભ પાપકર્મની સજા જ ભોગવાની હોય છે પરન્તુ ક્ષાયિક સમ્યકત્વના ધણી એવા મહાન આત્માઓ પોતાના સમ્યકત્વનો


આધાર જે નવકાર મહામંત્ર ઉપર રહેલો હોય છે તેનું સ્મરણ રટણ સતત કરતા હોય છે. કારણ કે સામાયિક–પૂજા–પ્રતિક્રમણ–પૌષધ ઉપવાસ–આયંબિલ આદિ વ્રત વિરતિ–તપ–ત્યાગના પચ્ચક્ખાણવાળો ધર્મ તો નરક ગતિમાં હોતો જ નથી માટે નરકગતિમાં નવકારમહા-મંત્રની આરાધના એક માત્ર એવી આરાધના છે કે જે સુલભ હોય છે, સરલ હોય છે સતત થઈ શકે છે. એટલે નરકમાં નવકારની આરાધના અનેક જીવો કરતા હોય છે.

અસંખ્ય નારકી જીવોમાં એવા તો અનેક નારકી જીવો હોય છે. જેઓ ભલે કદાચ ક્ષાયિક સમ્યકત્વી ન હોય, પરન્તુ ક્ષાયોપશ-મિકાદિ સમ્યકત્વવાળા હોય છે. ધર્મશ્રદ્ધાવંત હોય છે. પરન્તુ શું થાય ભારે પાપ કર્મો કરીને નરકગતિમાં ગયા હોય છે. દા. ત. ભગવાન મહાવીરસ્વામીનો જીવ ૧૮મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં હતો ત્યારે શય્યાપાલકના કાનમાં ગરમ–ગરમ તપેલું શીશું રેડાવીને ભારે પાપકર્મ કરીને ૧૯માં ભવે સાતમી નરકે ગયો. ત્યાં ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવ્યું, અને ત્યાંથી નિકળી ૨૦મો ભવ તિર્યંચગતિમાં સિંહનો કરીને ફરીથી ૨૧માં ભવે ચોથી નરકમાં ગયા. આ રીતે ભગવાન મહાવીરસ્વામીનો જીવ પોતાની ૨૭ ભવની પરંપરામાં ૨ વાર નરકગતિમાં ગયા. ૨ ભવો નરકમાં નારકી તરીકે કર્યાં અને આટલા લાંબા દીર્ઘ કાળના આયુષ્યો ભોગવ્યા. તેમને નરક ગતિમાં નારકી તરીકેના ભવમાં નવકાર મહામંત્રની આરાધના શુ નહીં કરી હોય? અનેકવાર નવકાર મહામંત્ર ગણ્યા હશે. જાપ કર્યો હશે. કારણ કે નય-સારના ભવથી જ સમ્યક્ત્વ પામેલા હતા. એવી જ રીતે નરકમાં તો અસંખ્ય જીવો છે. ઘણાં સમ્યકત્વી જીવો પણ હશે. નરકગતિમાં બધાજ જીવો વિભંગ જ્ઞાનવાલા હોય છે. ત્રીજું અવધિજ્ઞાન ત્યાં આગળ જન્મજાત હોય છે. એટલે પોતાના પૂર્વભવની હકીક્ત આદિ બધું જાણી શકે છે. એ રીતે પણ પૂર્વ ભવનું બધું સ્મરણ થઈ જાય છે. અને નવકાર મહામંત્ર વગેરે આવડી જાય છે. પછી શ્રદ્ધા રાખી

નવકાર મહામંત્રાદિનો જાપ. આદિ આરાધના કરતા હોય છે.

**દેવગતિમાં નવકારની આરાધના—**

જે રીતે આપણે નરક ગતિમાં નવકાર મહામંત્ર વિષે વિચારણા કરી તે જ રીતે દેવગતિમાં વિચારણા કરવાની છે. નરક કરતાં સ્વર્ગમાં નવકારની આરાધનાની સંભાવના ઘણી વધી જવાની. સ્વર્ગ ઘણો વિશાળ છે. ૭ રાજલોક પ્રમાણ ઉર્ધ્વ લોકનું ક્ષેત્ર છે. તિર્ચ્છાલોકના મેરૂપર્વતની ટોચ પછીથી અસંખ્ય યોજન પછીથી દેવલોકનો પહેલો દેવલોક શરૂ થાય છે. દેવલોકમાં બે વિભાગ છે. એક કલ્પોપપન્ન અને બીજો કલ્પાતીત. કલ્પોપપન્ન દેવલોકમાં ૧૨ દેવલોક આવે છે. પછીના



કલ્પાતીતમાં નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરના મળીને કુલ ૧૪ દેવલોક આવે છે. આ પ્રમાણે વૈમાનિક દેવજાતિના આટલા ૧૨+૯+૫=૨૬ દેવલોક છે. દેવગતિમાં કુલ્લે ૪ જાતિઓ મુખ્ય છે. (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્કમંડળ અને (૪) વૈમાનિક. આ પ્રમાણે ચારે જાતિના દેવતાઓ સમસ્ત દેવગતિમાં રહે છે. ભવનપતિના આવાસો વગેરે સર્વત્ર દેવલોક ક્ષેત્રમાં શાશ્વત જિનપ્રતિમાઓ અને શાશ્વતા મંદિરો છે. "સકલતીર્થ"નું તીર્થવંદનાસૂત્ર જે આપણે રોજ સવારે રાઈ પ્રતિક્રમણના સૂત્રમાં બોલીએ છીએ તેમાં જીવવિજયજી મહારાજે ચૌદ રાજલોકમાં કયાં શાશ્વતા કેટલા દેરાસરો છે અને તેમાં કેટલી શાશ્વતી જિનપ્રતિમાઓ છે તેની સંખ્યા દર્શાવી છે. કરોડો ઉપરની આ મોટી સંખ્યામાં મંદિરો અને મૂર્તિઓ ઘણા વિશાળ પ્રમાણમાં છે. આ ઉપરાંત પણ દેવતાઓ તીર્થંકર ભગવાનના નિર્વાણ કલ્યાણક આદિ પ્રસંગે જાય છે ત્યારે અગ્નિદાહ પછી ભગવાનની દાઢા–અસ્થિ આદિ લાવીને તેને પોતાના આવાસરૂપ વિમાનમાં રત્નના દાબડામાં રાખી મૂકે છે, પછી તેની પણ પૂજા કરે છે. આ પ્રમાણે સ્વર્ગના દેવતાઓને સામાયિક, ઉપવાસ, પ્રતિક્રમણ અને પૌષધ આદિ વ્રત–પચ્ચકખાણ કે વિરતિનો ધર્મ સંભવ નથી. એટલે એક માત્ર ભગવાનના દર્શન, પૂજા કે તીર્થયાત્રા આદિ જ કરી શકે. તે માટે નંદીશ્વર દ્વીપમાં જાય છે. ત્યાં બાવન જિનાલયો વગેરે જે શાશ્વતા મંદિરો તીર્થો હોય છે ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ વગેરે કરે છે. આઠ–આઠ દિવસ સુધી મોટા પ્રમાણમાં પૂજા–ભક્તિ વગેરે કરીને સમ્યકત્વી દેવતાઓ આનન્દ અનુભવે છે.

એવી જ રીતે તીર્થંકર ભગવાનના જન્માભિષેક મહોત્સવ આદિની ઉજવણી કરે છે. પ્રભુને મેરૂપર્વત ઉપર લઈ જઈને અભિષેક આદિ કરે છે. અષ્ટ પ્રકારી પૂજા રચે છે. એવી જ રીતે તીર્થંકર ભગવાનના જન્માદિ કલ્યાણકો ઉજવે છે. કેવળજ્ઞાન કલ્યાણક પ્રસંગે સમવસરણની રચના કરે છે. સમવસરણમાં બેસી પ્રભુની દેશના શ્રવણ કરે છે–અને

પ્રભુની સેવામાં પણ ઉપસ્થિત રહે છે. પરન્તુ આટલું બધું કરવા છતાં વ્રત-વિરતિ-કે પચ્ચક્ખાણવાળો ધર્મ નથી કરી શકતા. માત્ર ભક્તિ-દર્શન-પૂજા પ્રધાન ધર્મ જ કરી શકે છે-નવકાર મહામંત્રનો જાપ-ધ્યાન સારી રીતે કરી શકે છે. જેમ-જેમ ઉપર ઉપર ના ઊંચા સ્વર્ગે જઇએ તેમ તેમ દેવતાઓ ઓછામાં ઓછા ભોગો ભોગવે છે. અને અનુત્તર વિમાનમાં તો ૩૩ સાગરોપમ સુધીના દીર્ઘતમ આયુષ્યકાળ દરમ્યાન ધ્યાન, તત્ત્વચિંતન આદિમાં કાળ વ્યતીત કરતા હોય છે. બીજો વ્રત-વિરતિકે પચ્ચક્ખાણાદિ વાળો ધર્મ ન થઇ શકતો હોવાથી દેવતાઓ સવિશેષરુપે ભક્તિ-દર્શન-પૂજા અને વધારે પડતું નવકાર મહામંત્રનું સ્મરણ સારી રીતે કરે છે. પાર્શ્વકુમારે સેવક પાસે જે કાષ્ઠમાં બળતા સાપને નવકારમંત્ર સંભળાવ્યો અને તે જીવ મરણ સમયે નવકાર મહામંત્રમાં સમાધિ રાખીને પોતાની મતિ અને ગતિ બન્ને સુધારે છે. તે સીધો નાગદેવલોકમાં પહોંચીને નાગરાજ ધરણેન્દ્ર બન્યો. તે સમ્યક્દૃષ્ટિ દેવતા મહામંત્રનું સ્મરણ ન કરે એ બને જ નહીં. સતત સ્મરણ કરે.

નયસાર ભગવાન મહાવીરનો જીવ પ્રથમ ભવે નવકાર મહામંત્રનું સ્મરણ કરીને નવકાર મહામંત્રમાં તલ્લીન થઇને મૃત્યુ પામી બીજા ભવે સ્વર્ગે સીધાવ્યો. શું તે જીવે દેવલોકમાં નવકાર મહામંત્રનું સ્મરણ નહીં કર્યું હોય? એ સંભવે જ નહીં. ઉપરથી હજારગણું વધારે કર્યું હશે. ભગવાન મહાવીરસ્વામીના નયસારથી લઇને મહાવીર સુધીના સત્તાવીશ ભવોમાં કુલ દશ ભવ તો દેવગતિમાં થયા છે. સાગરોપમોના લાંબા-લાંબા અસંખ્ય વર્ષોના આયુષ્યવાળા ભવોમાં કેટલી જબરદસ્ત નવકાર મહામંત્રની સાધના કરી હશે. ૨૬ મેં ભવ દશમાં પ્રાણાત નામના દેવલોકમાં ૨૦ સાગરોપમના આયુષ્યની સ્થિતિ-વાલો ભવ હતો. એક સાગરોપમનું પ્રમાણ પણ અસંખ્ય વર્ષ બરોબર થાય છે. તો આ તો ૨૦ સાગરોપમનું આયુષ્ય હતું તો કેટલા વર્ષ થયા? અસંખ્ય × ૨૦ = અસંખ્ય વર્ષોનું આયુષ્ય એકલા છવ્વીસમાં

ભવનું હતું. એજ પ્રમાણે પાર્શ્વનાથ ભગવાનનું અહીંયા નવમાં ભવે આજ દેવલોકમાં આટલું આયુષ્ય હતું. તેમણે ૫૦૦ કલ્યાણકોની આરાધના ઉત્તમ કરી હતી. આ પ્રમાણે સમ્યગ્ દૃષ્ટિ દેવતાઓ સ્વર્ગમાં સતત નવકાર મહામંત્રનું રટણ-કરતા હોય છે. ત્યાં નવકારની ઉપાસના આરાધના ચાલતી હોય છે. બીજું દેવલોકમાં દેવભવમાં જન્મથી જ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. સુલભ હોય છે. પછી તો સવાલ જ ક્યાં રહ્યો ? એ અવધિજ્ઞાનથી પૂર્વભવાદિનું સ્મરણ કરે. ઉપયોગ મૂકીને જુવે અને તરત જ ખ્યાલ આવે. એટલે દેવતાઓ આરાધના-ઉપાસના પણ સારી રીતે કરી શકે છે.

એ જ હેતુથી જે ધર્મ આપણે આરાધીએ છીએ, આપણો એજ ધર્મ સ્વર્ગના દેવતાઓ પણ આરાધે છે માટે દેવતાઓ આપણા સહધર્મી-સાધર્મિકબંધુ (સ્વામીભાઈ) થયા. શક્તિ અને ઋદ્ધિ-સિદ્ધિમાં આપણાથી મોટા પ્રમાણમાં તેમની પાસે બધું છે, એટલે તે આપણા મોટાભાઈ કહેવાય. પરન્તુ મનુષ્ય ગતિ અને મનુષ્ય જીવનમાં આપણે વ્રત-વિરતિ કે પચ્ચક્ખાણનો વિશેષ ધર્મ કરી શકતા હોઈએ છીએ, એટલે દેવતાઓ કરતાં પણ આપણું મનુષ્યનું એક ગુણસ્થાન ઊંચું ગણાય છે. મનુષ્યો પાંચમાં ગુણસ્થાને પહોંચીને દેશવિરતિધર શ્રાવક બનતા હોય છે. જ્યારે દેવતાઓ ચોથા ગુણસ્થાને રહીને અવિરતિધર સમ્યગ્દૃષ્ટિ શ્રદ્ધાલુ બની શકે છે. માટે ધર્મની દૃષ્ટિએ મનુષ્યો ઊંચા છતાં બન્ને સ્વધર્મી સાધર્મિક બંધુ કહેવાઇએ છીએ. આ પ્રમાણે ચોથા ગુણસ્થાને ચઢતાં સમ્યક્ શ્રદ્ધાધારી અનેક સમ્યકત્વી દેવતાઓ નવકાર મહામંત્રની આરાધના ઉપાસના સતત કરતા હોય છે. સંમ્યગ્ શ્રદ્ધાવંતની શ્રદ્ધા નવકાર મંત્ર ઉપર સવિશેષ હોય છે. કારણ કે સમ્યક્ત્વ-દેવ-ગુરૂ-ધર્મની શ્રદ્ધા ઉપર આધારિત રહેલ છે. અને એજ દેવ-ગુરૂ-ધર્મનું સ્વરૂપ નવકાર મહામંત્રમાં છે. એમ કહો કે દેવ-ગુરૂ-ધર્મને નમસ્કાર સ્વરૂપે આખો નવકાર મહામંત્ર છે. માટે જે જે સમ્યગ્ દૃષ્ટિ જીવ હશે તે તે નવકાર

મહામંત્રની શ્રદ્ધાવાળો ચોક્કસ હશે. પણ જે જે નવકાર મહામંત્રવાળો જીવ હશે તે સમ્યગ્ શ્રદ્ધાવંત હોઈ પણ શકે અને ન પણ હોઈ શકે. જેમ કે... કોઇ મુસલમાન અથવા હિન્દુએ પુસ્તકમાંથી નવકાર મહામંત્ર વાંચ્યો, જાપ કર્યો, શીખ્યો. એથી એને નવકાર આવડતો હશે એમ કહેવાશે. પણ તેનામાં સાચી શ્રદ્ધા નહીં પણ જાગી હોય, માત્ર દુઃખ–રોગ નિવૃત્તિ માટે કદાચ ઉપયોગ કરતો હશે, પરન્તુ સમ્યગ્ શ્રદ્ધાળુ જીવ નવકાર મહામંત્ર ઉપર પૂરો અતૂટ શ્રદ્ધા રાખીને બેઠેલો હશે.

આ પ્રમાણે દેવગતિમાં અને નરકગતિમાં સમ્યગ્ દૃષ્ટિવાળા અનેક શ્રદ્ધાળુઓ નવકાર મહામંત્રની આરાધના–ઉપાસના સતત કરતા હોય છે. ચૌદરાજલોકના વિશાળ ક્ષેત્રમાંથી ૭ રાજલોકનું મોટું, ઉર્ધ્વલોકનું અર્ધું રાજ્ય દેવતાઓના હાથમાં છે. અને એજ પ્રમાણે નીચેનું અર્ધું રાજ્ય ૭ રાજલોકનું અધોલોકનું નરકના નારકી જીવોના હાથમાં છે. એટલે બન્નેના હાથમાં ચૌદરાજલોકનું અર્ધું–અર્ધું વહેંચાઇ ગયું. પછી વચ્ચેનું જે માત્ર ૧૮૦૦ યોજનનો ઉર્ધ્વ–અધોની વચ્ચેનો ભાગ બચ્યો તે જ માત્ર મનુષ્ય અને તિર્યંચ જીવો માટે છે. એટલે દેવ–અને નરકનું ક્ષેત્ર પણ મોટું વિશાળ અને એજ પ્રમાણે ત્યાં બન્નેની સંખ્યા પણ અસંખ્યની છે. એમાં સમ્યગદૃષ્ટિ જીવોની સંખ્યા પણ વધારે હશે. એટલે ત્યાં નવકાર મહામંત્રની આરાધના પણ વધારે પ્રમાણમાં થતી હશે. હવે આપણે મનુષ્ય અને તિર્યંચની ગતિમાં નવકારનો વિચાર કરીએ.

### તિર્ચ્છાલોકમાં નવકારની આરાધના

તિર્ચ્છાલોકનું ક્ષેત્ર ઉર્ધ્વ અને અધોલોક અર્થાત્ દેવલોક અને નરકની વચ્ચેનું સીમિત ક્ષેત્ર છે. ચૌદરાજલોકની વચ્ચોવચ મધ્યમાં મેરૂપર્વત આવેલ છે. મેરૂપર્વતની સમતલા ભૂમિ એ ચૌદરાજલોકનું મધ્ય કેન્દ્ર છે. આ સમતલા ભૂમિથી ૯૦૦ યોજન ઉપર અને એનાથી જ ૯૦૦ યોજન નીચે એ પ્રમાણે ૧૮૦૦ યોજનનો કુલ વિસ્તાર તિર્ચ્છા-

લોકનું ક્ષેત્ર છે. એ સમતલા ભૂમિના લેવલમાં વિસ્તાર પામેલા અસંખ્ય દ્વિપ-સમુદ્રો છે. એમાં માત્ર વચ્ચેના અઢીદ્વિપ જ મનુષ્ય વસતિના ક્ષેત્ર છે. બસ અઢીદ્વિપની બહારના ક્ષેત્રમાં મનુષ્ય વસતિ નથી. અઢી-દ્વિપમાં વચ્ચે ૨ સમુદ્રો છે. પ્રથમ જંબુદ્વિપ, પછી ક્રમશઃ એક સમુદ્ર એક દ્વિપ એમ ઉત્તરોત્તર ડબલ ડબલ માપના છે.

માનુષોત્તરપર્વત.

{(...........(...........(.........(......(.........
પુષ્કરાર્ધદ્વીપ કાલોદધિસ ધાતકીખંડ લવણસ. જંબુદ્વીપ
૩ ૨ ૧

)........)..........)..........)..........) }
લવણ ધાતકીખંડ કાલોદધિસ પુષ્કરાર્ધદ્વીપ
૨ ૩

૮ + ૮ + ૪ + ૨ + ૧ લાખ યો. + ૨ + ૪ + ૮ + ૮ = ૪૫ લાખ યોજન

આ પ્રમાણે ગોળાકાર ફરતી સ્થિતિમાં એક દ્વીપ, એક સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં એકથી બીજા ડબલ ડબલ યોજન પ્રમાણ વિસ્તારવાળા છે. તેમાં વચ્ચેના અઢી દ્વીપ (અને ૨ સમુદ્રો)નું માપ ઉપર દર્શાવ્યા પ્રમાણે ૪૫ લાખયોજન પ્રમાણ છે. આ અઢીદ્વીપ ક્ષેત્રમાં મનુષ્યગતિના મનુષ્યો તથા તિર્યંચ ગતિના પશુ-પક્ષીઓ બન્ને ગતિના જીવો સાથે રહે છે. અઢી દ્વીપની બહાર માત્ર તિર્યંચ ગતિના પશુ-પક્ષીઓ જ વસે-રહે છે. ત્યાં મનુષ્ય નહીં અઢીદ્વીપમાં પુષ્કરાર્ધ દ્વીપ ૧૬ લાખ યોજનના વિસ્તારવાળો છે, પરન્તુ તેની વચ્ચોવચ્ચ માનુષ્યોત્તર પર્વત આવેલ છે. તેની આ બાજુ એટલે માનુષ્યોત્તર પર્વત સુધી જ મનુષ્યોની વસતિ છે. પરન્તુ તેની બાહર આગળના દ્વીપ-સમુદ્રોમાં મનુષ્યોની વસતિ નથી.

આ અઢીદ્વીપમાં જંબુદ્વીપ-ઘાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપના ક્ષેત્ર માં પંદર કર્મભૂમિઓ, ત્રીશ અકર્મભૂમિઓ, અને છપ્પન અંતદ્વીપ ક્ષેત્ર એમ કુલ ૧૦૧ ક્ષેત્રો છે. આ મનુષ્ય વસતિના, મનુષ્યોને ઉપજવાના

ક્ષેત્રો છે. એ ૧૦૧ માંથી માત્ર ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોમાં જ ધર્મ છે. શેષ બીજે ક્યાંય ધર્મ નથી. જેની વિચારણા થોડીક આપણે પહેલાં કરી છે. તે પાંચ ભરત, પાંચ ઐરવત, અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર એમ કુલ મળી પંદર કર્મભૂમિ ક્ષેત્રમાં ધર્મ છે. તીર્થંકર ભગવંતો સાધુ સાધ્વી થાય છે. નવકાર મહામંત્ર છે તે ગણાય છે. કાલિક અને ક્ષેત્રીય ઉભય દૃષ્ટિએ નવકાર મહામંત્રની આરાધના ઉપાસના સદાકાળ ચાલતી હોય છે. ભરત અને ઐરવત ક્ષેત્રમાં કાળ પરિવર્તનશીલ છે. આરાઓ બદલાતા રહે છે. પરન્તુ પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં કાળ ક્યારેય બદલાતો નથી. ત્યાં સદાકાળ ચોથો આરો જ વર્તતો હોય છે. એટલે સદાકાળ તીર્થંકરભગવંતો થતા હોય છે. અને સદાકાળ ધર્મ ત્યાં શાશ્વત સ્વરૂપે ચાલતો હોય છે, માટે નવકાર મહામંત્રની આરાધના પણ સદા-કાળ શાશ્વત જ ચાલતી હોય છે.

**નયસારની નવકાર સાધના :**

આ જંબુદ્વીપની મધ્યમમાં આવેલ મહાવિદેહ ક્ષેત્ર માં પશ્ચિમ મહા વિદેહમાં નયસાર નામનો એક ગ્રામમુખી રહેતો હતો. તે કઠિયારા તરીકે જંગલમાં જઈ લાકડાં કાપીને, લાવીને કામ કરતો હતો. એક વખત પોતાના સ્વામીની આજ્ઞાથી જંગલમાં કાષ્ઠ લેવાના અર્થે ગયો હતો. મધ્યાન્હે રોટલા ખાવાના સમયે તે જ્યારે રોટલા હાથમાં લઈને બેઠો છે ત્યાં તેને ભાવના જાગી કે....અહો ! આ સમયે કોઈ અતિથિ મહાત્મા પધારે તો કેટલું સારૂં થાય ? હું તેમને ખવરાવીને પછી ખાઉં ! મારો આહાર તેમને આપીને રાજી થાઉં ! હું તો રોજ ખાતો જ આવ્યો છું, પણ ખવરાવીને નથી ખાધું. માટે આજે કોઇ અતિથિ મહાત્મા પધારે તો ઘણું સારૂં.

વિચાર કરીએ, નયસાર જન્મે જૈન નથી આપણી જેમ નયસારને જન્મથી દેવ-ગુરૂની ઓળખ વગેરેના સંસ્કાર મળ્યા નથી ! વાત પણ સાચી છે. ક્યાંથી મળે ? માટે કોઈ જૈન સાધુ મુનિરાજ પધારે એમ ન બોલતાં નયસાર કોઈ અતિથિ મહાત્મા પધારે તો ઘણું સારૂં એમ

બોલે છે, પરંતુ દેશ-ક્ષેત્ર-કાળ બધા વિપરીત છે. ધૂમ ગરમીના તાપમાં ભર બપોરે અને તે પણ જંગલના ક્ષેત્રમાં કોઈ પણ અતિથિ મહાત્મા કયાંથી પધારે? અને જંગલમાં કોઇ હાઈવે-વગેરેનો રસ્તો નથી- આજના જેવા ડામરરોડ બાંધેલા નથી. અને આવા ધૂમ તાપમાં ભર બપોરે કોઈ મહાત્મા કયાંથી મળે? જૈન સાધુ ઉઘાડે પગે ચાલે. ભર બપોરે ધરતી તો ગરમ તવાની જેમ તપતી હોય. પગ મૂકે તો પાપડની જેમ પગ પણ શેકાઈ જાય. એવી ગરમી એવો વિપરીત કાળ અને સમય અને તેમાં પણ જંગલનું ક્ષેત્ર મહાત્માને પધારવા માટે દેશ-ક્ષેત્ર કાળ ત્રણે પ્રતિકૂળ છે. છતાં પણ નયસારના મનમાં ભાવના પ્રબલ જાગી છે. દેશ, ક્ષેત્ર અને કાળ ભલે પ્રતિકૂળ હોય પરન્તુ ભાવના તો અનુકૂળ છે. માટે નયસાર દૂર-સુદૂર જંગલની પગકેડીની વાટ તરફ નજર નાંખીને અતિથિ મહાત્માના પધારવાની રાહ જોતો મીટ માંડીને બેઠો છે. ભાવના પ્રબલ વેગ પકડતી જાય છે. પોતે આજ વિચારમાં બેઠો છે. સ્વયં રોટલા નથી ખાતો, અને ભાવનાયોગમાં સ્થિર થઇને બેઠો છે.

શાસ્ત્રકાર મહર્ષિ લખે છે કે—"यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी तस्य"।-જેની જેવી ભાવના હોય છે તેને તેવી સિદ્ધિ મળે છે. ભાવના ફળે છે, સાચી ભાવના પ્રબળ હોય તો સિદ્ધિ જરૂર મળે છે. આશ્ચર્યની વાત હતી. અસંભવ જણાતું હતું છતાં પણ એ ભર બપોરે કોઈ મુનિ મહાત્મા વિહાર કરતાં માર્ગ ભૂલી ગયા અને આ બાજુની પગકેડીથી આવી રહ્યા હતા. દૂર મીટ માંડીને રાહ જોતો ઊભેલો નયસાર અતિથિ મહાત્માને આવતા જોઇને રાજી-રાજી થઈ ગયો. રોમાંચિત થઈ ગયો. હર્ષઘેલો બનીને સામે લેવા દોડયો. વ્યક્તિમાં પડેલી યોગ્યતા નમસ્કારના પ્રથમદર્શી વ્યવહારથી પ્રગટ થાય છે. આ નિયમાનુસારે નયસાર સામે દોડીને ગયો, અને હાથ જોડી નમસ્કાર કર્યા. વંદન, પંચાંગપ્રણિપાત આદિ ગુરુવંદનની વિધિ નથી આવડતી; જન્મે જૈન નથી એટલે શીખેલો નથી. નથી જાણતો; પરન્તુ નમસ્કાર કરવાનું તો સારી રીતે જાણે છે.

શિષ્ટાચાર છે. તુરંત નમસ્કાર કર્યા, વિનંતી કરી–હે ભગવન્! પધારો.... આ બાજુ શીતલ છાયામાં પધારો. જંગલ હતું. ઘર નથી. માટે આમ્રવૃક્ષની શીતલછાયા નીચે લઈ ગયો. મહાત્માએ વિસામો લીધો. આરામ કરી વ્યાકુલતા દૂર કરી. નયસારે ધીમે રહીને વિનંતી કરી.... ભગવન્! કૃપા કરી મને થોડો લાભ આપો. લાભ લો એમ નહીં પણ લાભ આપોની વિવેકી ભાવના છે. વિનમ્રભાવે વિનંતિ કરી. નયસારનો અત્યન્ત વિનીત-વિનમ્રભાવ જોઈને મહાત્માને પણ લાગણી જાગી. અને મહાત્માએ અલ્પમાંથી પણ અલ્પ ગ્રહણ કરવા રૂપે થોડો લાભ આપ્યો. થાક દૂર કરી આહાર કરી મહાત્મા વિહાર કરવાં તૈયાર થયા. એવામાં નયસારે ફરીથી વિનીતભાવે વિનંતી કરી. હે કૃપાલુ! અત્યારે તો હજી ધૂમ તાપ છે, ગરમી સખત છે. પહેલાથી જ આપના પગમાં ફોલ્લા પડી ગયા છે. ભગવન્! આપ કેવી રીતે વિહાર કરી શકશો? આપ થોડો સમય વધારે વિશ્રામ કરી લો. ત્યાં સુધી સંધ્યા કાળ થઈ જશે. સૂર્ય પશ્ચિમમાં નીચે ઢળશે. થોડીક છાયા વધશે. તાપ ઘટશે પછી હું આપને સાથે મૂકવા આવીશ. હવે આપ ચિન્તા ન કરતા. હવે માર્ગ નહીં ભૂલો. જંગલની વાટ મારી જાણીતી છે. હું આપને વાટ દેખાડીશ. આટલી બધી વિનમ્ર ભાવના નયસારની જોઈને મહાત્મા પીગળી ગયા. હા પાડી, વિશ્રામ કરી સંધ્યા સમયે નયસારની સાથે વિહાર કર્યો. માર્ગ દેખાડતો નયસાર સાથે ચાલી રહ્યો છે. દૂરથી ગામની ભાગોળ દેખાવા માંડી, એટલે મહાત્માએ નયસારને કહ્યું ભાગ્યશાળી! હવે તમે જાઓ. ગામ સામે દેખાય છે. એટલે હું જઈ શકીશ. તમારે પણ બીજા કામ હશે. મહાત્માના આ શબ્દો સાંભળીને નયસાર કહે છે– ભગવન્! આપથી વિખૂટા પડીને જવાનું મન નથી થતું; પરન્તુ હે કૃપાલુ! મેં તો આપને આ જંગલનો માર્ગ દેખાડયો છે. હવે આપ પણ મારા ઉપર કૃપા કરીને મને પણ કોઈ માર્ગ નિર્દેશ કરો. મારા લાભ માટે કોઈ યોગ્ય માર્ગ દેખાડો. આ શબ્દોમાં નયસારની યોગ્યતા અને પાત્રતા વધુ સ્પષ્ટ થઈ ગઇ. એનું હૈયું ખોલીને એમણે દેખાડી દીધું. માત્ર વ્યવહારમાં બાહ્ય વિનય જ કામ

નથી આવતો પણ આભ્યંતર ભાવ વિનય પણ ઉંડી છાપ પાડી જાય છે.

મુનિ મહાત્મા નયસારની ઊંચી કક્ષાની યોગ્યતા–પાત્રતા સારી રીતે સમજી ગયા. ઓહો ! આ કેટલો ઉંચો જીવ છે ? સામેથી માર્ગ પૂછી રહ્યો છે. ભાવિમાં તીર્થંકર થનારા જીવોની આટલી ઊંચી કક્ષાની યોગ્યતા કે પાત્રતા અવશ્ય હોય છે. ભાવિની ભવિતવ્યતાના લક્ષણ અલ્પાંશે પણ વર્તમાનમાં દેખા દેતા હોય છે. મહાત્માએ નયસાર ને ખૂબ સારી રીતે ધર્મ માર્ગ સમજાવ્યો. એ આત્મ કલ્યાણનો માર્ગ હતો. મુનિએ મહામંત્ર નવકાર આપતાં કહ્યું ભાગ્યશાળી ! આ મહામંત્ર છે. એમાં અરિહંત અને સિદ્ધ એ બે દેવ–દેવાધિદેવ ભગવાન છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ તરીકે છે. અને એ પાંચે પરમેષ્ઠિને નમસ્કાર જે કરાયા છે તે ધર્મસ્વરૂપે છે. માટે દેવ–ગુરુ અને ધર્મની આરાધના જ આત્માને તારનારી નિવડે છે. તમે નિશ્ચિંતપણે આ મહામંત્રની આરાધના ઉત્તમ રીતે કરતા રહેજો. ધર્મલાભ....

મુનિ મહાત્માની અમૃતધારા વરસતી મીઠી મધુર વાણી અને ઝરતો કરૂણારસ અને તેમાં પણ મહામંત્ર નવકારની ઉત્કૃષ્ટ સાધના પામી નયસાર અર્થાદિના ચિન્તનમાં ગરકાવ થઈ ગયો, અંતરાત્મામાં એને ભાવપૂર્વક સ્વીકાર કરી રહ્યો હતો. ઊંચા અધ્યવસાયે ચઢી ગયો અને યથાપ્રવૃત્તિકરણ–અપૂર્વકરણ આદિની પ્રક્રિયા પ્રારંભ થઈ. અને અંતર્મુહૂર્તકાળમાં તો રાગ–દ્વેષની નિબીડ ગ્રંથિ ભેદીને નયસારનો આત્મા મહામિથ્યાત્વના પડલોને દૂર કરીને ઊંચી શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરે છે. નયસાર આજ ચિન્તનની ધારામાં ઘરે આવે છે. આજે જાણે ચિન્તામણી રત્ન ન મળ્યું હોય ! એટલો આનન્દ છે. રોમાંચ છે. સમસ્ત રોમરાજી વિકસ્વર થઈ ગઈ. આ જ આનંદની ઉત્સાહભરી ક્ષણો હોય છે જેમાં આત્મા જબરજસ્ત કર્મ નિર્જરા કરતો જ જાય છે. પત્નીએ જમવા કરવાનું કહ્યું. પરન્તુ નયસારનું પેટ તો રોજ જ ભરાતું હતુ. આજે તો મન ભરાઇ ગયું છે. ભરાઇ શું ગયું ધરાઈ

ગયું છે. મન સંસારને અને ધર્મને, આત્માને અને જગતને તથા બાહ્ય વિભાવદશાને અને આભ્યંતર સ્વભાવદશાને ભિન્ન ભિન્ન સમજીને ચાલતા....ચાલતા....હેયનો ત્યાગ કરી ઉપાદેયમાં મસ્ત (સ્થિર) રહેવા લાગ્યું. જીવનનો શેષકાળ આજ ઉત્તમ સાધનામાં વિતાવ્યો અને પંચપરમેષ્ઠિ મહામંત્રનું સતત સ્મરણ અને રટણ ચાલુ રાખ્યું. સચેત સાવધાન આત્મા પાપભીરૂ અને ભવભીરૂ બન્યો. મહામંત્રની મહાન-સાધનામાં સ્થિર રહીને સમાધિ દશા પ્રાપ્ત કરીને નયસારે પ્રાણોનો ત્યાગ કર્યો. મૃત્યુને શું સુધાર્યું જાણે આખું જીવન જ સુધારી દીધું. જીવન ધન્ય ધન્ય બની ગયું. ક્ષણ ક્ષણ પાવન થઇ ગઈ. નયસારનો આત્મા આ આયુષ્ય પૂર્ણ કરીને બીજા ભવે સ્વર્ગે સીધાવ્યો. ત્યાં પણ પ્રબલ સાધના કરી હશે. નવકારના પ્રભાવે નયસાર ત્રીજા ભાવે ભગવાન ઋષભદેવના કુળમાં પૌત્ર તરીકે અને ભરત ચક્રવર્તીના પુત્ર તરીકે ઉત્પન્ન થયો. પોતાના દાદા તીર્થંકર અને પિતા ચક્રવર્તી અને પોતે એ જ અવસર્પિણી કાળના ચરમ તીર્થંકર અન્તિમ ભગવાન થવાના અને ભાવિમાં વાસુદેવ તથા ચક્રવર્તી પણ થવાના આ પ્રમાણે કેટલી ગજબની પુણ્યાઈ ઉપાર્જન કરી ! એ નયસાર ભગવાન મહાવીરનો જીવ હતો. ભાવિમાં છેલ્લે જઈને મહાવીર ભગવાન બન્યા પરન્તુ પહેલા ભવમાં નવકારથી જ બીજ વવાયા. બીજ વવાયા તો એક દિવસ ફળ ઉગ્યા ને ? જીવન તો ધન્ય બન્યું, પણ સાથે સાથે સમસ્ત જગતના જીવોને પણ ધન્ય બનાવી ગયા. સ્વયં તો તર્યા પણ અનેક ભવ્યાત્મા-ઓને પણ તારતા ગયા. નવકારનો આ ચમત્કાર ગણાય કે એક આત્મા નવકારના બીજથી સમ્યકત્વાદિ પામી અંતે તીર્થંકર બનીને મોક્ષે ગયા. આનાથી વધુ ઊંચો બીજો ચમત્કાર નમસ્કાર મહામંત્રનો શું હોઈ શકે ? આ અર્થમાં આપણા જેવા જીવો પણ નમસ્કારની સાધના કરી શકે તે માટે આ એક ઊંચી કક્ષાનો આદર્શ આપણી સામે રજુ કર્યો છે.

**નવકારની ત્રૈકાલિક સાધના**

સાધના અજર-અમર હોય છે. સાધના નથી મરતી. સાધનાનો અન્ત નથી આવતો. પરન્તુ સાધક સાધ્યને પામી જાય છે. સાધના સાધકને પૂર્ણ બનાવી દે છે. ગાડી માણસોને મુંબઈ પહોંચાડી દે છે; પછી ગાડી તો પાછી પણ ફરે છે. ગાડી તો રોજ દોડે છે. પરન્તુ વ્યક્તિ સાધક પોતાના ગન્તવ્ય સ્થાન-સાધ્યને પામી જાય છે. એટલે ગાડી છોડી દેવાની હોય છે. સાધના નિત્ય-શાશ્વત છે, માટે બધા જીવો માટે છે. નયસાર મહાવીર બનીને મોક્ષે ચાલ્યા ગયા. સાધ્યને પામી ગયા. પરન્તુ તેમની સાધનાનો માર્ગ તો આજે પણ છે. માટે સાધનાનો માર્ગ અજર-અમર સદાકાળ શાશ્વતો છે. આપણે સાધનાથી મતલબ છે. સાધ્યના આદર્શનું તો આલંબન લેવાનું છે. પછી આપણી સાધના પણ આપણને સાધ્ય સુધી પહોંચાડી દેશે. સાધના પૂર્ણ ત્યારે જ બને છે કે જયારે સાધકને સાધ્ય અપાવી દે છે. સાધ્યને પ્રાપ્ત કરવું એટલે સાધકનું અપૂર્ણમાંથી પૂર્ણ બનવું. અલ્પજ્ઞમાંથી સર્વજ્ઞ બનવું માટે સાધનાનો માર્ગ જગતમાં ત્રણે કાળમાં શાશ્વતો રહે છે. મહાવીર તો એક સાધક હતા. તેમને પણ આ શાશ્વત સાધના જે અનેકોના માધ્યમથી ચાલી આવી રહી હતી તે સાધના કરી અને એક દિવસ સાધનાની પૂર્ણાહૂતિ સ્વરૂપ ચરમ સાધ્યને પામી ગયા, પરન્તુ સાધ્યને પામી ગયા તે મહાવીર સાધનાને સાથે લઈને નથી ગયા. સાધનાનો માર્ગ તો જગતને આપતા ગયા છે, જગતમાંથી કોઈપણ સાધક આ સાધનાને કરશે તે સાધ્ય ને પામશે, એ સત્ય પણ સ્પષ્ટ કરતા ગયા.

નવકાર એક સાધના છે. ભૂત-વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળની દૃષ્ટિએ આ સાધના પણ શાશ્વત અજર-અમર છે. માટે નવકાર પણ અજર-અમર છે. અજર એટલે ન જન્મનાર અને અમર એટલે ન કદી પણ ન મરનાર. અજ-શાશ્વત સ્વરૂપ નવકારનું છે. માટે નવકાર સાધના સ્વરૂપે અજર-અમર શાશ્વત છે ? સાધના શું છે ? સાધનાએ સાધ્યને પામવાનો માર્ગ છે. સાધકને સાધ્યના ગન્તવ્ય સ્થાને પહોંચાડ-

નાર માર્ગ છે. સાધકને સાધ્યનો મેળાપ કરી આપનાર માધ્યમ છે. આવી સાધના તો સદાકાળ રહેશે. પરન્તુ સાધના ને કરનાર સાધક બનશે. માટે સાધકે વિચાર કરવાનો છે કે મારે સાધના કરવી કે નહીં ? જો સાધ્યને મેળવવા ઇચ્છતો હોય તો સાધના કરવાની; અને નહીં તો પછી જેવી ઇચ્છા....સાધ્યના નિર્ણય વિના સાધના સંભવ નથી. એમ સાધના વિના સાધક પણ બનાતુ નથી.

નવકાર મહામન્ત્રમાં પ્રયુક્ત "લોએ" અને "સવ્વ" શબ્દો નવકારની વ્યાપકતાને સૂચવે છે. 'લોએ' શબ્દ ભૌગોલિક સ્થિતિનો નિર્દેશ કરે છે. અને 'સવ્વ' શબ્દ સર્વ વ્યાપકતાનો નિર્દેશ કરે છે. ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત નવકાર ખરેખર સર્વવ્યાપક છે. નવકારનું સામ્રાજ્ય ચૌદેરાજ લોકના ત્રણે લોકમાં વ્યાપ્ત છે. નવકારનું અસ્તિત્વ ત્રણે લોકમાં છે. એનું રટણ-સ્મરણ સદા સર્વત્ર થતું રહ્યું છે, અને ચાલી રહ્યું છે. કયાં નથી ચાલતું ? નરકમા નવકાર ગણાઇ રહ્યો છે; તિર્ચ્છાલોકમાં મનુષ્યો-તિર્યંચો ગણી રહ્યા છે; અને ઉર્ધ્વ લોકના સ્વર્ગમાં ગણાઈ રહ્યો છે. નરકના અસંખ્ય નારકી જીવોમાંથી સંખ્યાત તો નવકાર ગણતા હશે એજ પ્રમાણ સ્વર્ગ-દેવલોકના પણ અસંખ્ય દેવતાઓમાંથી સંખ્યાત્ સમ્યકત્વો જીવો તો નવકાર ગણતા હશે ? અને એજ પ્રમાણે તિર્ચ્છા લોકના વ્યાપક ક્ષેત્રમાં તિર્યંચ પંચેન્દ્રિયો અલ્પ સંખ્યામાં પણ નવકારની સાધના કરતા હશે, અને એજ પ્રમાણે સંખ્યાત સંખ્યાવાલા મનુષ્યોની સંખ્યામાંથી પણ અલ્પ સંખ્યક મનુષ્યો પણ નવકાર ગણતા હશે ? આ પ્રમાણે ત્રણે લોકમાં નવકારની સાધના અવિરત છે. ભૂતકાળના અનન્તા વર્ષોમાં અનન્તા દિવસોમાં નવકારની સાધના થતી હતી. આજે થઇ રહી છે. અને ભાવિના અનન્તા વર્ષો સુધી પણ નવકારની સાધના થશે. કાળ જો અનાદિ અનન્ત શાશ્વત છે. તો તે કાળમાં રહેનાર નવકાર મહામંત્ર પણ અનાદિ અનન્ત શાશ્વત છે. ત્રણે કાળમાં નવકારની સાધના ચાલે છે; ચાલતી હતી; અને ચાલતીજ રહેશે. આને અટકાવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થતો.

માત્ર ચાલે જ છે એમ નથી પરન્તુ અવિરત–અખંડ–અને સતત ચાલે છે. ત્રણે લોક અને સર્વ ક્ષેત્રના જીવોની દષ્ટિથી વિચાર કરીએ તો સ્પષ્ટ ચિત્ર ઉભું થશે કે નરકમાં નવકાર ચાલી રહ્યો છે. શ્રેણિક કૃષ્ણાદિ અનેક જીવો જેઓ વર્તમાન કાળે નરકગતિમાં છે. અને નવકાર ગણી રહ્યા છે. તેમની સાધના ત્યાં ચાલુ છે. સ્વર્ગમાં દેવતાઓ નવકારની સાધના કરી રહ્યાં છે. તેજ પ્રમાણે તિર્ચ્છાલોકમાં અઢીદ્વીપના ૧૫ કર્મભૂમિક્ષેત્રમાં સેંકડો નર–નારીઓ નવકારની આરાધના સતત કરી રહ્યા છે. આ રીતે કાલિક દષ્ટિની સાથે ક્ષેત્રીય દષ્ટિને મેળવીને વિચાર કરવાનો છે કાલિક ક્ષેત્રીય ઉભય દષ્ટિએ સ્પષ્ટ સ્વરૂપે વ્યાપક રીતે જોતાં ખ્યાલ આવશે કે નવકારની સાધના કેટલી વ્યાપક છે. સમસ્ત ચૌદેરાજલોકના સર્વક્ષેત્ર અને સર્વકાળનો વ્યાપક દષ્ટિએ વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે એક દિવસ તો શું પણ એક કલાકનો પણ ખંડ નવકારની સાધનામાં સંભવ નથી. આપણે ત્યાં છઠ્ઠા આરામાં ધર્મલોપ થઇ જાય છે. ધર્મ જ નથી રહેતો તો પછી નવકાર ક્યાંથી ગણાય ? વાત બરોબર છે. આ પ્રશ્ન પણ તમારો સાચો છે પરંતુ આપણે માત્ર આપણા ભરતક્ષેત્રની દષ્ટિએ જ થોડી વાત કરી રહ્યા છીએ ? દષ્ટિને વ્યાપક બનાવો. ચૌદે રાજલોકના ત્રણે લોક અને અઢી દ્વીપ તથા મહાવિદેહ ક્ષેત્રાદિ સર્વક્ષેત્રની વ્યાપક દષ્ટિથી વિચાર કરશો ત્યારે ખ્યાલ આવશે. અને તો જ નવકાર મહામંત્રની સર્વવ્યાપકતા સમજાશે.

મહાવિદેહ ક્ષેત્રમાં શાશ્વત કાળ છે. ત્યાં સદાકાળ ચોથો આરો જ વર્તતો હોય છે. આપણે ત્યાં ભરત ક્ષેત્રમાં કાળ પણ પરિવર્તનશીલ છે. આરાઓ બદલાતા હોય છે. જ્યારે પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં કાળ અપરિવર્તનશીલ છે. આરા–કાળ ક્યારેય બદલાતો નથી. સદાકાળ નિત્ય–શાશ્વત સ્વરૂપે ચોથો આરો જ હોય છે. એટલે આપણે ત્યાં ભરતક્ષેત્રમાં જેવો ચોથો આરો હોય છે. એવા ચોથા આરા જેવો કાળ ત્યાં સદા હોય છે. અને ચોથો આરો સદા હોય છે માટે ત્યાં

ધર્મ પણ સદા નિત્ય શાશ્વત હોય છે. ધર્મ સદા હોય છે માટે ધર્મપ્રવર્તક, ધર્મસંસ્થાપક તીર્થંકર ભગવંતો વગેરે સદા–શાશ્વત હોય છે. અને આટલું બધું સદા શાશ્વત હોય તો પછી મોક્ષ અને મોક્ષપ્રાપ્તિ પણ મહાવિદેહમાં સદા–નિત્ય–શાશ્વત હોય છે. અને જો કાળ–ધર્મ–ભગવાન મોક્ષાદિ બધા ભાવો શાશ્વતા હોય તો પછી શું નવકાર અશાશ્વતો હોય? સંભવે ખરું? કારણ કે નવકાર વિના મોક્ષે કેવી રીતે જશે? નવકારથી અને એના થકી જ મોક્ષ સંભવ છે. શાસ્ત્રકાર મહર્ષિ સાફ કહે છે કે—

पत्ता पविस्संत्ति पावंति य परमपयपुरं जे ।
पंचनमुक्कारमहारहस्स सामत्थजोगेण ॥

—પરમ એટલે અંતિમ શ્રેષ્ઠ, પદ એટલે સ્થાન ક્ષેત્ર પરમપદ એટલે અંતિમ શ્રેષ્ઠપદ એવો મોક્ષરૂપ પુર એટલે નગર જે ભૂતકાળમાં પામ્યા છે, ભવિષ્યકાળમાં પામશે, અને વર્તમાનકાળે પામી રહ્યા છે તે સર્વે પંચપરમેષ્ઠિ નમસ્કાર મહારથના સામર્થ્ય યોગે જ પામ્યા છે, અર્થાત્ નવકાર વિના મોક્ષ પામવો સંભવ નથી. આ શ્લોકમાં ત્રણ કાળની ત્રૈકાલિક સત્તા નવકારની બતાવી દીધી છે. માત્ર નવકારની અસ્તિત્વવાચી સત્તા નહીં પણ નવકારની ફળપ્રાપ્તિકારક સક્રિય સત્તા બતાવી છે. નવકારથી મોક્ષ ભૂતકાળમાં પામ્યા છે. ભવિષ્યમાં પામશે. અને વર્તમાનમાં પણ પામી રહ્યા છે. એટલે નવકારને સામર્થ્ય યોગનો રથ કહીને ઉત્તમ ઉપમા આપી છે. જેમ રથ ગન્તવ્ય સ્થાન સુધી જવાને માટે સાધન છે, માધ્યમ છે, તેમ નવકાર પણ ગન્તવ્ય સાધ્ય સ્થાન મોક્ષપદને પ્રાપ્ત કરવા માટે સાધન છે. માધ્યમ છે.

આ પ્રમાણે ત્રણે કાળમાં નવકારની સત્તા સિદ્ધ થાય છે. ત્રણે લોકક્ષેત્રમાં નવકારની સત્તાસિદ્ધ થાય છે. અને માત્ર અસ્તિત્વપ્રધાન સત્તા નહીં સાધનારૂપ કૃતિત્વવાચી સક્રિયતા સિદ્ધ થાય છે. ચૌદરાજલોક ત્રણે લોક, સર્વક્ષેત્ર તથા સર્વકાળની કાલિક તથા ક્ષેત્રીય ઉભય દૃષ્ટિકોણથી વિચાર કરતાં નવકારની સતત–અખંડતા સિદ્ધ થાય છે.

ચારેય ગતિમાં નવકારની સાધના—




જીવોની દૃષ્ટિએ વિચાર કરતા સંસારમાં ચાર ગતિઓ છે. રોજ દેરાસરમાં આપણે જે સ્વસ્તિક એટલે સાથીઓ કરીએ છીએ તે સાથીઓ ચાર ગતિ સૂચક પ્રતીક છે. Symbol છે. ઉપરની જમણી પાંખ દેવગતિની સૂચક છે. અને ડાબી બાજુની પાંખ મનુષ્ય ગતિની સૂચક છે. નીચેની જમણી બાજુની પાંખ નરકગતિની અને ડાબી બાજુની પાંખ તિર્યંચ ગતિની સચક છે. આ રીતે ચૌદરાજલોકના સમસ્ત બ્રહ્માંડમાં જીવો ચારે ગતિમાં રહેલા છે. ચાર ગતિ સમસ્ત સંસારમાં વ્યાપ્ત છે. જગતમાં જે અનન્ત જીવો છે તે બધા આ

ચાર ગતિમાં જ રહે છે. દેવગતિમાં ચાર નિકાયના દેવતાઓ રહે છે. તે દેવગતિ કહેવાય છે. અને દેવલોક એ ઉર્ધ્વલોક સ્વર્ગ તરીકે કહેવાય છે. દેવલોકમાં નવકારની આરાધના વિષે જે વિચાર આપણે આગળ કરી ગયા છીએ તે જ વિચાર અહીં દેવગતિમાં સમજવો કારણુ કે દેવગતિમાં કે દેવલોકમાં જીવો તો એક ના એક જ છે. દેવતાઓ તો તે જ છે. દેવગતિ ગતિ સૂચક છે. દેવલોક ક્ષેત્ર સૂચક શબ્દ છે. બસ આટલો જ ફરક છે. દેવગતિમાં ઊંચામાં ઊંચા દેવલોક તરીકે પાંચ અનુત્તર દેવલોક ગણાય છે. જેની ગણતરી કલ્પાતીત દેવલોકમાં ગણાય છે. એમાં ઊંચામાં ઊંચી કક્ષાના સર્વોચ્ચ દેવતાઓ વસે છે. જેમનું આયુષ્ય ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે. (૧) વિજય (૨) વૈજયન્ત, (૩) જયન્ત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ એવા આ પાંચ નામો અનુત્તર સ્વર્ગના વિમાનોના છે. અહીં ઉત્પન્ન થનારા જીવો એકાવતારી હોય છે. અર્થાત્ બસ અહીંથી ઉતરીને મનુષ્ય ગતિનો એક ભવ કરીને ત્યાંથી સીધા મોક્ષે જતા રહેશે. આવી ઊંચી કક્ષાના દેવતાઓ મોટા ભાગે સમ્યગ્દૃષ્ટિ હોય છે. તે દેવતાઓ ભોગ-વિલાસમાં આસક્ત નથી હોતા પરન્તુ તત્ત્વ-ચિંતનમાં કાળનિર્ગમન કરતા હોય છે, એટલે એમની ચિંતન સાધનામાં સમ્યગ્ શ્રદ્ધામાં નવકાર એ વિષય બને છે. એ કક્ષાના દેવતાઓને પ્રમાદાદિ સેવન કરવું પસંદ નથી. નિદ્રા તો દેવગતિમાં જ નથી હોતી. એટલે સમ્યગ દૃષ્ટિ દેવતાઓ નવકારની સાધના કેટલી સુંદર કરતા હશે? "અનુત્તરોવવાઇય" (અનુત્તરોપપાતિક) નામના અંગસૂત્રમાં એવા દેવતાઓનું અદ્ભૂત વર્ણન છે.

નરકગતિ પણ નરકક્ષેત્ર અધોલોક સૂચક છે. નરક ગતિના નારકી જીવો એ અધોલોકમાં જ વસે છે. ત્યાં પણ નવકારની સાધના ચાલી રહી છે તેનો વિચાર આપણે કરી ગયા છીએ. મનુષ્યગતિનું ક્ષેત્ર માત્ર અઢી દ્વીપ પુરતું જ સીમિત છે. આ અઢી દ્વીપના મનુષ્યોની સર્વ-સંખ્યા મનુષ્ય ગતિમાં સમાઈ જાય છે. ક્ષેત્ર ભૌગોલિક શબ્દ છે. ક્ષેત્રના

સર્વ જીવોનો વાચી ગતિ શબ્દ છે. મનુષ્યગતિમાં પણ સદા કાળ નવકાર મહામંત્રની સાધના ચાલતી હોય છે.

તિર્યંચગતિમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા જીવોનો સમાવેશ થાય છે. દેવ–નારક અને મનુષ્ય સિવાયની જગતની સમસ્ત જીવ સૃષ્ટિ આ તિર્યંચ ગતિમાં ગણાય છે. કીડા–મકોડા–માખી–મચ્છર અમીબા–અળસીયા વગેરે તથા સમસ્ત પશુ પક્ષી આદિ બધા જીવોની ગતિની દૃષ્ટિએ તિર્યંચ ગતિમાં ગણતરી થાય છે. માટે એકેન્દ્રિય જાતિના પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાય એ બધા સ્થાવર જીવોની ગણતરી પણ એકેન્દ્રિય જાતિમાં ગણાય છે. વિકલેન્દ્રિયના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયના જીવો પણ તિર્યંચગતિમાં ગણાય છે. બેઇન્દ્રિયમાં અળસિયા, અમીબા, કરમીયા, શંખ શંખલા–છીપ વગેરેની ગણતરી થાય છે. 'તેઈન્દ્રિયમાં–કીડી, મકોડા, ઈયળ, ધનેડા, જૂ, લીખ, માકડ, વગેરેની ગણતરી થાય છે. ચઉરિન્દ્રિયમાં માખી, મચ્છર, ભમરા, તીડ વગેરે જીવોની ગણતરી થાય છે. અહીં સુધી અર્થાત્ એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવો સુધી તો નવકાર સંભવ જ નથી. અને અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવોના માટે પણ નવકાર સંભવ નથી. માત્ર સંજ્ઞિ સમનસ્ક પર્યાપ્તા પંચેન્દ્રિય જીવો જેમાં ગાય–ભેંસ, ઘોડા, હાથી, ઊંટ, બળદ, વગેરે જે પશુઓ છે તેમજ જલચર, ખેચર, સ્થળચર છે, અથવા તો પક્ષીઓ કાગડા, કબુતર, પોપટ, સમડી, વગેરે જીવો છે, અહીં સુધી નવકારની સાધના સંભવ છે.

સામાન્ય વિચાર કરતાં આ વાત ગળે ન પણ ઉતરે પરન્તુ તિર્યંચગતિના ઘણાં જીવો નવકારની સાધનાથી તરી ગયાના દાખલાઓ શાસ્ત્રોમાં આવે છે. નિમિત્ત મળવું જોઈએ તો પામી જાય છે. કલ્પસૂત્રમાં એ બળદોની વાત આવે છે. તે આ પ્રમાણે છે.


**નવકારથી સદ્‌ગતિ—**

ચાર ગતિઓ છે. સંસાર ચક્ર આ ચાર ગતિનો બનેલો છે. (૧) દેવ, (૨) મનુષ્ય, (૩) નરક અને (૪) તિર્યંચ ગતિ એ પ્રમાણે ચાર ગતિ પ્રસિદ્ધ છે. આ ચાર ગતિઓમાં સમસ્ત બ્રહ્માણ્ડના સર્વ જીવોનું વિભાજન કરવામાં આવ્યું છે. આ ચાર ગતિનાં સૂચક ચિહ્ન સાથીયામાં બે ગતિ ઉપર છે અને બે ગતિ નીચે છે. સાથીયાને આપણે અધવચ્ચેથી છૂટો પાડીને બે ભાગ કરીએ તો અર્ધો ઉપર રહે અને બીજો અર્ધો ભાગ નીચે રહેશે. આમાં ઉપરનાં અર્ધા ભાગમાં મનુષ્ય દેવ એક મનુષ્યગતિ ડાબી તરફ અને જમણી તરફ દેવગતિ એમ બે ગતિઓને સદ્‌ગતિ તરીકે સૂચવી છે. અને નીચેના ભાગમાં તિર્યંચ નરક ડાબી તરફ તિર્યંચની ગતિ તથા જમણી તરફ નરક ગતિ સૂચવી છે. આ બે ગતિઓની ગણતરી દુર્ગતિની દર્શાવી છે. સદ્‌ગતિમાં સદ્ શબ્દ શુભ–અથવા સારીના અર્થમાં વપરાયેલ છે. અને દુર્ગતિમાં 'દુર્' શબ્દ ખરાબ કે અશુભ અર્થમાં વપરાયેલ છે. એમ બે ગતિ શુભ–સારી છે માટે સદ્‌ગતિ કહેવાય. દેવ– અને મનુષ્યની ગતિ સુખવાળી સારી ગતિ છે. અને તિર્યંચ અને નરકની ગતિ દુઃખ વાળી દુર્ગતિમાં ત્રાસ–પીડા–વેદના આદિ અનેક પ્રકારના દુઃખની પ્રાધાન્યતા છે. જ્યારે સદ્‌ગતિમાં ધન–ધાન્ય–સંપત્તિ વૈભવ–ઐશ્વર્ય ભોગ–વિલાસ આદિ સુખ–શાંન્તિની પ્રાધાન્યતા હોવાથી સુખની ગતિના અર્થમાં સદ્‌ગતિ કહેવાય છે. જીવોનું એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન–આગમન તો સતત થતું જ હોય છે. આ ગમનાગમન જન્મ–મરણની પ્રક્રિયાના ફળ સ્વરૂપે છે. સંસારચક્ર છે. ચક્ર એ ગતિશીલ હોય છે. એટલે જન્મ-મરણના નિમત્તે ગત્યન્તર અને એકથી બીજી ગતિમાં ગમનાગમન તો સતત ચાલુ જ હોય છે.

**૪ ગતિમાં જીવોનું ગમનાગમન—**

સૂક્ષ્મ સ્વરૂપે ૪ ગતિઓમાં ગમના–ગમન આદિનું વર્ણન તો દંડક સૂત્રના ગતિ–આગતિ દંડક દ્વારમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે.

અહીં સંક્ષેપથી સ્થૂલસ્વરૂપે ચારે ગતિઓમાંથી જીવો કઇ ગતિમાંથી આવે છે અને કઈ ગતિમાં જાય છે તેનું સામાન્ય વર્ણન કરીએ. ગ્રંથ




વિસ્તાર ભયથી. આ ચિત્રમાં જોઇને સમજવાથી વધુ સરલ થઈ પડશે. પહેલા ચિત્રમાં ચાર ગતિની દિશા દર્શાવી છે. બીજા સ્વસ્તિકમાં મનુષ્ય ગતિના જીવો ચારે ગતિમાં જાય છે તે દેખાડ્યું છે. અર્થાત્ મનુષ્ય મર્યા પછી દેવતા પણ થઈ શકે છે, નરકગતિમાં પણ જઈ શકે છે, તિર્યંચગતિમાં જઇને પશુ-પક્ષી તરીકે પણ જન્મી શકે છે, અને અન્તે મનુષ્ય મરીને ફરીથી મનુષ્ય પણ થઈ શકે છે. એ પ્રમાણે મનુષ્ય ચારે ગતિમાં જાય છે. જન્મ લઇ ઉત્પન્ન થાય છે.

તિર્યંચના જીવોનો વિચાર કરીએ તો ત્રીજા ચિત્રના સ્વસ્તિકમાં બતાવેલ એરોવાળી લાઇનો જોવાથી ખ્યાલ આવશે કે તિર્યંચગતિના પશુ-પક્ષીઓ મરીને મનુષ્યમાં, દેવતામાં, નરકગતિમાં, અને અંતે તિર્યંચો મરીને ફરીથી તિર્યંચ ગતિમાં જ પશુ-પક્ષી તરીકે જ જન્મી શકે છે.

ચોથા સાથીયામાં દેવતાની ગતિ બતાવતા કહ્યું છે કે દેવગાત નો દેવતા મરીને કાં તો તિર્યંચ ગતિમાં પશુ–પક્ષીના ભવમાં ઉત્પન્ન થાય છે. અથવા તો પછી બીજી મનુષ્ય ગતિમાં જાય છે. એમ માત્ર બે ગતિમાં જ જઈને જન્મે છે. તેમાં પણ ૯૯% તો તિર્યંચગતિમાં જઈને ઉત્પન્ન થાય છે. કોઈ વિરલાજ માત્ર મનુષ્યગતિમાં આવીને ઉત્પન્ન થાય છે માટે જ મનુષ્ય જન્મને અત્યંત દુર્લભ જન્મ બતાવ્યો છે. મનુષ્ય ગતિને સર્વોત્તમ શ્રેષ્ઠ ગતિ બતાવી છે. દેવગતિને પણ સર્વોચ્ચ શ્રેષ્ઠગતિ નથી બતાવી. કારણ કે દેવ ગતિમાંથી મોક્ષમાં નથી જવાતુ. જ્યારે એકમાત્ર મનુષ્ય ગતિમાંથી જ મોક્ષે જવાય છે. માટે આ જ ગતિ પામવી શ્રેષ્ઠ છે. એ માટે મનુષ્ય જન્મ ઉત્કૃષ્ટ સર્વશ્રેષ્ઠ જન્મ છે. કિંમતિ છે. દુર્લભ છે. દેવલોકના દેવતાઓ પણ મનુષ્ય જન્મ માટે તરસતાં હોય છે.

અંતિમ પાંચમા સાથીયામાં નરક ગતિના નારકી જીવોનું ગમન બતાવતા કહ્યું છે કે–નારકી મરીને–તિર્યંચ ગતિમાં પશુ–પક્ષી તરીકે ઉત્પન્ન થાય છે. અને કોઈક વિરલા જ માત્ર મનુષ્યગતિમાં આવીને ઉપજે છે. આમ નરકના જીવો માત્ર બે ગતિમાં જ જાય છે. એ સિવાય બીજે ક્યાંય નથી જતા. આ પ્રમાણે ચારે ગતિના જીવોના ચાર ગતિમાં ગમન–આગમન, ગતિ–આગતિ સંબંધી અફર નિયમો આ પ્રમાણે શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યા છે. તે અપરિવર્તનશીલ છે. આ જ નિયમો પ્રમાણે ચારે ગતિમાં ગમના–ગમન ચાલતુ હોય છે. સંસાર ચક્રમાં જીવોનું એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જાતિમાંથી બીજી જાતિમાં અને એક ભવમાંથી બીજા ભવમાં આ નિયમો પ્રમાણે પરિભ્રમણ સતત ચાલતું હોય છે.

### ગતિસૂચક હેતુઓ અને પ્રવૃત્તિના આધારે ગતિઓ—

જીવની ગતિ–આગતિ તેના પોતાના કર્મના આધારે છે. બીજા કોઈના હાથમાં નથી. કોઈ ઉપરવાળો નથી કે બીજો કોઈ નિયન્તા નથી જે સંસારનું નિયંત્રણ કરતો હોય અને જીવોને એકથી બીજી

ગાતમાં પોતાની ઈચ્છા પ્રમાણે મોકલતો હોય એવું નથી. જીવોએ જેવા શુભાશુભ કર્મો કર્યા હોય તે પ્રમાણે જીવોની ગતિ આગતિ થતી હોય છે. દંડકશાસ્ત્રમાં ૩૪મી ગાથામાં સ્પષ્ટ કહેવું છે કે—',सव्वे उववज्जंति नियं नियं कम्माणुमाणेण'' ! બધાજ જીવો પોત-પોતાના કર્માનુસારે ઉત્પન્ન થાય છે, જન્મે છે, આવે છે, અને જાય છે. માટે જીવની ગતિ તેના કર્મના આધારે થાય છે. બીજા કોઈના પણ કારણે નહીં. આ સિદ્ધાન્ત સ્વીકારવામાં જ સમ્કત્વ –સત્યતા રહેલી છે.

કોઇ જ્યોતિષી કે બ્રાહ્મણ પંડિત હસ્તરેખાશાસ્ત્રી આદિને પૂછવાથી તે પણ નહીં જણાવી શકે કે જીવ કઈ ગતિમાંથી આવ્યો છે અને કઈ ગતિમાં જવાનો છે? હાથની કે પગની રેખાઓ જોઇને જ્યોતિષીઓ આ નિર્ણય નથી આપી શકતા. આ ગતિ–આગતિ વિષે ચોક્કસ તો શું પણ સામાન્યથી પણ નથી જણાવી શકતા. હાથની આયુષ્ય રેખા જ્યાં સમાપ્ત થઈ જાય છે ત્યાં સુધી જ ફક્ત જ્યોતિષીનું જ્ઞાન કામ કરે છે. બસ આયુષ્ય રેખા પ્રમાણે અંગુલીની ગણના કરીને તેટલા વર્ષો પ્રમાણેનું આયુષ્ય કહી શકે છે. પછી તો રેખાની સમાપ્તિના વર્ષો કે કાળમાં મૃત્યુને સૂચવી દે છે. પરન્તુ આ પણ અનુમાન છે. જ્યોતિષ–કે હસ્તરેખાશાસ્ત્રમાં શાસ્ત્ર વધારે ચોક્કસ-કામ કરે છે કે પછી અનુમાન વધારે કામ કરે છે? પ્રશ્ન જરૂર ઊભો છે. અનુમાનમાં અર્ધા–અર્ધા ટકા સાચા-ખોટા બન્ને પક્ષના હોય છે. માટે કંઈ જ સૌ ટકા સાચુ નથી કહી શકાતું માટે ભવિષ્યવાણીઓ સાચી પડે પણ ખરી અને ન પણ પડે. અને આ પ્રમાણે અનુમાનોથી પણ ભવિષ્યવાણી કરીને કહેવાનું હોય તો પણ ભૂતકાળની ગતિ તથા ભાવિ કાળની ગતિ પણ સચોટ નથી કહી શકતા. જ્યારે કલ્પસૂત્ર જેવા શાસ્ત્રશિરોમણી ગ્રંથમાં લક્ષણના આધારે અને પૂ. વાચક મુખ્ય ઉમાસ્વાતિજી મહારાજે સ્વરચિત "તત્ત્વાર્થાધિગમ" સૂત્રમાં લક્ષણ–પ્રવૃત્તિ તથા કર્મના આધારે જીવોની ગતિ બતાવી છે. તે ટુંકમાં આ પ્રમાણે છે—

(૧) નરકગતિ યોગ્ય આયુષ્યબંધના આશ્રવો—

सरागः सजनद्वेष्षी, दुर्भाषो मूर्खसङ्गकृत ।
शास्ति स्वस्यगता-ऽऽयातं, नरो नरकवर्त्मनि ॥

—તીવ્રરાગવાલો, સ્વજન-સંબંધી ઉપર દ્વેષવાળો, ખરાબ ગંદી અને અપશબ્દયુક્ત ભાષા બોલવાવાળો, તથા મૂર્ખની સોબત કરનારો આવા અનેક અશુભ લક્ષણવાળો માણસ એમ સૂચવે છે કે પોતે નરક ગતિમાંથી આવ્યો છે અને પાછો નરક ગતિમાં જવાનો છે. આ પ્રમાણે કલ્પસૂત્રની ટીકામાં વિનયવિજયજી મહોપાધ્યાયજી જણાવે છે. નરક ગતિમાં જવા માટેના બીજા આશ્રવ દ્વારા તત્ત્વાર્થકાર અને કર્મગ્રંથકાર આ પ્રમાણે જણાવે છે.

"बह्वारंभपरिग्रहत्वं च नारकस्यायुषः" । — તત્વાર્થસૂત્ર
'बंधइ निरयाउं महारंभपरिग्गहं रओरुद्दो ॥ — કર્મગ્રંથ

અત્યંત વધારે મહા પ્રકારનો વધારે પડતો આરંભ-સમારંભ કરવાથી જેવા વધુ પ્રમાણમાં જીવ વિરાધનાઓ થતી હોય, મહાપરિગ્રહ રાખવાથી તીવ્ર ક્રોધાદિ કષાયો કરવાથી, રૌદ્રધ્યાનના પરિણામવાળા, કૃષ્ણ લેશ્યાવાળા જીવો, હિંસાદિ પાપારંભની પ્રવૃત્તિમાં રત રહેનારા, પંચેન્દ્રિય જીવોનું વધ-હિંસાદિ કરનાર, મદ્ય-માંસાદિનું સેવન કરનારા જીવો, અત્યંત વિષયલોલુપી જીવો, મહામિથ્યાત્વી, મુનિ હત્યા કરનાર ઘાતક, મહાચોર, વ્રતઘાતક, રાત્રીભોજન કરવાથી, ગુણીજનોની નિંદા કરનાર, તીવ્ર મત્સર બુદ્ધિવાળા જીવો મોટા ભાગે નરક ગતિ ઉપાર્જન કરે છે અને નરકગતિનું આયુષ્ય બાંધી નરકમાં જાય છે.

(૨) મનુષ્યગતિ યોગ્ય આશ્રવ કારણો—

निर्दम्मः सदयो दानी, दान्तो दक्षः सद्य ऋजुः ।
मर्त्ययोनेः समुद्रभूतो, भविता च पुनस्तथा ॥

—દંભ રહિત માયાકપટ ન કરનારો, દયાળું દાનવીર ઉદાર સ્વભાવવાળો હોય, ઇન્દ્રિયોને વશમાં રાખનાર જિતેન્દ્રય, ડાહ્યો સજ્જન અને સરલ સ્વભાવી જીવ, વિશેષે કરીને મનુષ્ય ગતિમાંથી આવેલો જાણવો અને એવાજ લક્ષણો ફરીથી દેખાતા હોય તો ફરી મનુષ્ય ગતિમાં જશે એમ જાણવું.

"अल्पारंभरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य" । તત્વાર્થ સૂત્ર.
"पयइइ तणुकसाओ, दाणरुई मज्झिमागुणो अ" ॥ કર્મગ્રન્થ

અત્યંત અલ્પ જીવનાવશ્યક આરંભ–સમારંભ કરનારો હોય, સ્વભાવે વિનયી–વિનમ્ર, અને અત્યંત સરલ, ઋજુ સ્વભાવી હોય, નિર્દોષ કપટ રહિત હોય, તથા જેના ક્રોધાદિ કષાયો સાવ પાતળા પડી ગયા હોય, એવા અલ્પ કષાયવાળા જીવો, દાનાદિ પુણ્ય કાર્ય કરવાની રુચિવાળા જીવો, ક્ષમાદિ ભાવવાળા, મૃદુતાદિ મધ્યમ ગુણવાળા, જિન પૂજા ભક્તિમાં તત્પર રહેનારા, ધર્મધ્યાનમાં રહેનારા, કોઇને અન્યાય ન કરતાં–ન્યાયપ્રિય રહેનારા, ન્યાય–નીતિથી ધનોપાર્જન કરનારા, જયણા વાલી જીવરક્ષા સાચવનારા, સાધુ–સંતોનો આદર–સત્કાર તથા સેવા કરનારા ભદ્રિક પરિણામી, પારકી નિંદા–પંચાત ન કરનારા પરોપકારમાં પરાયણ, આવા અનેકવિધ લક્ષણ યુક્ત જીવો મોટા ભાગે મનુષ્ય ગતિ ઉપાર્જન કરીને મનુષ્યાયુ બાંધીને મનુષ્ય તરીકે ઉત્પન્ન થાય છે.

(૩) તિર્યંચ ગતિ યોગ્ય આશ્રવ હેતુઓ—

माया–लोभ–क्षुधा–ऽऽलस्य–बह्वाहारादिचेष्टितैः ।
तिर्यग्योनिसमुत्पत्ति, ख्यापयत्यात्मनः पुमान् ॥

તીવ્ર માયા–કપટ વૃત્તિવાલા, લોભી–લાલચુ, તીવ્ર ભૂખ, આળસ–પ્રમાદવાળા, અત્યંત ભૂખ ક્ષુધાવાળા, અત્યંત આહાર કરનારા, તીવ્ર આહાર સંજ્ઞાવાળા, આવા લક્ષણો જેમાં દેખાતા હોય તેને તિર્યંચ ગતિમાંથી આવેલા તથા ફરીથી પાછા તિર્યંચ ગતિમાં જવાના છે એમ સમજવું.

"माया तैर्यगयोनस्य" । तत्वार्थ सूत्र

"तिरिआउ गूढहिअओ, सढो ससल्लो तहा मणुस्साउ" । કર્મગ્રંથ

માયા-કપટ, છલ-પ્રપંચ દગો વિશ્વાસઘાત કરનારા, ગૂઢ, અને શઠ હૃદયવાળા, મૂર્ખ સ્વભાવી, શલ્ય સહિત પેટમાં પાપવૃત્તિ રાખનારા બીજાને ઠગનારા, શીયળ વિનાના, મિથ્યાત્વનો ઉપદેશ આપનારા, ખોટા તોલ-માન-માપ વડે વ્યાપાર કરનારા, કુકર્મની વૃત્તિ રાખનારા તથા તેની વાતો કરનારા, ભેળસેળ કરીને વેચનારા, ખોટી સાક્ષી પૂરનારા, ચોરી કરનારા, નિરંતર આર્તધ્યાનમાં રહેનારા, અત્યંત આહારાદિ કરનારા, આહારની તીવ્રસંજ્ઞા રાખનારા, ગમે એટલુ ખાય તો પણ ન સંતોષાય, ખાઉધરો નીલ અને કાપોત લેશ્યાવાલા જીવો મોટા ભાગે તિર્યંચ ગતિ બાંધીને તિર્યંચનું આયુષ્ય લઇને પશુ-પક્ષી તરીકે જન્મતા હોય છે.

(૪) દેવગતિ યોગ્ય આશ્રવ હેતુઓ—

सद्धर्मः सुभगो नीरूक्, सुस्वप्नः सुनयः कविः ।
सूचयात्यमनः श्रीमान्, नरः स्वर्गगमा-ऽगमौ ॥

—સુન્દર ધર્મારાધના કરનારા જીવો, સારા ભાગ્યશાલી, સૌભાગ્યશાલી, પુણ્યોપાર્જન કરનારા પુણ્યશાળી, નિરોગી કાયાવાળા, અને સ્વપ્નાઓ પણ સારા આવતા હોય, અને સુન્દર સારી સાચી નીતિ-રીતવાળા જીવો તથા કવિત્વ શક્તિ ધરાવતા કવિકલાવાળા પુરૂષો સ્વર્ગમાંથી આવ્યા છે અને પાછા સ્વર્ગમાં જવાના છે એમ સૂચવે છે.

"सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि देवस्य" । તત્વાર્થ

'अविरयमाइ सुराउं, बालतवोऽकामनिज्जरो जयइ" । કર્મગ્રન્થ

—સરાગસંયમ ચારિત્રની આરાધના કરનારા, અવિરતિવાન સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિધર શ્રાવક જીવનની આરાધનારાં કરનાર, અકામ નિર્જરા

કરવાથી, બાલતપ કરવાથી, અજ્ઞાનકષ્ટ સહન કરતા તપાદિ કરવાથી, દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાલા શુભધ્યાનાદિ સાધક, જિન-પૂજા ભક્તિ ધ્યાનાદિ કરનારા, સાધુ-સાધ્વીની સેવા-વૈયાવચ્ચ સન્માનાદિ કરનારા, શોક-સંતાપ ઘટાડવાથી, ગુણાનુરાગી, વ્રતપાલનાદિ નિયમધારી જીવો, જયણા પાળવાથી, જીવો ઉપરે દયા-અનુકંપાદિ કરવાની, તથા ગુરૂવંદનથી, લૌકિક. લોકોત્તર ગુણધારક જીવો દેવગતિયોગ્ય કર્મોપાર્જન કરે છે. અને દેવગતિનું આયુષ્ય લઈને સ્વર્ગે જાય છે.

આ પ્રમાણે કલ્પસૂત્રની ટીકા, તત્ત્વાર્થાધિગમસૂત્ર, અને કર્મગ્રન્થના આધારે લક્ષણાવલી તથા પ્રવૃત્તિ-સ્વભાવાદિ અનુસારે બંધાતા કર્મને અનુરૂપ જે ગતિ-તથા આયુષ્ય નિર્માણ થાય છે તેની સ્પષ્ટ વાત આ રીતે છે. જીવની પોતાની ગતિ-આગતિ પોતાના હાથમાં છે. પોતે જેવા કર્મ કરશે તેવી ગતિ મળશે. પરન્તુ આ સિદ્ધાન્ત જ્ઞાનથી વિપરીત માનવું એ મિથ્યાત્વ છે. અજ્ઞાન છે. જેમ કે—ઉપરવાળો આપણને એકથી બીજી ગતિમાં લઈ જાય છે આપણા આયુષ્યની જીવાદોરી ઇશ્વરના હાથમાં છે. એની ઇચ્છા મુજબ એ આપણને જ્યાં—જે ગતિમાં મોકલે ત્યાં જવું પડે છે. એ જેવું અને જેટલું આયુષ્ય આપે છે એટલા કાળ જીવવું પડે છે. રહેવું પડે છે. આ બધુ મિથ્યાજ્ઞાન છે. કર્મ સિદ્ધાંતથી વિપરીત વિચારધારા છે.

**સ્વર્ગવાસ—સાંસારિક વ્યવહારમાત્ર—**

લોક વ્યવહારમાં રોજના સેંકડો મરે છે અને લાખો જન્મે છે. સંસારચક્ર એનું જ નામ છે. જ્યાં ગતિશીલ ચક્રના આધારે જીવો એક ગતિમાંથી બીજી ગતિમાં સતત આવતા-જતા જ હોય છે. ઘરમાં પિતાના મૃત્યુ પાછળ પુત્ર છાપામાં જાહેરાત આપીને છપાવે છે કે-"મારા પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો છે." આપણે ઉપર સિદ્ધાંત મુજબ જોઈ ગયા તેમ જીવ માત્ર સ્વર્ગમાં જ નથી જતો. પરંતુ ચારે ગતિમાં જાય છે. નરકમાં પણ જાય છે. તો પછી નરકવાસ પણ લખી શકાય છે. તિર્યંચવાસ પણ લખી શકાય; અને મનુષ્યવાસ પણ લખી શકાય

છે. પરન્તુ આજ દિવસ સુધી આ પ્રમાણે નરકવાસાદિ શબ્દો લખતાં કોઇને પણ હજી સુધી જોયા નથી. બધા જ સ્વર્ગવાસ લખે છે. શું વાત છે? આ શબ્દથી શું એમ સમજવું કે જેટલા મરે છે તેટલા બધા જ સ્વર્ગમાં જ જાય છે. બધાનો વાસ (રહેવાસ–કે નિવાસ) શું એક માત્ર સ્વર્ગમાં જ થાય છે? સંસારમાં કોઈની પણ મૃત્યુ પાછળ સ્વર્ગવાસ લખવાનો પ્રચલિત રિવાજ જ થઈ ગયો છે. તો તો આ વિચાર મુજબ બધા જીવોની ભરતી એક માત્ર સ્વર્ગમાં જ થાય. બીજી બધી ગતિઓ તો ખાલી જ થઈ જાય. બીજે ક્યાંય કોઇ જીવ રહે જ નહીં.

પરંતુ આપણે લોકવ્યવહારની જ ભાષામાં આ વાતનો જવાબ જોઇશું તો રહસ્ય ખુલી જશે. પિતા–પુત્રાદિની મૃત્યુ પછી સગા-સ્નેહી-સ્વજન-મિત્રાદિ વર્ગને જ્યારે પત્ર લખાય છે ત્યારે તેમાં લખાય છે કે... "મારા પિતાશ્રી (પુત્રાદિ) નો સ્વર્ગવાસ થયો છે......" સંસારના વ્યવહાર મુજબ સગા સ્નેહીજનો જ્યારે પ્રત્યુત્તર આપે છે ત્યારે શું લખે છે? એ શબ્દો-વાક્યો મોટા ભાગે આ પ્રમાણે હોય છે-"તમારો પત્ર મળ્યો. તમારા પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો છે...તે ખરેખર ઘણું ખોટું થયું છે..., સાંભળીને અમને ઘણુ દુઃખ થયું છે......"! વિચાર કરો... જ્યારે તમે સ્વર્ગવાસ લખો છો, ચારે ગતિમાંથી સારામાં સારી સદ્‌ગતિનો વાચક સ્વર્ગવાસ શબ્દનો પ્રયોગ કરો છો. અને ઉત્તરમાં સગાવહાલા આ પ્રમાણે ઉત્તર આપે છે કે ઘણું ખોટું થયું છે. બહુ દુઃખ થાય છે. 'શું આ અને આવા ઉત્તરો વ્યાજબી છે.' હા. તમે નરકવાસ કે તિર્યંચવાસ લખ્યુ હોત અને એ સામેથી લખત કે ઘણું ખોટું થયું છે તો તો વાત ગળે પણ ઉતરે. પરંતુ તમે જ્યારે સ્વર્ગવાસ ઉત્તમ ગતિ સૂચક સારા શબ્દનો પ્રયોગ કરો છો તો પછી એ આવું શા માટે લખે છે? ખોટું થયું છે. વગેરે...! એના કરતા તો એમને એમ લખવું જોઈએ કે- તમારા પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો છે તે જાણીને બહુ જ આનંદ થાય છે. ખરેખર

ઘણું સારું થયુ કે તમારા પિતાશ્રી સ્વર્ગમાં જઇને વસ્યા... વગેરે... ! પરંતુ સંસારમાં આવી ભાષા પણ પ્રચલિત નથી. કોઈ લખે તો બિચારો મૂર્ખ ઠરે.

જો તમે સ્વર્ગવાસ લખો અને છતાં સામે વાળો સારૂ એમ ન લખી શકે અને ઘણું ખોટું થયું એમ જ લખતો હોય તો ક્યારેક ઉત્તર લખનારને જ પુછી તો જુઓ કે—ભાઈ! તમે આવું કેમ લખો છો ? ખોટું થયું કેમ લખો છો ? અમે જ્યારે સ્વર્ગમાં વાસ થયો એમ સારી ભાષા લખીએ છીએ, સારી સદ્‌ગતિ જણાવીએ છીએ છતાં પણ તમે ખોટું થયું કેમ લખો છો ? તો કદાચ સામેવાળો ઉત્તરદાતા કહી બેસશે. કે—શેના તારા બાપા સ્વર્ગમાં જાય ? તૂ તો હવે કાલનો છોકરો છે. તારા બાપ તો મારા મિત્ર હતા. અમે બન્ને સાથે રમતા-ઊઠતા-બેસતાં ફરતા અને ખાતા-પિતા હતા. મને સારી રીતે ખબર છે અને હું તારા બાપને સારી રીતે ઓળખું છું કે એ શું કરતા હતા ? ક્યાં જતા હતા ? કઈ હોટલમાં, કઈ કલબમાં ક્યાં શું કરતા હતા ? વગેરે બધી વાતની મને સારી રીતે ખબર છે. કારણ હું પણ ઘણી જગ્યાએ સાથે હતો એટલે ઓળખું છું. તો પછી દુનિયાભરના સેંકડો પાપ કરનારા સ્વર્ગમાં શેના જાય ? નરકમાં જવા જોઇતા હતા એટલા એમના પાપો હતા. અને તું દીકરો થઇને એમ લખે છે કે.... "મારા બાપાનો સ્વર્ગવાસ થયો છે." વગેરે.... તો પછી અમે પણ અકકલ તો રાખીએ છીએ ને ? ધર્મ સાંભળ્યો છે તો અમને પણ થોડીક ખબર તો પડે જ છે કે—આવા અને આટલા પાપો જિન્દગીભર કરનારા....આના બાપ સ્વર્ગમાં ક્યાંથી ગયા ? કેવી રીતે એકદમ સીધા સ્વર્ગમાં ગયા ? આ સાંભળીને આશ્ચર્ય થયું માટે અમે લખ્યું કે ઘણું ખોટું થયું છે. અને આ હકીકતથી અમને એમ લાગે છે કે ખરેખર આ તો ઘણું ખોટું થયું છે. નરકમાં જવા જોઈતા હતા તે વળી સ્વર્ગમાં ક્યાંથી ચાલ્યા ગયા ? માટે ખોટું થયું છે. એવું લાગે છે ? અને એટલે ભૂલમાં કદાચ નરકના બદલે સ્વર્ગમાં ચાલ્યા ગયા હશે ? એ જાણીને બહુ દુઃખ થાય છે.

હવે સગા સ્નેહીના જવાબોની પાછળનું રહસ્ય જાણીને શું તમને આશ્ચર્ય નથી લાગતું ? આ ભેદ—અને રહસ્ય એના ઉત્તરમાં છુપાયેલો છે. એટલે શું બાપના મૃત્યુ પછી બાપની ગતિ બેટાના હાથમાં છે? બેટો સ્વર્ગમાં મોકલે તો બાપ સ્વર્ગમાં જાય ? કે પછી બેટો જ્યાં મોકલે ત્યાં બાપ જાય ? બાપની ગતિની લગામ કે ઇજારો બેટો હાથમાં લઈને બેઠો છે ? ના....ના....આ તો માત્ર લોકાચાર છે. ઔપચારિક રિવાજ માત્ર છે. સ્વર્ગવાસ શબ્દ લખવો એ તો સંસારનો રિવાજ કે વ્યવહાર માત્ર છે. સારો શબ્દ પ્રયોગ છે એટલે પુત્ર પિતાના માટે સારો શબ્દ પ્રયોગ કરી લે છે. નરકવાસ-કે તિર્યંચવાસાદિ શબ્દો લખવા જરા અજુગતા લાગે છે. માટે સ્વર્ગવાસ શબ્દનો પ્રયોગ લોકવ્યવહારમાં પ્રચલિત થઈ ગયો છે. બાકી મરનારની ગતિ કંઇ પુત્ર-કે પૌત્રના હાથમાં નથી. એ તો જીવે પોતે જેવા શુભ-અશુભ પુણ્ય-કે પાપ કર્મ કર્યા હશે તેના આધારે તેની ગતિ થવાની છે. તે પ્રમાણે તે જીવ તેવી ગતિમાં જવાનો છે. "યથા મતિ તથા ગતિ"નો નિયમ છે. જે જીવની જેવી મતિ હશે તેવી ગતિ થશે. જીવનમાં પાપ કે પુણ્યની જેવી પ્રવૃત્તિ કરી હશે તેવી તેની ગતિ થશે. આગળ લખી ગયા તે મુજબ ગતિ અને આયુષ્યના લક્ષણો સમજી લેવા. તેના આધારે જે જીવની પ્રવૃત્તિ જે ગતિના અનુરૂપ હશે તેવી ગતિ તે જીવની થવાની કર્મ સિદ્ધાંત પ્રમાણે જગત ચાલે છે.

**નવકારના આધારે સદ્ગતિ**

સદ્ગતિ અને દુર્ગતિનો વિચાર આપણે આગળ કરી ગયા છીએ. નવકાર મહામંત્રનું રટણ-સ્મરણ જાપ આદિ મતિને નમ્ર સરલ બનાવે છે. જેથી પાપાદિની વિચારધારા ટળે છે અને દુર્ગતિમાંથી બચી શકાય છે. માટે સદ્ગતિ નવકારથી સંભવ છે. એક વાત બહુ મજાની આવે છે કે......

દેવલોકનો એક દેવતા તીર્થયાત્રાએ નિકળ્યો છે. અને પર્વત-માળામાં કોઈ જ્ઞાની-ગીતાર્થ સાધુ મહાત્મા કાઉસ્ગ ધ્યાનમાં ઉભા

છે, એ દેવતાની દષ્ટિમાં પડ્યા. જોઈને સદ્‌ભાવથી દેવતા દર્શન વંદનાર્થે મુનિ મહાત્મા પાસે ગયો· વંદનાદિક કરીને બેઠો. મહાત્મા કાઉસ્સગ્ગ ધ્યાન પૂર્ણ કરીને...ધર્મલાભ આપીને કરૂણા દષ્ટિથી સામે જોઈને પૂછે છે કેમ છો ભાગ્યશાળી ! શું વાત છે બોલો ? અચાનક દેવતાને મનમાં એવું સ્ફૂર્યું કે... હું મારી આગામી ગતિ વિષે આ જ્ઞાની મહામાને કંઇક પૂછું... હે કૃપાળુ ભગવન ! મૃત્યુ પછી મારી શી ગતિ થશે ? હું કયાં જવાનો છું ? કયો જન્મ મારે ધારણ કરવાનો છે ? વગેરે આપ કૃપા કરીને જ્ઞાનયોગથી જણાવો તો લાભ થશે ! (જો કે દેવતા જન્મથી અવધિજ્ઞાની હોય છે. સ્વયં બધું જાણી શકે છે. ઉપયોગ મૂકીને જોઈ-જાણી શકે છે.) છતાં પણ ભક્તિભાવથી જ્ઞાની મહાત્મા પાસેથી જાણવાનું મન થયુ અને પૂછયું ? પરન્તુ જ્ઞાની મહાત્માએ માટે સંસારના લોકવ્યવહારનો સાર “સ્વર્ગવાસ”નો ઉત્તર નથી આપ્યો ?



શેનો આપે પણ ? સ્વર્ગવાસી તો સ્વયં દેવતા છે જ. પછી સ્વર્ગ-વાસનો પ્રશ્ન જ ક્યાં ઉત્પન્ન થાય છે ? મુનિ મહાત્માએ પોતાના જ્ઞાનયોગથી ઉપયોગ મૂકીને હકીકત જણાવતાં કહ્યું ભાગ્યશાળી ! આ પ્રશ્નનો ઉત્તર જો તમને આપીશ તો તે સાંભળીને બહુ દુઃખ થશે. ખોટું લાગશે. માટે તમે આ પુછવાનું રહેવા દો.

દેવ—નહીં ભગવન્ ! ખોટું કર્યું હશે તો તે પ્રમાણેની ગતિ થશે એમાં ખોટું લાગશે તો તે લગાડીને પણ શું કરવું છે ? આપ તો ફરમાવો.

મુનિ—સારૂં. સાંભળ ત્યારે. આ તમારો દેવ ભવ હવે સમાપ્તિને આરે છે. અને તમે આ દેવ ભવ પૂરો કરીને મૃત્યુ પામીને તિર્યંચ ગતિમાં જશો. મોટા ભાગના દેવતાઓ તિર્યંચ ગતિમાં જાય છે. કારણ કે દેવતા નરકમાં તો જાય નહીં, પાછો તરત દેવ બને નહીં આ નિયમ પ્રમાણે ૨ ગતિના દરવાજા તો તમારા માટે બંધ જ થઈ ગયા છે. એટલે હવે માત્ર બે ગતિ મનુષ્યની અને તિર્યંચની ખુલ્લી છે. મનુષ્યની ગતિમાં તો સીમિત-મર્યાદિત જ સંખ્યા છે. માત્ર સંખ્યાતા જ જીવો, મનુષ્ય ગતિમાં જાય છે. અને તેમાં પણ કોઈ વિરલાજ પ્રબલ ઉત્કૃષ્ટ પુણ્યશાલી જીવો જ મનુષ્ય ગતિમાં જાય છે, બાકી ૯૯ ટકા દેવતા મરીને તિર્યંચ ગતિનું થાળું પૂરે છે. અને બીજુ મનુષ્યમાં તો ચારે ગતિમાંથી બધેથી જીવો આવતા જ હોય છે. તમારા અશુભ કર્મોપાર્જનના કારણ તમે તિર્યંચગતિમાં જશો અને તેમાં પણ એક વાંદરા તરીકે વિન્ધ્યાગિરિ પર્વતમાળાની શૃંખલામાં ઉત્પન્ન થશો. એવુ મને મારા જ્ઞાનયોગમાં દેખાય છે. સંભવ છે કે તમને પણ ઉપયોગ મૂકતા સ્પષ્ટ દેખાશે.

દેવતા—આ સાંભળીને જ સખેદ વિસ્મયમાં પડી ગયા. અરે ! ભગવન્ ! ગજબ થઇ ગયો. આવી તો મેં કલ્પના પણ નહોતી કરી, હવે મારું શું થશે ? અરે ! રે ! વાંદરાના ભવમાં હું શું કરીશ ? અરેરે....!

મુનિ—ભાગ્યશાળી ! કંઈક કરવું હોય તો તેના માટે તો તિર્યં-ચની ગતિમાં પણ ઘણું થઈ શકે છે. તમે શું કરવા ગભરાવો છો ?

દેવતા—હે પરમ કરુણાસાગર કૃપાલુ ! આપજ ઉપાય બતાવો કે જેથી આ વાનર ભવમાંથી બચી શકાય.

મુનિ—જુઓ ભાઇ ! સર્વથા ગતિમાંથી જ બચવું કેવી રીતે સંભવ છે ? તમે ઉપાર્જન કરેલ છે, તમારા અશુભ કર્મોના આધારે ઉપાર્જન છે તો પછી તમારે જવું તો પડશે જ.... જન્મ તો લેવો જ પડશે. કોઇ ઉપરથી બ્રહ્મા-વિષ્ણું કોઇ આવવાના નથી. કોઈ તમારી ગતિને બદલવાનું નથી. જીવે જે પાપ-પુણ્ય કર્યા હોય તે તો તેને ભોગવે જ છૂટકો.

એટલે કહ્યું છે કે—"कडाण कम्माण न मोकखोत्ति" કરેલા કર્મથી કોઈ છૂટકારો નથી. "कृतं कर्म अवश्यमेव भोक्तव्यम्" કરેલા નિમચિત કર્મો તો અવશ્ય ભોગવવાજ પડે છે. કર્યા કર્મ ભોગવ્યા વિના કોઈ છૂટકારો નથી. માટે તમારી બાંધેલી ગતિ તમારે જ ભોગવવાની છે.

દેવ—ભગવન્ ! આ ગતિમાંથી ન છૂટી શકું તો પછી આ ગતિમાં ગયા પછી હું શું કરીશ ? હું ત્યાં એવું તે શું કરું કે જેથી ફરી ઉપર ઊઠી શકું ? ભગવન્ ! કોઇ ઉપાય બતાવો.

મુનિ—હા. ભાગ્યશાળી ! એ ઉપાય છે. જૂઓ તમે તમારો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને અત્યારે તમારા ઉત્પત્તિ સ્થાને જાઓ. અને પર્વતમાળાની ખીણો, શૃંખલાઓમાં ગિરિકન્દરાઓમાં, તેમજ મોટી શીલાઓ ઉપર ચારે બાજુ નવકાર મહામંત્ર લખી દો. જેટલું બને એટલું ચારે બાજુ લખો. ઝાડના મોટા થડો ઉપર લખી દો. અને નીચે એક તરફ વાંદરાનો, એક તરફ તમારો દેવ તરીકેનો ચિત્ર અને વચ્ચે મુનિ આકૃતિ એમ દોરી દો. અત્યારે તો તમે દેવ છો. વૈક્રિય શક્તિ છે. બધું જ છે માટે અત્યારે તો તમે બધું કરી શકશો..... અને હા....આટલું બધું કર્યા પછી હવે આ ભવનો જેટલો શેષ કાળ છે તેમાં સતત નવકારનું સ્મરણ-જાપ આદિ કરો.

દેવ—હે ભગવન્ ! આ બધું કર્યા પછી આનાથી શી રીતે લાભ થશે ? અને કેવો લાભ કેવી રીતે થશે ? તે પણ ફરમાવો ?

મુનિ—જૂઓ ભાગ્યશાળી ! તમે જ્યારે વાંદરા થઇને ત્યાં પર્વતમાળામાં ફરશો. એટલે નવકાર મહામંત્ર, વાંદરાનું, દેવનું ચિત્ર વગેરે જોઇને વિસ્મય પામશો, ચારે બાજુ એજ....વસ્તુ જોવા મળશે....એટલે આ શું છે ? એવો ઉહાપોહ થશે. અને એનાથી વાંદરાના ભવમાં જાતિ સ્મરણ-પૂર્વજન્મની સ્મૃતિનું જ્ઞાન પ્રગટ થશે. અને એ જ્ઞાન થતાં જ તમારી આંખ સમક્ષ આ દેવનો ભવ સ્પષ્ટ દેખાશે. આ નવકાર જેની આરાધના અહીંયા આ ભવમાં સતત કરી હશે તે સ્મૃતિપટલ ઉપર તાજી થશે, અને એથી તમને વાંદરાના ભવમાં પણ નવકાર વગેરે બધુ આવડી જશે. બસ આટલુ જ કરવાનું છે. પછી તો બધુ સ્વયં થતું જશે. અને વાંદરાના ભવમાં પણ તમે નવકાર મહામંત્રનું સતત—સ્મરણ-રટણ જાપ આદિ કરશો. આ રીતે નવકાર થકી ફરી તમારો ઉદ્ધાર સંભવ થશે.

દેવ—સ્થિરતા પૂર્વક બધું સમજી ગયો....આશા બંધાણી, વાંદરાના ભવમાંથી પણ તરવાનો ઉપાય સમજાઈ ગયો. સમજ્યા પછી વિલંબ શા કામનો ? હવે આળસ કરી તો આ ભવ અને આવતો ભવ બન્ને હાથમાંથી ગયા સમજજો. આળસ-વિલંબમાં આખી બાજી હાથમાંથી ચાલી જશે.

દેવતા પર્વતમાળાની શૃંખલામાં ગયો. અને પોતાની વૈક્રિય શક્તિથી ચારે બાજુ મુનિવરની સૂચના મુજબ બધું જ લખતો ગયો. નવકાર લખાઈ ગયા ચિત્રો ચિત્રાઈ ગયા. અને સ્વર્ગમાં જઈને શેષ દેવભવના આયુષ્ય કાળમાં નવકાર મહામંત્રની સતત ઉપસના કરવા લાગ્યો. હવે તો વધુ ઇન્તેજારીથી કરવા લાગ્યો. કારણ આવતો ભવ સુધારવાની બાજી આ ભવમાં હાથમાં છે. આ છે નવકારની સાધના. આ ભવ તો હાથમાં છે જ... આ ભવ તો ઘણાં સુધારી શકશે. પરંતુ નવકાર જેવો મહામંત્ર હાથમાં હોય તે જીવ આવતો ભવ પણ સુધારી

શકે. ખૂબ મન પૂર્વક દેવતા નવકારનું રટણ કરે છે. સતત સ્મરણ ચાલ્યું. ભાવપૂર્વક ચાલ્યું. વાનરના ભવમાં પણ મને આ નવકાર મહામંત્ર યાદ આવે અને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થાય અને તિર્યંચગતિના ભવમાં પણ નવકાર પામી શકું, ગણી શકું, વગેરેની તૈયારી ઉપયોગ અને એકાગ્રતા પૂર્વક અહીં આ ભવમાં કરવા લાગ્યો.

અન્તે નવકારમય જીવન બનાવી દીધું. તન્મયતા, તાદાત્મ્યતા અને તદાકારકતા લાવી. અને મૃત્યુ પામી દેવતા તિર્યંચગતિમાં ગયો. વાંદરા તરીકે ત્યાં જન્મ્યો. બાલ્યકાળ વીત્યું. વાંદરા તરીકે કૂદાકૂદ કરવી અને ઝાડના ફળ-ફૂલ વગેરે ખાતો-પીતો જીવન નિર્વાહ કરી રહ્યો હતો. તિર્યંચ ગતિ છે, પશુનો જન્મ છે. આહારની સંજ્ઞા પ્રબલ હોય. બીજું તો શું થાય? શું સંભવ છે? પરંતુ પૂર્વભવથી જ જે બધી તૈયારી કરીને આવ્યો હોય તેને શું પ્રશ્ન હતો? થોડોક મોટો થયો. અહીં તહીં કૂદાકૂદ કરતા એક દિવસ એક શીલા પાસે બેઠો. શીલા ઉપર લખેલ નવકાર મહામંત્ર, તથા ચિત્રો જોવા લાગ્યો, સ્તબ્ધ બની ગયો. અને કૂદાકૂદ કરતો જ્યાં જાય ત્યાં ચારે બાજુ આજ નજરે પડે આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. વિચારોના વમળમાં સપડાઇ ગયો શું છે? શું હશે? આ ચિત્ર શું? કોનું ચિત્ર છે? આ શું લખ્યું છે? આ બાજુ આ પુરૂષ કોણ ઉભો છે? વિચારોનો પ્રવાહ વધતો ગયો. શું પ્રશ્ન રૂપી ચાવીએ અંદરનો જ્ઞાનનો દરવાજો ખોલ્યો. ઉહા-પોહ વધતો ગયો અને સ્મૃતિ ઉપરના આવરણો ખસવા માંડ્યા. અને જાતિસ્મરણ જ્ઞાન વાંદરાને પ્રાપ્ત થયું. પૂર્વજન્મની સ્મૃતિ તાજી થઇ. પૂર્વજન્મના દેવતા--મુનિ....નવકારનું રટણ....વગેરેના ચિત્રો ટી.વી.ના પરદાની જેમ આત્માના જ્ઞાન પરદા ઉપર સ્પષ્ટ દેખાવા માંડ્યા--જે નવકારનું સ્મરણ પૂર્વે કર્યું હતું તે સ્મરણ તાજું થઇ ગયું. વાંદરો આંખ મીંચીને નવકાર રટવા લાગ્યો....બસ....કામ થઇ ગયું....જેનો આત્મા જાગૃત થઈ ગયો હોય તેને ફરી જગાડવો નથી પડતો. સૂતાને જગાડાય, જાગતાને નથી જગાડાતો. પૂર્વ જન્મની સાધના સફળ થઇ.

વાંદરાએ થોડાકાળમાં અનશન ધારી લીધું. નવકારમય જીવન, તિર્યંચગતિમાં બનાવી દીધું. અને નવકારનું સ્મરણ કરતો મૃત્યુ પામી ફરીથી દેવગતિમાં ગયો. હવે ફરી નવકાર. ગણવાનો સામર્થ્ય. બલ, શક્તિ આદિ પ્રાપ્ત કર્યા આ રીતે નવકાર મહામંત્રથી જાણે સદ્-ગતિ પામી શકાય છે. દુર્ગતિથી બચી શકાય છે. દુર્ગતિમાં પણ કંઇ સાધી શકાય છે દુર્ગતિથી ફરી સદ્‌ગતિમાં આવી શકાય છે. એક નવકારની સાધના આ ભવ અને આવતો ભવ બંને સુધારી શકે છે.

આ નવકાર મહામન્ત્રનો મહિમા અનેરો અદ્‌ભુત છે. આપણે પણ આપણા જીવનમાં નવકારની સાધના કરીએ. સાચા અર્થમાં સાધક બનીએ.... અને સદ્‌ગતિ સાધીએ. આ ભવ અને આવતો ભવ સુધારીએ એવી જ શુભાભિલાષા સાથે........

(આગળ ક્રમશઃ)

णमो अरिहंताणं......।

णमो सिद्धाणं......॥



॥ શ્રી ચિન્તામણી પાર્શ્વનાથાય નમઃ ॥

## પ. પૂ. મુનિરાજ શ્રી
## અરૂણવિજયજી મ. સા.

આદિ મુનિમંડળની
પવિત્ર નિશ્રામાં

શ્રી છોટુભાઈ કાનજીભાઈ કોઠારી * વિ. સં. ૨૦૪૪માં

## શ્રીસાબરમતી(રામનગર)જૈનશ્વે.મૂ.પૂ.સંઘ

અમદાવાદ

ના ઉપક્રમે શ્રી સંઘ દ્વારા આયોજિત

## ચાતુર્માસિક રવિવારીય ધાર્મિક
## શિક્ષણ શિબિર

ના અંતર્ગત ચાલતી

## શ્રી નમસ્કાર મહામંત્ર

## રવિવારીય સચિત્ર પ્રવચનમાળા

ની પ્રસ્તુત પ્રકાશિત પુસ્તિકા

શેઠશ્રી છો શિક્ષણ શિબિભાઈ કોઠારી

ના અંતર્ગત ચાલતી

આબુરી ી નમસ્કાર મહામ અમદાવાદ

છીય સચિત્ર પાવી છે.

PRINTED BY DILA AHD. PH. 380067 BOM. PH. 313897